પંડિતશ્રી વીરવિજયજી કૃત

# શ્રી સ્નાત્ર-પૂજા

## [અર્થ સહિત]

卐

: સંયોજક :

સ્વર્ગસ્થ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
વિજય કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ

: પ્રકાશક :

સ્મૃતિ ગ્રંથ સમિતિ
C/o. ધીરજલાલ વેલજી ગુઢકા
૧૭૨/ડી મોતીશા લેન,
મોતીશા જૈન પાર્ક, ભાયખલા,
મુંબઈ-૪૦૦ ૦૨૭

#卐 શ્રી સ્નાત્ર પૂજા 卐

( વિધિ તથા અર્થ સહિત )

દ્રવ્ય પ્રાણો અને ભાવપ્રાણોને

જિનભક્તિ વડે

રંગનારૂં

સરળ મનનીય પુસ્તક

—: સંગ્રાહક :—


પ. પૂજ્ય અધ્યાત્મયોગી પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણીવર્યના શિષ્યરત્ન પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્

**વિજય કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ**


—: પ્ર....કા....શ....ક :—


**સ્મૃતિ ગ્રંથ સમિતિ**

C/o ધીરજલાલ વેલજી ગુઢકા

૧૭૨/ડી. મોતીશા લેન, મોતીશા જૈન પાર્ક

ભાયખલા મુંબઇ–૪૦૦૦૨૭

પ્રાપ્તિસ્થાન :—

૧ સોમચંદ ડી. શાહ

જીવન નિવાસ સામે,

પાલીતાણા (સૌરાષ્ટ્ર)

↕

૨. પાર્શ્વનાથ જૈન પુસ્તક ભંડાર

તળેટી રોડ, કુવારા પાસે,

પાલીતાણા (સૌરાષ્ટ્ર)

મૂલ્ય—રૂપિયા ત્રણ

વિ. સંવત ૨૦૪૦

મુદ્રકઃ—પલક ટાઇપ સેન્ટર

નગરશેઠનો વંડો

અમદાવાદ-૧

# પ્રકાશકીય

સમગ્ર જીવનને શ્રી જિન ભક્તિ વડે પૂરેપૂરું રંગીને અણુએ અણુમાં વ્યાપી ગયેલી ભવ ભક્તિને સર્વથા નાબૂદ કરવા માટે જેઓથીએ અખંડ જિન ભક્તિમય જીવન દીપાવ્યું, તે પ્રાતઃસ્મરણીય ગુરુદેવ પ. પૂ. પંન્યાસજી ભગવંત **શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરશ્રીની** કૃપાના અમૃતને પામીને કૃતાર્થ બનેલા પ. પૂ. આચાર્ય દેવ **શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજાના** પંચાચારપૂત જીવનમાં પણ શ્રી જિનભક્તિ મઘમઘતી હતી.

વિષયો વિષ કરતાં ખરાબ છે

કષાયો લાવારસ કરતાં વધુ ભયંકર છે

જીવના આ બે મહાશત્રુઓને મહાત કરવાની અમોઘ શક્તિ શ્રી જિનભક્તિમાં છે

સ્નાત્ર–પૂજામાં એ ભક્તિ સોળે કળાએ ખીલેલી છે તેમાં પરોવાઈને રંગાઈ જઈને ભાગ્યશાળીઓ પણ શ્રી જિન ભક્તિમય જીવનના રસિયા બને એવી મંગળ ભાવના પૂજ્ય શ્રી ના દરિયાલ દિલમાં હતી

તે ભાવનાને આ પુસ્તક સાકાર કરે છે.

કાળ કપરો છે. તેની ઢાળ લપસણો છે. પાડનારાં નિમિત્તો બેસુમાર છે. એવા આ સમયમાં પ્રકાશિત થતા આ પુસ્તકનું મહત્ત્વ આપો આપ વધી જાય છે.

શક્રેન્દ્ર તેમજ બીજા દેવ દેવીઓ દેવ લોકના દૈવી સુખ છોડીને શ્રી જિન ભક્તિ કરવા માનવ લોકમાં દોડી આવે છે તે ઘટના જ એવી છે કે, ઘાસ જેવા તુચ્છ સાંસારિક સુખો છોડીને આપણને ભાતવપૂર્વક શ્રી જિનભક્તિમાં રંગાઈ જવાની પ્રેરણા મળી રહે.

દિવંગત પ. પૂ. આચાર્ય દેવના સ્વ પર મંગળકારી સદાશયને લક્ષ્યમાં રાખીને આ પુસ્તકના પાને પાને વહી રહેલી શ્રી જિન ભક્તિની ગંગાની લહેરોમાં ભાવસ્નાન કરવાની તાલાવેલી સહુના હૃદયમાં જાગો.

રોમ-રોમે જિન ભક્તિના દીવા પેટાવતું આ પુસ્તક પ્રકાશિત કરતાં અમે અનહદ આનંદ અનુભવીએ છીએ.

# શ્રી સ્નાત્ર પુજા વિધિ અર્થ સાથે

## અનુક્રમણિકા


| અનુક્રમણિકા | પેજ |
|---|---|
| શ્રી નમસ્કાર મહામંત્ર... | ૧ |
| પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિઓ... | ૨ |
| શ્રી સ્નાત્ર–પૂજા સાર્થ... | ૧૦ |
| શ્રી જિનપૂજાની સાત શુદ્ધિ... | ૨૯ |
| અષ્ટ પ્રકારી પૂજાના દુહા... | ૩૩ |
| શ્રી શાંતિ કળશ... | ૪૭ |
| ચૈત્યવંદનો... | ૫૬ |
| સ્તવન સંગ્રહ... | ૬૨ |
| થોયો... | ૯૭ |
| ભાવના ગીતો... | ૧૦૪ |



પૂજ્ય આચાર્ય શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજા

દિક્ષા વિ. સં. ૧૯૯૮

ાળધર્મ-ફાગણ સુદ ૪, વિ. સં. ૨૦૩૯, તા. ૧૭-૨-૧૯૮૩

## श्री पंचपरमेष्ठि—नमस्कार—महामंत्र

नमो अरिहंताणं ॥ १ ॥

नमो सिद्धाणं ॥ २ ॥

नमो आयरियाणं ॥ ३ ॥

नमो उवज्झायाणं ॥ ४ ॥

नमो लोए सव्वसाहूणं ॥ ५ ॥

एसो पंचनमुक्कारो ॥ ६ ॥

सव्वपावप्पणासणो ॥ ७ ॥

मंगलाणं च सव्वेसिं ॥ ८ ॥

पढमं हवइ मंगलम् ॥ ९ ॥

**અર્થ**: અરિહંતોને નમસ્કાર.

સિદ્ધોને નમસ્કાર

આચાર્યોને નમસ્કાર

ઉપાધ્યાયોને નમસ્માર.

લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર.

આ પાંચને કરેલો નમસ્કાર સર્વ પાપનો પ્રણાશ કરે છે અને સર્વ મંગલોમાં તે પ્રથમ મંગલરૂપ છે.

---

## પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિઓ

પ્રભુ દરિશન સુખ સંપદા, પ્રભુ દરિશન નવનિધ;
પ્રભુ દરિશનથી પામીએ, સકલ પદારથ સિદ્ધ. ૧

ભાવે જિનવર પૂંજીએ, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવલજ્ઞાન. ૨

જીવડા જિનવર પૂંજીએ, પૂજાનાં ફળ હોય;
રાજા નમે પ્રજા નમે, આણ ન લોપે કોય. ૩

ફૂલડાં કેરા બાગમાં, બેઠા શ્રી જિનરાજ;
જેમ તારામાં ચંદ્રમા, તેમ શોભે મહારાજ. ૪

---

પ્રભુનાં દર્શન કરવાથી સુખ-સંપત્તિ મળે છે. પ્રભુનાં દર્શનથી નવ નિધિઓ મળે છે, પ્રભુનાં દર્શનથી સર્વ પદાર્થો સિદ્ધ થાય છે-મળે છે. ૧

શ્રી જિનેશ્વરની પૂજા ભાવપૂર્વક કરીએ, ભાવપૂર્વક દાન આપીએ, ભાવપૂર્વક ભાવનાઓ ભાવીએ. કેવલજ્ઞાન ભાવથી થાય છે. ૨

હે જીવ ! જિનેશ્વરની પૂજા કર. પૂજાનાં ફળ ઘણાં છે. તેના ફળરૂપે રાજા અને પ્રજા નમસ્કાર કરે છે. કોઈ આજ્ઞાનો લોપ કરતું નથી અર્થાત્ ભગવાનની પૂજા કરનાર વ્યક્તિની બધા આજ્ઞા માને છે. ૩

જાણે જિનેશ્વરદેવ ફૂલના બગીચામાં બેઠેલા ન હોય ! જેમ તારાઓની વચ્ચે ચંદ્ર શોભે તેમ પરમાત્મા શોભી રહ્યા છે. ૪

વાડી ચંપો મોરીયો, સોવન પાંખડીએ;
પાર્શ્વ જિનેશ્વર પૂજીએ, પાંચે આંગળીએ. ૫
ત્રિભુવનનાયક તું ધણી, મહા મોટો મહારાજ;
મોટે પુણ્યે પામીઓ, તુમ દરિસણ હું આજ. ૬
આજ મનોરથ સવિ ફળ્યાં, પ્રગટયાં પુણ્યકલ્લોલ;
પાપ કરમ દુરે ટળ્યાં, નાઠાં દુઃખ દંદોલ. ૭
પંચમ કાળે પામવો, દુર્લભ પ્રભુ દેદાર;
તો પણ તારા નામનો, છે મોટો આધાર. ૮
પ્રભુ નામકી ઔષધિ, ખરા ભાવથી ખાય;
રોગ પીડા વ્યાપે નહિ, મહા દોષ મીટ જાય. ૯

---

વાડીની અંદર સોના જેવી પાંખડીવાળા ચંપાના ફૂલ મોર્યા છે—ખીલ્યા છે. શ્રી પાશ્ર્વનાથ જિનેશ્ર્વરની પાંચે આંગળીએ પૂજા કરીએ. ૫

હે પ્રભુ ! તમે ત્રણ ભુવનના નાયક છો, તમે સ્વામી છો, મોટા મહારાજા છો. હે પ્રભુ ! ઘણા પુણ્યથી આજે હું આપનું દર્શન પામ્યો છું. ૬

આજે મારા બધા મનોરથો ફળ્યા છે. મારા આત્મામાં પુણ્યના તરંગો પ્રગટ થયા છે. મારા પાપકર્મો દૂર ભાગી ગયા છે, મારા દુઃખનાં દ્વંદ્વો—રાગ દ્વેષ આદિના સમૂહો નાસી ગયા છે. ૭

આ પાંચમા દુઃષમા નામના આરામાં—કાળમાં સાક્ષાત્ પ્રભુનાં દર્શન થવા દુર્લભ છે, તો પણ હે પ્રભુ ! આ કાળમાં પણ તમારું નામસ્મરણ કરવું એ પણ મોટા આધાર રૂપ છે. ૮

જેઓ પ્રભુના નામસ્મરણરૂપી ઔષધિ સાચા ભાવથી ખાય છે, તે જીવોને રોગની પીડા વ્યાપ્ત ન થાય. અને તેને મોટા દોષો નાશ પામે છે. ૯

પાંચ કોડીને ફુલડે, પામ્યો દેશ અઢાર;
કુમારપાલ રાજા થયો, વર્ત્યો જય-જય-કાર. ૧૦
શાંતિનાથજી સોળમા, જગ શાંતિ કરનાર;
શાંતિભાવ ભક્તિ કરે, તરત તરે સંસાર. ૧૧

## આવ્યો દાદાને દરબાર

આવ્યો દાદાને દરબાર, કરો ભવોદધિ પાર;
ખરો તું છે આધાર, મોહે તાર તાર તાર. ૧૨
આત્મગુણનો ભંડાર, તારા મહિમાનો નહિ પાર;
દેખ્યો સુંદર દેદાર, કરો પાર પાર પાર. ૧૩

---

શ્રી કુમારપાળ રાજાના જીવે પૂર્વભવમાં પાંચ કોડીના ફૂલો ખરીદી તે ફૂલોથી ભગવંતની ભાવથી પૂજા કરવાથી-તેથી બંધાયેલ પુણ્યથી કુમારપાળ રાજા બની અઢાર દેશના અધિપતિ બન્યા અને જય-જયકાર થયો. ૧૦

સોળમા શ્રી શાંતિનાથ જિનેશ્વર જગતની શાંતિને કરનારા છે. જેઓ શાંતભાવથી પ્રભુની ભક્તિ કરે, તેઓ તરત સંસારને તરી જાય છે. ૧૧

હે પ્રભુ ! હું દાદાના દરબારમાં આવ્યો છું. મારા આ સંસાર સમુદ્રનો પાર કરો-અંત લાવો. હે પ્રભુ! તમેજ સાચા આધાર છો. મને તારો! તારો! ૧૨

હે પ્રભુ! તમે આત્મ ગુણોનાં ભંડાર છો. તમારા મહિમાનો છેડો નથી. તમારા સુંદર દેદારને-શરીરને મેં જોયું. મને આ સંસારથી પાર કરો. ૧૩

તારી મૂર્તિ મનોહાર, હરે મનના વિકાર;
ખરા હૈયાનો હાર, વંદુ વાર વાર વાર. ૧૪
આવ્યો દેરાસર મોઝાર, કર્યો જિનવર જુહાર;
પ્રભુ ચરણ આધાર, ખરો સાર સાર સાર. ૧૫
આત્મ-કમલ સુધાર, તારી લબ્ધિ છે અપાર;
એની ખૂબીનો નહિ પાર, વિનતિ ધાર ધાર ધાર. ૧૬
છે પ્રતિમા મનોહારિણી, દુઃખહરી શ્રી વીરજિણંદની,
ભક્તોને છે સર્વદા સુખકરી, જાણે ખીલી ચાંદની;
આ પ્રતિમાના ગુણભાવ ધરીને, જે માણસો ગાય છે;
પામી સઘળાં સુખ તે જગતનાં, મુક્તિ ભણી જાય છે. ૧૭

---

હે પ્રભુ! આપની મૂર્તિ મનને હરણ કરે—આકર્ષણ કરે એવી છે. તે મનના વિકારોને હરણ કરે છે. તે મારા હૈયાના સાચા હાર રૂપ છે. હું વારંવાર વંદન કરું છું. ૧૪

હે પ્રભુ! હું આપના મંદિરમાં આવ્યો છું. હે જિનેશ્વર! મેં આપને જુહાર કર્યા—પ્રણામ કર્યા. હે પ્રભુ! હવે મને આપના ચરણનો (ચારિત્રનો) આધાર છે. તેજ સાચો સાર છે. ૧૫

હે પ્રભુ! મારા આત્મા રૂપી કમળને સુધારો. તમારી લબ્ધિ પાર વિનાની છે. તેની ખૂબીઓનો પાર નથી. તમે મારી વિનતિ ધારણ કરો. (એમ આ સ્તવનના કર્તા વિજયલબ્ધિસૂરિ કહે છે, ૧૬

શ્રી વીરજિનેશ્વરની પ્રતિમા મનને હરણ કરનારી છે, મનોહર છે, પ્રાણીઓના દુઃખને દૂર કરનારી છે, ખીલેલી ચાંદનીની માફક ભક્તોને હંમેશાં સુખ કરનારી છે. જે મનુષ્યો આ પ્રતિમાનાં ગુણો ભાવપૂર્વક ગાય છે, તે જીવો આ જગતનાં સર્વ સુખો મેળવી મુક્તિ તરફ જાય છે. ૧૭

દેખી મૂર્તિ પાર્શ્વજિનની, નેત્ર મારાં ઠરે છે;
ને હૈયું મારૂં ફરી ફરી પ્રભુ ! ધ્યાન તેનું ધરે છે;
આત્મા મારો પ્રભુ! તુજ કને, આવવા ઉલ્લસે છે;
આપો એવું બળ હૃદયમાં, માહરી આશ એ છે. ૧૮

ઈહ જગતસ્વામી મોહવામી મોક્ષગામી સુખકરુ;
પ્રભુ અકલંક અમલ અખંડ નિર્મલ ભવ્યમિથ્યાતમ હરુ;
દેવાધિદેવા ચરણસેવા નિત્ય મેવા આપીએ,
નિજ દાસ જાણી દયા આણી આપ સમોવડ થાપીએ. ૧૯

---

શ્રી પાર્શ્વનાથ જિનેશ્વરની મૂર્તિના દર્શન કરીને મારાં નેત્રો શીતળતા પ્રાપ્ત કરે છે. અને હે પ્રભુ ! મારૂં હૃદય વારંવાર તે પ્રતિમાનું ધ્યાન ધરે છે. હે પ્રભુ ! મારો આત્મા તમારી પાસે આવવા ઉલ્લાસ ધારણ કરે છે, હે પ્રભુ ! મને આપની પાસે આવવાની શક્તિ આપો એવી મારી આશા છે. ૧૮

હે પ્રભુ ! તમે આ જગતના સ્વામી છો. મોહને તમે વમી નાંખ્યા છે–દૂર કર્યો છે, તમે મોક્ષગામી છો, સુખને કરનારા છો. કલંક રહિત, મલ રહિત, અખંડ, નિર્મળ અને ભવ્યજીવોના મિથ્યાત્વરૂપ અંધકારને હરણ કરનારા છો. હે દેવાધિદેવ ! આપના ચરણની સેવા હંમેશાં મીઠાં મેવા આપે છે. મને આપનો સેવક સમજી મારા ઉપર દયા લાવી મને આપની સમાન સ્થાપો. ૧૯

પાર્શ્વનાથ પ્રગટ પ્રભાવી, અલિક વિઘન સવિ દૂર કરે,
વાટ ઘાટ સમરે જે સાહિબ, ભયભંજન-ચકચૂર કરે. ૨૦
લીલા લચ્છી દાસ તુમારો, કોઈ પૂજે કોઈ અરજ કરે;
નજર કરીને નીરખો સાહિબ, તુમ સેવક અરદાસ કરે. ૨૧
પડછો પૂરે પાર્શ્વનાથ, આશા પૂરે આદિનાથ;
શાંતિ કરે શાંતિનાથ, વિઘન ચૂરે મલ્લિનાથ. ૨૨
શ્રી આદીશ્વર શાંતિ નેમિજિનને શ્રી પાર્શ્વવીરપ્રભુ;
એ પાંચે જિનરાજ આજ પ્રણમું હેતે ધરી હે વિભુ !;
કલ્યાણે કમલા સદૈવ વિમલા વૃદ્ધિ પમાડો અતિ,
એવા ગૌતમસ્વામીલબ્ધિ વરીઆ, આપો સદા સન્મતિ. ૨૩

---

શ્રી પાર્શ્વનાથ ભગવાન પ્રકટ પ્રભાવવાળા છે. તેઓ સર્વ ખોટાં વિઘ્નોને દૂર કરે છે. રસ્તામાં કે ગમે ત્યાં જે સાહેબ-પ્રાર્થનાથ પ્રભુનું સ્મરણ કરે છે તેના સર્વ ભયો ભાંગીને તેને પ્રભુ આનંદિત બનાવે છે. ૨૦

તમારી સેવા કરનાર સેવકને લક્ષ્મી રમતમાત્રમાં મળે છે. કેટલાક તમારી પૂજા કરે છે, કેટલાક આપની પાસે અરજી કરે છે, હે સાહેબ ! તમે મારી તરફ નજર કરીને જુઓ. તમારો સેવક આ પ્રમાણે વિનતિ કરે છે. ૨૧

શ્રી પાર્શ્વનાથ પ્રભુ પડછો પૂરે છે-ચમત્કારી છે, શ્રી આદિનાથ પ્રભુ આશા પૂરે છે. શ્રી શાંતિનાથપ્રભુ શાંતિ કરે છે. અને શ્રી મલ્લિનાથપ્રભુ વિઘ્નોને ચૂરી નાંખે છે. ૨૨

શ્રીઆદીશ્વરપ્રભુ, શ્રીશાંતિનાથ પ્રભુ, શ્રીનેમિનાથપ્રભુ, શ્રીપાર્શ્વનાથ પ્રભુ અને શ્રી મહાવીર પ્રભુએ પાંચે જિનેશ્વરોને હે પ્રભુ ! આજે પ્રેમપૂર્વક પ્રણામ કરું છું. હે પ્રભુ ! મારી નિર્મળ કલ્યાણકારી લક્ષ્મીની વૃદ્ધિ કરો. હે લબ્ધિને વરેલા શ્રી ગૌતમસ્વામી ભગવંત! મને હંમેશાં સદ્બુદ્ધિ આપો. ૨૩

ઇમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે;
નવમે ભવ શિવ જાવે, દેવ નરભવ પાવે;
જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે;
સવિ દુરિત સમાવે, વિશ્વ જયકાર પાવે. ૨૪
ઉત્સવ રંગ વધામણાં, પ્રભુ પાર્શ્વને નામે;
કલ્યાણક મહોત્સવ કીયો, ચઢતે પરિણામે;
શતવર્ષાયુ જીવીને, અક્ષય સુખ-સ્વામી,
તુમ પદ સેવા ભક્તિમાં, નવિ રાખું ખામી. ૨૫
સાચી ભક્તે સાહિબા, રીઝો એક વેળા;
શ્રી શુભવીર હુવે સદા, મનવાંછિત મેળા. ૨૬

---

આ રીતે જેઓ અરિહંત આદિ નવ પદોનું ધ્યાન કરે છે તેઓ ઘણો આનંદ પામે છે, નવમા ભવે મોક્ષમાં જાય છે અને જ્યાં સુધી મોક્ષમાં ન જાય ત્યાં સુધી દેવતા અને મનુષ્યોના ભવ પામે છે. શ્રી જ્ઞાનવિમલસૂરિ મહારાજ શ્રી સિદ્ધચક્રના ગુણ ગાય છે. શ્રી સિદ્ધચક્રના પ્રભાવે સર્વ પાપો શાંત થાય છે, અને વિશ્વમાં તે જય મેળવે છે. ૨૪

પ્રભુ શ્રી પાર્શ્વનાથના નામથી ઉત્સવરંગની વૃદ્ધિ થાય છે. ભગવંતોના કલ્યાણકોના મહોત્સવ વૃદ્ધિ પામતાં પરિણામથી કર્યો. શ્રી પાર્શ્વનાથ પ્રભુ સો વર્ષનું આયુ જીવીને-પરિપૂર્ણ કરીને મોક્ષસુખના સ્વામી થયા. હે પ્રભુ! તમારા ચરણની સેવા ભક્તિમાં હું કોઈ જાતની ખામી રાખતો નથી. ૨૫

હે સાહેબ ! મારી સાચી ભક્તિથી એક વખત જો પ્રસન્ન થાઓ તો મને આપનો હંમેશ માટે મન ઇચ્છિત મેળાપ થાય. એમ. શ્રી શુભવિજયજી મહારાજશ્રીના શિષ્ય પંડિત વીરવિજયજી મહારાજ કહે છે. ૬

ભવોભવ તુમ ચરણોની સેવા, હુતો માગું છું દેવાધિદેવા;
સામું જૂઓને સેવક જાણી, એવી ઉદયરતનની વાણી. ૨૭

## પ્રભુ પ્રદક્ષિણા વખતે બોલવાના દુહા

કાલ અનાદિ અનંતથી, ભવભ્રમણનો નહિ પાર;
તે ભવભ્રમણ નિવારવા, પ્રદક્ષિણા દઉં સાર. ૮૨
દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ, પ્રદક્ષિણા ત્રણ નિરધાર;
ત્રણ પ્રદક્ષિણા તે કારણે, ભવદુઃખ-ભંજનહાર. ૮૩
ભમતીમાં ભમતાં થકાં, ભવ-ભાવઠ દૂર પલાય;
પ્રદક્ષિણા તે કારણે, ભવિક જન ચિત્ત લાય. ૮૪

---

હે દેવાધિદેવ ! હું દરેક ભવે આપના ચરણોની સેવા માંગુ છું. મને પોતાનો સેવક સમજી સામું જુઓ. આ પ્રમાણે કવિશ્રી ઉદયરત્ન મહરાજની વાણી છે. ૨૭

આ જીવને અનાદિ અનંત કાળથી સંસારના ભ્રમણનો અંત આવેલ નથી તે સંસારભ્રમણ દૂર કરવા માટે સાર ભૂત પ્રભુને પ્રદક્ષિણા દેવી. ૮૨

ત્રણ પ્રદક્ષિણા તે દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે. તે કારણથી ત્રણ પ્રદક્ષિણા સંસારના દુઃખોને ભાંગી નાખનાર છે-દૂર કરનાર છે.

ભમતીમાં ભમવાથી સંસારની ઉપાધિઓ દૂર નાસી જાય છે. તે કારણથી ભવ્ય જીવો પ્રદક્ષિણાને પોતાના ચિત્તમાં લાવીને વિધિપૂર્વક પ્રદક્ષિણા આપે છે. ૮૪

ॐ ह्रीँ श्रीँ अर्हं नमः ॥

પંડિત શ્રી વીરવિજયજી કૃત—

# શ્રી સ્નાત્ર-પૂજા સાર્થ

## સ્નાત્ર ભણાવતાં પહેલાનો વિધિ-

૧. પ્રથમ પૂર્વ દિશાએ કે ઉત્તર દિશાએ અથવા મૂળ પ્રતિમા સન્મુખ ત્રણ સુન્દર બાજોઠ મૂકી તે ઉપર સિંહાસન મૂકવું.

૨. પછી નીચેના બાજોઠ ઉપર વચમાં કેસરનો સાથિયો કરી ઉપર ચોખા પૂરીને **શ્રીફળ** મૂકવું.

૩. પછી તે જ બાજોઠ ઉપર કેસરના સાથિયા આગળ બીજા ચાર સાથિયા કરી, તે ઉપર ચાર કળશ નાડાછડી બાંધી **પંચામૃત** (દૂધ, દહીં, ઘી, જળ અને સાકરનું મિશ્રણ કરી) ભરીને મુકવા.

૪. સિંહાસનના મધ્યભાગમાં કેસરનો સાથિઓ કરી, ચોખા પૂરી રૂપાનાણું મૂકી ત્રણ નવકાર ગણી તેના ઉપર ધાતુના પરિકરવાળા **પ્રતિમાજી** પધરાવવા.

૫. વળી પ્રતિમાજીની આગળ બીજો સાથિયો કરી, તેના ઉપર શ્રી **સિદ્ધચક્રજી** પધરાવવા.

૬. પ્રતિમાજીની જમણી બાજુએ પ્રતિમાજીની નાસિકા સુધી ઉંચો ઘીનો દીવો મુકવો.

૭. પછી સ્નાત્રિયાઓએ હાથે નાડાછડી બાંધી હાથમાં

પંચામૃત ભરેલો કળશ લઇ, ત્રણ નવકાર ગણી, પ્રતિમાજીનો તેમજ સિદ્ધચક્રજીનો પખાળ કરવો.

૮. પછી વાળાકૂંચી કરી પાણીનો પખાળ કરી ત્રણ અંગલૂંછણા કરી કેસર વડે પૂજા કરવી

૯. પછી હાથ ધોઈ ધૂપી પોતાના જમણા હાથની હથેલીમાં કેસરનો સાથિયો કરવો.

૧૦. પછી કુસુમાંજલિ (કેસર, ચોખા અને પુષ્પનો થાળ) લઈ સ્નાત્રિયાએ ઉભા રહેવું.

(પ્રથમ ભરેલ કળશ લઇ ઉભા રહેવું.)

## કાવ્ય

**સરસશાંતિસુધારસસાગરં, શુચિતરંગુણરત્નમહાગરમ્;**
**ભવિકપંકજબોધદિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરમ્. ૧**

### દુહો

**કુસુમાભરણ ઉતારીને પડિમા ધરિય વિવેક;**
**મજ્જનપીઠે થાપીને, કરીયે જળ અભિષેક. ૨**

(જમણે અંગુઠે પખાળ કરી અંગલુંછણાં કરી પૂજા કરી કુસુમાંજલિની થાળી લઇ ઉભા રહેવું)

---

**કાવ્યનો અર્થ**—સરસ શાંતરસરૂપી અમૃતના સમુદ્રસમાન; અતિપવિત્ર, ગુણોરૂપી રત્નનો ભંડાર,, ભવ્ય પ્રાણીરૂપી કમળોને બોધ કરવામાં સૂર્યસમાન એવા જિનેશ્વરદેવને હું હંમેશ પ્રણામ કરૂં છું. ૧

**દુહાનો અર્થ**—ભગવંતના શરીર ઉપરથી (આગળના સના ચઢાવેલ) ફૂલ આભરણ વગેરે ઉતારી વિવેકપૂર્વક

## ગાથા—આર્યાગીતિ

જિણજમ્મસમયે મેરુસિહરે, રયણકણયકલસેહિં;
દેવાસુરેહિં ણ્હવિઓ, તે ધન્ના જેહિં દિટ્ઠોસિ. ૩

( જ્યાં જ્યાં " કુસુમાંજલિ મેલો " આવે ત્યાં ત્યાં પ્રભુના જમણા અંગુઠે કુસુમાંજલિ મૂકવી )

## કુસુમાંજલિ—ઢાળ

નિર્મળ જળકળશે ન્હવરાવે, વસ્ત્ર અમૂલક અંગ ધરાવે;
કુસુમાંજલિ મેલો આદિજિણંદા, સિદ્ધસ્વરૂપી
અંગપખાલી આતમનિર્મળ હુઈ સુકુમાલી, કુસમાં૦ ૪

## ગાથા—આર્યાગીતિ

મચકુંદચંપમાલઈ કમલાઈં પુપ્ફપંચવણ્ણાઇં;
જગનાહ ન્હવણસમયે, દેવા કુસુમાંજલિ દિંતિ. ૫
નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ.

---

પ્રતિમાજીને ધારણ કરી સ્નાન કરાવવાના બાજોઠ ઉપર સ્થાપન કરી જળવડે અભિષેક કરીએ. ૨

જિનેશ્વરના જન્મસમયે મેરુશિખર પર પરમાત્માને દેવો અને અસુરોએ રત્ન અને સુવર્ણના કળશોવડે અભિષેક કર્યો, તે મહોત્સવ જેમણે જોયો તે ધન્ય છે. ૩

નિર્મળ જળ વડે પ્રભુને નવરાવી અમુલ્ય વસ્ત્ર અંગ ઉપર ધારણ કરાવી આદિજિનેશ્વરને કુસુમાંજલિ મૂકો, સિદ્ધ સ્વરૂપી ભગવંતનો અભિષેક કરવાથી આત્મા નિર્મળ અને સુકુમાળ થાય છે. ૪

મચકુંદ, ચંપો, માલતી, કમળ વગેરે પાંચ વર્ણના ફૂલો

## કુસુમાંજલિ--ઢાળ

રયણસિંહાસન જિન થાપીજે, કુસુમાંજલિ પ્રભુચરણે દીજે;
કુસુમાંજલિ મેલો શાંતિ જિણંદા. ૬

### દુહો

જિણ તિહું કાલય સિદ્ધની, પડિમા ગુણભંડાર;
તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર. ૭

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ.

કૃષ્ણાગરુ વરધૂપ ધરીજે, સુગંધકર કુસુમાંજલિ દીજે;
કુસુમાંજલિ મેલો નેમિજિણંદા. ૮

### ગાથા—આર્યાગીતિ

જસુ પરિમલબલ દહદિસિ, મહુકરઝંકારસદ્દસંગીયા;
જિણચલણોવરિ મુક્કા, સુરનરકુસુમાંજલિ સિદ્ધા. ૯

---

જગન્નાથના અભિષેક વખતે દેવો ચઢાવે છે, તે કુસુમાંજલિ કહેવાય છે. ૫

શ્રી અરિહંત સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય અને સર્વ સાધુઓને નમસ્કાર થાઓ.

રત્નજડિત સિંહાસન પર જિનેશ્વરની પ્રતિમાને સ્થાપન કરી, શ્રી શાંતિનાથ પ્રભુના ચરણ ઉપર કુસુમાંજલિ મૂકવી. ૬

જે સિદ્ધભગવાનની પ્રતિમા ત્રણે કાળમાં ગુણોના ભંડારરૂપ છે. તેમના ચરણમાં કુસુમાંજલિ મૂકવાથી ભવ્ય પ્રાણીઓના પાપો નાશ પામે છે. ૭

ઉત્તમ સુગંધી કૃષ્ણાગુરૂનો ધૂપ ધારણ કરી તેના વડે કુસુમાંજલિને સુગંધિ કરીને શ્રી નેમિજિનેશ્વરના ચરણમાં કુસુમાંજલિ મૂકો. ૮

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ.

પાસ જિણેસર જગજયકારી, જલથલ ફૂલ ઉદક કરધારી;
કુસુમાંજલિ મેલો પાર્શ્વજિણંદા, ૧૦

## દુહો

મૂકે કુસુમાંજલિ સુરા, વીરચરણ સુકુમાલ;
તે કુસુમાંજલિ ભવિકનાં, પાપ હરે ત્રણ કાળ. ૧૧

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ.

## કુસુમાંજલિ-ઢાળ

વિવિધ કુસુમવર જાતિ ગહેવી, જિનચરણે પણમંત ઠવેવી;
કુસુમાંજલિ મેલો વીર જિણંદા. ૧૨

---

જેની સુગંધીના બળથી દશે દિશામાંથી ભમરાઓ આવી ગુંજારવ-રૂપ શબ્દોનું સંગીત કરે છે. તેવી સુગંધી કુસુમાંજલિ દેવતાઓ અને મનુષ્યો જિનેશ્વરના ચરણ ઉપર મૂકી અનુક્રમે મુક્તિ પામે છે. ૯

શ્રી પાર્શ્વનાથ ભગવાન જગતમાં જય કરનારા છે. તેમને જલ અને સ્થળમાં ઉત્પન્ન થયેલ ફૂલોને પાણીથી સાફ કરી હાથમાં લઈ કુસુમાંજલિ મૂકવી. ૧૦

દેવતાઓ પણ જે કુસુમાંજલિ શ્રી વીર પરમાત્માના સુકુમાલ ચરણોમાં મૂકે છે, તે કુસુમાંજલિ ભવ્યજીવોના ત્રણે કાળના પાપોને દૂર કરે છે. ૧૧

જુદી જુદી જાતના ઉત્તમ પુષ્પો લઈને શ્રી જિનેશ્વરના ચરણોમાં નમસ્કાર કરી તે કુસુમાંજલિ સ્થાપન કરીએ. ૧૨

## વસ્તુછંદ

ન્હવણકાલે ન્હવણકાલે, દેવદાણવ સમુચ્ચિય,
કુસુમાંજલિ તહિં સંઠવિય, પસરંત દિસિ પરિમલ સુગંધિય;
જિણપયકમણે નિવડેઈ, વિગ્ઘહર જસનામમંતો.
અનંત ચઉવીસ જિન વાસવ મલીય અસેસ;
સા કુસુમાંજલિ સુહકરો ચઉવિહ સંઘ વિશેષ.
કુસુમાંજલી મેલો ચઉવીસ જિણંદા. ૧૩
નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસસાધુભ્યઃ.

## કુસુમાંજલિ–ઢાળ

અનંત ચઉવીસીજિનજી જુહારું વર્ત્તમાન ચઉવીસી સંભારું;
કુસુમાંજલિ મેલો ચોવીસ જિણંદા. ૧૪

---

મેરુપર્વત ઉપર પરમાત્માને લઈ જઈ નવરાવી દેવો અને દાનવો ભેગા થઈ દશ દિશાઓમાં જેની સુગંધી પ્રસરી રહી છે એવી કુસુમાંજલિ શ્રી જિનેશ્વરના ચરણકમળમાં સ્થાપન કરે છે. જે પરમાત્માનો નામરૂપ મંત્ર સર્વ વિઘ્નોને હરણુ કરનાર છે. તેવા અનંત ચોવીશીના જિનેશ્વરોના ચરણકમળમાં સઘળાય ઈન્દ્રો કુસુમાંજલિ મૂકે છે. તે કુસુમાંજલિ ચતુર્વિધ સંઘને સુખકારી છે. એવી કુસુમાંજલિ ચોવીશ જિનેશ્વરોના ચરણકમળમાં મૂકો. ૧૩

અત્યાર સુધીમાં થયેલ અનંત ચોવીશીના જિનેશ્વરોને હું નમસ્કાર કરું છું. વર્ત્તમાન ચોવીશીના જિનેશ્વરોનું સ્મરણુ કરીને ચોવીશે તીર્થંકરોને કુસુમાંજલિમાં મૂકો. ૧૪

## દુહો

મહાવિદેહે સંપ્રતિ, વિરહમાન જિન વીશ;
ભક્તિભરે તે પૂજિયા, કરો સંગ સુજગીશ. ૧૫

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ.

## કુસુમાંજલિ-ઢાળ

અપચ્છરમંડલી ગીત ઉચ્ચારા, શ્રીશુભવીરવિજય જયકાર;
કુસુમાંજલિ મેલો સર્વ જિણંદા, ૧૫

(સર્વ સ્નાત્રિયાએ પ્રભુના જમણાં અંગુઠે કુસુમાંજલિ મૂકવી

(પછી શત્રુંજયના નીચેના દુહા બોલતા બોલતાં સિંહાસનની ત્રણ પ્રદિક્ષણા ફરતાં પ્રભુ સન્મુખ ત્રણ ખમાસમણાં દઈ જગચિંતામણિ ચૈત્યવંદન શરું કરવું. ચૈત્યવંદનના તમામ સૂત્રો અન્યત્ર આપવામાં આવ્યાં છે.

એકેકું ડગલું ભરે, શત્રુંજય સમો જેહ;
રીખવ કહે ભવ ક્રોડના, કર્મ ખપાવે તેહ. ૨

---

વર્તમાનકાળે મહાવિદેહ ક્ષેત્રમાં વીશ જિનેશ્વરો વિચરે છે. તેમની ભક્તિપૂર્વક મેં પૂજા કરી. તે શ્રી સંઘનું કલ્યાણ કરનાર થાઓ. ૧૫

અપ્સરાઓના સમૂહે વિજયવંતશ્રીશુભ વીર પરમાત્માના ગીત ગાયા. તે રીતે સર્વ જિનશ્વરોને કુસુમાંજલિ મૂકો ૧૬

**દુહાઓનો અર્થ**-કવિશ્રી ઋષભદાસજી કહે છે કે-શ્રી શત્રુજય ગિરિરાજની સન્મુખ ભાવપૂર્વક એકેક ડગલું ભરતાં ક્રોડો ભવના એકઠાં થયેલાં કર્મો ક્ષય થાય છે. ૧

શંત્રુજય સમો તીરથ નહિ, રીખવ સમો નહિ દેવ;
ગૌતમ સરખા ગુરૂ નહિ, વળી વળી વંદું તેહ. ૨
સિદ્ધાચળ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્યજન્મ પામી કરી, વંદું વર હજાર. ૩

( પછી સ્નાત્રિયાઓએ હાથ ધૂપી હાથમાં કળશ લઇ મુખકોશ બાંધી ઉભા રહેવું.)

## દુહો

સયલ જિણેસર પાય નમી, કલ્યાણક વિધિ તાસ;
વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂગે આશ. ૧

---

ઇચ્છામિ ખમાસમણો, વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ. એમ ત્રણ વાર ખમાસમણ, દેવાં પછી જગચિંતામિણથીજયવીયરાય સંપૂર્ણ સુધી ચૈત્યવંદન કરવું. આ ચૈત્યવંદનના સૂત્રો અર્થ સહિત આ પુસ્તકમાં અગાઉ આવી ગયેલ છે.

શત્રુંજય સમાન બીજું કોઇ તીર્થ નથી. ઋષભદેવ સમાન કોઇ દેવ નથી અને ગૌતમસ્વામી સમાન કોઇ ગુરૂ નથી. તેઓને હું વારંવાર વંદન કરુ છું. ૨

સૌરાષ્ટ્ર દેશમાં આવેલ શ્રી સિદ્ધાચળ ગિરિરાજનું હું હંમેશાં સ્મરણ કરું છું. મનુષ્યજન્મ પામીને હજારોવાર વંદન કરું છું. ૩

**દુહાનો અર્થ**—સર્વ જિનેશ્વરના ચરણોમાં નમસ્કાર કરી તેઓના કલ્યાણકનો વિધિ હું કહુ છું. તે વિધિનું વર્ણન કરવાથી અને સાંભળવાથી સકળ સંઘની આશા પરિપૂર્ણ થાય છે. ૧

### ઢાળ

સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમ સુખ રમ્યા
વીશસ્થાનક વિધિએ તપ કરી, એસી ભાવદયા દિલમાં ધરી.
જો હોવે મુજ શક્તિ ઇસી, સવિ જીવ કરું શાસનરસી;
શુચિરસ ઢલતે તિહાં બાંધતાં, તીર્થંકરનામ નિકાચતાં. ૨
સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી;
ચ્યવી પન્નર ક્ષેત્રે અવતરે, મધ્યખંડે પણ રાજવીકુલે. ૩
પટરાણી કુખે ગુણનીલો, જેમ માનસરોવર હંસલો;
સુખશય્યાએ રજનીશેષે, ઉતરતાં ચૌદ સુપન દેખે. ૪

---

**ઢાળનો અર્થ**—શ્રી તીર્થંકર પરમાત્મા પૂર્વ ભવમાં સમ્યક્ત્વ પામી અનુક્રમે ચારિત્રના સુખમાં રમણતા કરે છે અને વિધિપૂર્વક વીશસ્થાનક તપનું આરાધન કરી આવા પ્રકારની ભાવદયા હૃદયમાં ધારણ કરે છે. ૧

જો મારામાં એવા પ્રકારની શક્તિ હોય તો સર્વજીવોને શ્રી વીતરાગ પરમાત્માના શાસનના રસિયા બનાવું. આવા પ્રકારની નિર્મળ ભાવના ભાવતાં તીર્થંકર નામ નિકાચિત કરે છે. ૨

એવી રીતે વિશ્વોદ્ધારનીભાવના પૂર્વક તેઓ સંયમનું આચરણ કરે છે. વચમાં એક દેવનો ભવ કરી ત્યાંથી ચ્યવી પંદર કર્મભૂમિના ક્ષેત્રમાં મધ્ય ખંડમાં કોઈપણ રાજવીકુળમાં ગર્ભપણે ઉત્પન્ન થાય છે. ૩

જેમ માનસરોવરમાં હંસ હોય તેમ પટ્ટરાણીની કુક્ષીમાં ગુણવાન અવા પરમાત્માનો જીવ ઉત્પન્ન થાય છે, સુખશય્યામાં સૂતેલા માતા (આકાશમાંથી ઉતરતાં અને મુખમાં પ્રવેશ કરતાં)ચૌદ સ્વપ્ન જુએ છે. ૪

## ઢાળ—ચૌદ સ્વપ્નની

પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઈઠો;
ત્રીજે કેસરીસિંહ, ચોથે લક્ષ્મી અબીહ, ૧

પાંચમે ફૂલની માળા, છઠ્ઠે ચંદ્ર વિશાળા;
રવિ રાતો ધ્વજ મ્હોટો, પૂરણ કળશ નહિ છોટો. ૨

દશમે પદ્મસરોવર, અગિયારમે રત્નાકર;
ભુવન-વિમાન રત્નગંજી, અગ્નિશિખા ધૂમવર્જી. ૩

સ્વપ્ન લઇ જઈ રાયને ભાષે, રાજા અર્થ પ્રકાશે;
પુત્ર તીર્થંકર ત્રિભુવન નમશે, સકલ મનોરથ ફલશે. ૪

---

પ્રથમ સ્વપ્નમાં શ્રેષ્ઠ હસ્તી, બીજા સ્વપ્નમાં દેદીપ્યમાન વૃષભ, ત્રીજા સ્વપ્નમાં કેસરીસિંહ, ચોથા સ્વપ્નમાં શોભાયમાન લક્ષ્મી, પાંચમા સ્વપ્નમાં ફૂલની માળા, છઠ્ઠા સ્વપ્નમાં વિશાળ ચંદ્ર, સાતમા સ્વપ્નમાં લાલ સૂર્ય, આઠમા સ્વપ્નમાં મોટો ધ્વજ, નવમા સ્વપ્નમાં મોટો પૂર્ણકળશ, દશમા સ્વપ્નમાં પદ્મસરોવર, અગ્યારમા સ્વપ્નમાં ક્ષીરસમુદ્ર, બારમા સ્વપ્નમાં ભવન કે વિમાન, તેરમા સ્વપ્નમાં રત્નનો ઢગલો અને ચૌદમા સ્વપ્નમાં ધૂમાડા વગરનો અગ્નિ જુવે છે. તીર્થંકરનીમાતા રાજા પાસે જઈને આ સ્વપ્નો કહે છે. રાજા તેનો અર્થ કહે છે. તે કહે છે કે-પુત્ર તીર્થંકર થશે. ત્રણે ભુવનના જીવો નમશે. અને આપણાં સર્વ મનોરથો ફળશે. ૧ થી ૪

### વસ્તુછંદ

અવિધનાણે અવિધનાણે, ઉપના જિનરાજ;
જગત જસ પરમાણુઆ વિસ્તર્યા વિશ્વજંતુ સુખકાર;
મિથ્યાત્વતારા નિર્બળા ધર્મઉદય પરભાત સુંદર,
માતા પણ આણંદીયા, જાગતી ધર્મવિધાન;
જાણંતિ જગતિલક સમો, હોશે પુત્ર પ્રધાન. ૧

### દુહો

શુભલગ્ને જિન જનમીયા, નારકીમાં સુખજ્યોત;
સુખ પામ્યા ત્રિભુવનજના, હુઓ જગત ઉદ્યોત. ૧

### ઢાળ–કડખાની દેશી

સાંભળો કળશ જિન*મહોત્સવનો ઇહાં,
છપ્પન કુમરી દિશિ વિદિશ આવે તિહાં;
માય સુત નમિય આણંદ અધિકો ધરે,
અષ્ટ સંવર્ત્તવાયુથી કચરો હરે. ૧

---

પરમાત્મા અવધિજ્ઞાન સહિત ઉત્પન્ન થાય છે. જેના પરમાણુઓ વિશ્વના પ્રાણીઓને સુખ કરનાર હોય છે. તે સમયે મિથ્યાત્વરૂપી તારાઓ ઝાંખા પડી જાય છે, ધર્મના ઉદયરૂપી સુંદર પ્રભાત થવાથી માતા પણ આનંદિત થાય છે. ધર્મનું ચિંતન કરતા જાગે છે. અને વિચારે છે કે–જગતમાં તિલક સમાન એવો શ્રેષ્ઠ પુત્ર થશે. ૧

**દુહાનો અર્થ**–સર્વ ગ્રહો ઉચ્ચ લગ્નમા આવે ત્યારે જિનેશ્વરનો જન્મ થાય છે. તેસમયે નારકીમાં પણ સુખદાયક પ્રકાશ થાય છે. ત્રણે ભુવનના જીવો તે સમયે સુખ પામે છે. આ ત્રણે જગતમાં પ્રકાશ થાય છે. ૧

વૃષ્ટિ ગંધોદકે અષ્ટ કુમરી કરે,
અષ્ટ કળશા ભરી અષ્ટ દર્પણ ધરે;
અષ્ટ ચામર ધરે, અષ્ટ પંખા લહી,
ચાર રક્ષા કરી ચાર દીપક ગ્રહી. ૨
ઘર કરી કેળના માય-સુત લાવતી,
કરણ શુચિકર્મ જળકળશે ન્હવરાવતી;
કુસુમ પૂજી અલંકાર પહેરાવતી,
રાખડી બાંધી જઈ શયન પધરાવતી. ૩

---

હવે શ્રી જિનેશ્વરદેવના જન્મમહોત્સવનો કળશ સાંભળો. જિનેશ્વરના જન્મસમયે દિશાઓ અને વિદિશાઓમાંથી છપ્પન દિક્કુમારિકાઓ સૂતિકર્મ કરવા આવે છે પ્રથમ માતા અને પુત્રને નમસ્કાર કરી અતિહર્ષ પામી આઠ દિક્કુમારિકા સંવર્ત્તવાયુવડે ચારે દિશાઓમાંથી એક એક યોજન પ્રમાણે કચરો દૂર કરે છે. આઠ કુમારિકા સુગંધિ-જળની વૃષ્ટિ કરે છે. આઠ કુમારિકા હાથમાં ભરેલા કળશને ધારણ કરે છે, આઠ દર્પણ ધરે છે. આઠ ચામર ધારણ કરે છે. આઠ પંખા લહી પવન નાખે છે. ચાર કુમારિકા રક્ષાપોટલી બાંધે છે. ચાર કુમારિકા દીપક લહી ઊભી રહે છે. ૧-૨

ત્યાં કેળના પાંદડાઓનું સૂતિકાગૃહ બનાવી, તેમાં માતા અને પુત્રને લાવે છે. શુચિકર્મ કરવા પાણીના કળશોવડે નવરાવે છે. પુષ્પ વગેરેથી પૂજા કરી અલંકાર પહેરાવે છે. પછી હાથે રાખડી બાંધીને શયનમાં પધરાવે છે. ૩

નમિય કહે માય તુજ બાળ લીલાવતી,
મેરુ રવિ ચંદ્રલગે જીવજો જગપતિ;
સ્વામી ગુણ ગાવતી નિજ ઘર જાવતી,
તેણે સમે ઇંદ્ર સિહાસન કંપતી. ૪

### ઢાળ-એકવીશાની

જિન જન્મ્યાજી જિણ વેળા જનની ઘરે,
તિણ વેળાજી ઈંદ્ર સિંહાસન થરહરે;
દાહિણોત્તરજી જેતા જિણ જનમે યદા;
દિશિનાયકજી સોહમ ઇશાન બિહું તદા. ૧

### ત્રોટકછંદ

તદા ચિંતે ઈંદ્ર મનમાં કોણ અવસર એ બન્યો;
જિનજન્મ અવધિનાણે જાણી હર્ષ આનંદ ઉપન્યો;
સુઘોષ આદે ઘંટનાદે ઘોષણા સુરમેં કરે,
સવિ દેવી દેવા જન્મ મહોત્સવે આવજોસુરગિરિવરે. ૧
(અહીં ઘંટ વગાડવો)

---

માતા અને પુત્રને નમસ્કાર કરીને કહે છે, કે-હે માતા આનંદકારી અને જગતના નાથ એવા તમારા પુત્ર જ્યાં સુધી મેરૂપર્વત, સૂર્ય અને ચંદ્ર રહે ત્યાં સુધી જીવો-જયવંતા રહો. આ પ્રમાણે સ્વામીના ગુણ ગાતી ગાતી છપ્પન દિક્કુમારિકાઓ પોતાના ઘરે જાય છે, એ વખતે સૌધર્મદેવલોકના ઇંદ્રનું સિહાસન કંપાયમાન થાય છે. ૪

માતાના ઘરમાં જે વખતે જિનેશ્વરનો જન્મ થાય છે તે વખતે ઇંદ્રનું સિંહાસન ચલાયમાન થાય છે. દક્ષિણ દિશામાં પ્રભુનો જન્મ થાય તો સૌધર્મ ઈંદ્રનું અને ઉત્તર દિશામાં જન્મ થાય તો ઈશાનેંદ્રનું આસન કંપાયમાન થાય છે. ૧

## ઢાળ-પૂર્વલી

એમ સાંભળીજી સુરવરકોડિ આવી મળે,
જન્મ મહોત્સવજી કરવા મેરુ ઉપર ચલે;
સોહમપતિજી બહુ પરિવારે આવીયા,
માય જિનનેજી વાંદી પ્રભુને વધાવિયા. ૧

(પ્રભુને ચોખાથી વધાવવા)

## ત્રોટકછંદ

વધાવી બોલે હે રત્નકુક્ષી-ધારિણી તુજ સુતતણો,
હું શક્ર સોહમ નામે કરશું, જન્મ મહોત્સવ અતિઘણો;
એમ કહી જિન પ્રતિબિંબ સ્થાપી, પંચરૂપે પ્રભુ ગ્રહી,
દેવ દેવી નાચે હર્ષ સાથે, સુરગિરિ આવ્યા વહી. ૧

---

તે વખતે ઈંદ્ર મનમાં વિચારે છે કે-કયા કારણે મારું સિંહાસન કંપ્યું ? અવધિજ્ઞાનથી જિનેશ્વરનો જન્મ જાણી ઘણો હર્ષ પામે છે. હરિણૈગમેષી દેવ પાસે સુઘોષા આદિ ઘંટાના નાદથી દેવોમાં ઉદ્‌ઘોષણા કરાવે છે, કે સર્વ દેવ-દેવીઓ પ્રભુનો જન્મમહોત્સવ કરવા મેરુ પર્વત પર આવજો ૧

એ પ્રમાણે સાંભળી ક્રોડો દેવતાઓ એકઠા થાય છે અને જન્મમહોત્સવ કરવા મેરુપર્વત પર જાય છે. સૌધર્મેન્દ્ર ઘણા પરિવાર સાથે પૃથ્વીતળ પર આવી માતા અને જિનેશ્વરને વંદન કરી પ્રભુને વધાવે છે. ૧

## ઢાળ-પૂર્વલી

મેરુ ઉપરજી પાંડુકવનમેં ચિહું દિશે,
શિલા ઉપરજી સિંહાસન મન ઉલ્લસે;
તિહાં બેસીજી શક્રે જિન ખોળે ધર્યા,
સુરિ ત્રેસઠજી બીજા તિહાં આવી મળ્યા. ૧

### ત્રોટકછંદ

મળ્યા ચોસઠજી સુરપતિ તિહાં, કરે કળશ અડજાતિના,
માગધાદિ જળે તીર્થ ઔષધિ, ધૂપ વળી બહુ ભાતિના;
અચ્યુતપતિએ હુકમ કીનો, સાંભળો દેવા સવે,
ખીરજલધિ ગંગાનીર લાવો, ઝટિતિ જિન મહોત્સવે. ૧

---

વધાવીને કહે છે કે-કુક્ષિને વિષે રત્નને ધારણ કરનાર હે માતા ! હું સૌધર્મ નામે ઇંદ્ર છું. તમારા પુત્રનો અત્યંત મોટો જન્મમહોત્સવ અમે કરશું. એ પ્રમાણે કહી જિનેશ્વરનું પ્રતિબિંબ (બીજું રૂપ) માતાની પાસે સ્થાપન કરી સૌધર્મ ઇન્દ્ર પોતાના પાંચ રૂપ કરી પરમાત્માને લઈ દેવ-દેવીઓના નૃત્ય સાથે હર્ષપૂર્વક મેરુપર્વત પર આવ્યા. ૧

મેરુપર્વત પર પાંડુકવનમાં ચારે દિશાએ શિલાઓ છે તેમાં જે દિશા સન્મુખ પ્રભુનો જન્મ થાય તે દિશામાં આવેલ શિલા ઉપર રહેલ સિંહાસન ઉપર બેસી ઇન્દ્ર મનના ઉલ્લાસથી પ્રભુને ખોળામાં ધારણ કરે છે. તે વખતે બીજા ત્રેસઠ ઈંદ્રો પણ ત્યાં આવી પહોંચ્યા. ૧

ત્યાં આગળ ચોસઠ ઇંદ્રો ભેગા થયા. આઠ જાતિના કળશો કરાવી માગધ આદિ તીર્થોના સુગંધી ઔષધિથી મિશ્રિત પાણી ભરાવ્યા. ઘણી જાતના ધૂપ ઉવેખ્યા. ત્યારપછી અચ્યુત નામના ઇન્દ્રે હુકમ કર્યો કે- સર્વદેવો ! સાંભળો. જિનેશ્વરના જન્મમહોત્સવ માટે જલદીથી ક્ષીરસમુદ્ર અને ગંગા નદી વગેરેનાં પાણી લાવો. ૧

ઢાળ—( વિવાહલાની દેશી )

સુર સાભળીને સંચરિયા, માગધ વરદામે ચલિયા;
પદ્મદ્રહ ગંગા આવે, નિર્મળ જળ કળશા ભરાવે. ૧
તીરથજળ ઔષધ લેતા, વળી ખીરસમુદ્રે જાતા;
જળકળશા બહુલ ભરાવે, ફૂલ ચંગેરી થાળા લાવે. ૨
સિંહાસન ચામર ધારી, ધૂપધાણા રકેબી સારી;
સિદ્ધાંતે ભાખ્યા જેહ, ઉપકરણ મિલાવે તેહ. ૩
તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે;
કળશાદિક સહુ તિહાં ઠાવે, ભકતે પ્રભુના ગુણ ગાવે. ૪

ઢાળ— ( રાગ-ધનાશ્રી )

આતમભક્તિ મલ્યા કેઇ દેવા, કેતા મિત્તનુજાઇ
નારીપ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મી ધર્મસખાઇ;

---

**ઢાળનો અર્થ**—અચ્યુતેંદ્રનો હુકમ સાંભળી તુરત જ દેવો ચાલ્યા, માગધ, વરદામ, પદ્મદ્રહ અને ગંગાનદીએ આવી નિર્મળજળથી કળશો ભરે છે. એવી રીતે તીર્થોના પાણી અને ઔષધિઓ લેતા લેતા ક્ષીરસમુદ્રે જઈ ત્યાં ઘણા પાણીના કળશો ભરે છે. તેમજ પુષ્પચંગેરી, થાળ, સિંહાસન, ચામર, ધૂપધાણા અને રકાબી વગેરે સિદ્ધાંતમાં કહેલા સુંદર ઉપકરણો એકત્ર કરી મેરુપર્વત પર આવે છે અને પ્રભુના દર્શન કરી આનંદ પામે છે. પોતાની સાથે લાવેલ કળશ વગેરે ત્યાં સ્થાપન કરી ભક્તિપૂર્વક પ્રભુના ગુણગાન કરે છે. ૧ થી ૪

**ઢાળનો અર્થ**—કેટલાક દેવો પોતાની ભક્તિથી, કેટલાક મિત્રોને અનુસરી, કેટલાક સ્ત્રીની પ્રેરણાથી, કેટલાક

જોઈસ વ્યંતર ભવનપતિના, વૈમાનિક સુર આવે,
અચ્ચુતપતિ હુકમે ધરી કળશા, અરિહાને નવરાવે. ૧
અડજાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો,
ચઉસઠ સહસ હુવા અભિષેકે, અઢીસેં ગુણા કરી જાણો;
સાઠ લાખ ઉપર એક કોડી, કળશાનો અધિકાર,
બાસઠ ઈંદ્ર તણા તિહાં બાસઠ, લોકપાલના ચાર. ૨
ચંદ્રની પંક્તિ છાસઠ છાસઠ, રવિ શ્રેણિ નરલોકો,
ગુરુસ્થાનક સુર કેરો એક જ, સામાનિકનો એકો;
સોહમપતિ ઈશાનપતિની, ઈંદ્રાણીના સોળ,
અસુરની દશ ઈંદ્રાણી નાગની, બાર કરે કલ્લોલ. ૩
જ્યોતિષ વ્યંતર ઇંદ્રની ચઉ ચઉ, પર્ષદા ત્રણનો એકો,
કટકપતિ અંગરક્ષક કેરો, એક એક સુવિવેકો;

---

પોતાનો કુલધર્મ વિચારી, કેટલાક ધર્મીદેવો ધર્મની મિત્રતાથી જિનેશ્વરના સ્નાત્રમહોત્સવમાં આવે છે. જિનેશ્વરના જન્મમહોત્સવમાં જ્યોતિષી દેવો, વ્યંતરદેવો, ભવનપતિદેવો અને વૈમાનિકદેવો આવે છે. અને અચ્ચુતેંદ્રના હુકમથી જળથી ભરેલા કળશો લઈ અરિહંત પરમાત્માને નવરાવે છે. ૧

તે કળશો આઠ પ્રકારના હોય છે અને દરેક પ્રકારના આઠ આઠ હજાર હોય છે એટલે કુલ ૬૪૦૦૦ કળશાઓ હોય અને અઢીસો અભિષેકની સંખ્યાવડે ગુણવાથી એક કરોડ સાઠ લાખ કળશોવડે પરમાત્માને અભિષેક થાય છે.

હવે અઢીસો અભિષેક કેવી રીતે થાય ? તે કહે છે. બાસઠ ઈંદ્રના ૬૨, ચાર લોકપાલના ૪, મનુષ્ય લોકના ચંદ્રની છાસઠ પંકિતના ૬૬, છાસઠ સૂર્યની પંકિતના ૬૬,

પરચુરણ સુરનો એક છેલ્લો, એ અઢીસેં અભિષેકો,
ઈશાન ઈંદ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો. ૪
તવ તસ ખોળે ઠવી અરિહાને, સોહમપતિ મનરંગે,
વૃષભરૂપ કરી શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુઅંગે;
પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેશર રંગરોલે,
મંગળદીવો આરતી કરતા, સુરવર જય જય બોલે. ૫
ભેરી ભુંગળ તાલ બજાવત, વળિયા જિન કરધારી,
જનનીઘર માતાને સોંપી, એણીપરે વચન ઉચ્ચારી;
પુત્ર તમારો સ્વામી હમારો, અમ સેવક આધાર,
પંચધાવી રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણહાર. ૬

---

ગુરુસ્થાનકદેવોનો ૧, સામાનિકદેવોનો ૧, સોધર્મેન્દ્ર અને ઈશાનેંદ્રની ઈંદ્રાણીના ૧૬, અસુરેંદ્રની ઈંદ્રાણીના ૧૦, નાગેંદ્રની ઇન્દ્રાણીના ૧૨, જ્યોતિષી ઈન્દ્રની ચાર અગ્રમહિષીના ૪, વ્યંતરેંદ્રની ચાર ઈન્દ્રાણીઓના ૪, ત્રણપર્ષદાનો ૧, કટકપતિનો ૧, અંગરક્ષક દેવોનો ૧ અને પરચુરણ દેવોનો ૧ આ પ્રમાણે અઢીસો અભિષેક થાય છે. ત્યારપછી ઈશાનેન્દ્ર સૌધર્મેન્દ્રને કહે છે કે થોડીવાર પ્રભુને મારા ખોળામાં બેસાડવા મને આપો ૨-૩-૪

તે પ્રમાણે ઈશાનેંદ્રની માગણીથી સૌધર્મેન્દ્રે તેના ખોળામાં પ્રભુને બેસાડી પોતે વૃષભનું રૂપ કરી. શિંગડામાં જળ ભરી તે વડે પ્રભુને અંગે ન્હવણ કરે છે. પછી કેશર વગેરે પૂજા કરી, પુષ્પો ચડાવી, આરતી-મંગળદીવો ઉતારે છે, તે વખતે દેવો જય જય શબ્દ બોલે છે. ૫

ત્યારપછી ભગવંતને હાથમાં ધારણ કરી, ભેરી ભુંગળ વગેરે વાજિંત્ર વગાડતા, તાલી પાડતા વાજતે ગાજતે માતા

**બત્રીશ કોડી કનક મણિ માણેક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે,**
**પૂરણ હર્ષ કરેવા કારણ, દ્વીપ નંદીસર જાવે;**
**કરીય અઠ્ઠાઇ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે;**
**દીક્ષા કેવળને અભિલાષે, નિત નિત જિનગુણ ગાવે. ૭**
**તપગચ્છ ઈસર સિંહાસૂરીસર, કેરા શિષ્ય વડેરા,**
**સત્યવિજય પંન્યાસતણે પદ, કપૂરવિજય ગંભીરા;**
**ખીમાવિજય તસ સુજસવિજયના, શ્રી શુભવિજય સવાયા,**
**પંડિત વીરવિજય તસ શિષ્યે, જિન જન્મ મહોત્સવ ગાયા. ૮**

---

પાસે ઘારે આવી માતાને પ્રભુ સોંપી આ પ્રમાણ વચન કહે છે, 'આ તમારો પુત્ર છે, અમારા સ્વામી છે. અમે તેના સેવકો છીએ, આ પ્રભુ અમારા આધાર છે. એમ કહી પ્રભુને રમાડવા માટે રંભા વગેરે પાંચ ધાવમાતા મુકે છે. ૬

તિયક્જ઼ૃંભક દેવો પરમાત્માના ઘરમાં બત્રીશ ક્રોડ સોનૈયા મણિ, માણેક અને વસ્ત્ર વગેરેની વૃષ્ટિ કરે છે, દેવતાઓ પોતાનો હર્ષ પૂર્ણ કરવા નંદીશ્વરદ્વીપે જાય છે. ત્યાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરી પોત–પોતાના દેવલોકમાં જાય છે. દીક્ષા કલ્યાણક અને કેવલજ્ઞાન કલ્યાણકની અભિલાષાપૂર્વક હંમેશાં જિનેશ્વરના ગુણ ગાય છે ૭

તપગચ્છમાં મહાન આચાર્ય શ્રી સિંહસૂરીશ્વરના મોટા શિષ્ય શ્રી સત્યવિજયજી પંન્યાસ થયા, તેમના શિષ્ય ગંભીર આશયવાળા કપુરવિજયજી થયા, તેમના શિષ્ય ખીમાવિજયજી, તેમના શિષ્ય જશવિજય અને તેમના શિષ્ય શુભવિજયજી થયા. તેમના શિષ્ય પંડિત શ્રી વીરવિજયજી મહારાજ કહે છે, કે–મેં આ શ્રી જિનેશ્વરનો જન્મ-મહોત્સવ ગાયો. ૮

# શ્રી જિનપૂજાની સાત શુદ્ધિ

શ્રાવકોએ રોજ શ્રી જિનેશ્વરદેવોની **દ્રવ્યથી** અને **ભાવથી**–એમ ઉભય પ્રકારે **પૂજા** કરવી જોઈએ. અષ્ટ પ્રકારની પૂજા એ દ્રવ્યપૂજા. દ્રવ્યપૂજા કરનારે સાત પ્રકારની શુદ્ધિ જાળવવામાં ઉપયોગવાળા બનવું જોઈએ. એને માટે ચોસઠપ્રકારી પૂજામાં કહ્યું છે કે—

**'સાતે શુદ્ધિ સમાચરીરે, પૂજીએ અમે રંગે લાલ'**
**અંગ વસન મન ભૂમિકા પૂજો–પકરણ સાર;**
**ન્યાયદ્રવ્ય વિધિશુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર. ૧**

આ સાત શુદ્ધિનાં નામો નીચે મુજબ છે—

૧. **અંગશુદ્ધિ**–શરીર બરાબર શુદ્ધ થઈ રહે એટલા માટે માપસર જળથી સ્નાન કરીને કોરા રૂમાલથી શરીરને બરાબર લુંછવું તથા ન્હાવાનું પાણી ઢોળતાં જીવ–જંતુની વિરાધના ન થાય એ ધ્યાનમાં રાખવું.

૨. **વસ્ત્રશુદ્ધિ**—પૂજા માટે પુરુષોએ બે વસ્ત્ર અને સ્ત્રીઓએ ત્રણ વસ્ત્ર તથા રૂમાલ રાખવો. પુરુષોએ મુખકોશ માટે રૂમાલ રાખવાનો નથી. પૂજા માટેના વસ્ત્રો સફેદ, ફાટયા કે બળ્યા વગરનાં તથા સાંધા વિનાનાં રાખવાં. વસ્ત્રો હંમેશા ચોક્ખાં રહે તેમ કરવું. એ વસ્ત્રો પૂજાના કામ સિવાય બીજા કોઈપણ કામમાં વાપરવાં નહિં. પૂજાના કપડાં પહેરીને વગર ન્હાયેલાને અડવું નહિ.

૩. **મનઃશુદ્ધિ**—જેમ બને તેમ મનને પૂજામાં સ્થિર કરવું. બીજું બધું તે વખતે ભૂલી જવું.

૪. **ભૂમિશુદ્ધિ**—દેરાસરમાં કાજો બરાબર લીધો છે કે કેમ તે જોવું. પૂજાના સાધનો લેવા-મૂકવની જગ્યા પણ જેમ બને તેમ શુદ્ધ રાખવી.

૫. **ઉપકરણશુદ્ધિ**—પૂજામાં જોઇતાં ઉપકરણો કેસર, સુખડ, બરાસ, પુષ્પ, ધૂપ; અગરબત્તી, દીપક, ચોખા ફળ, નૈવેદ્ય વિગેરે જેમ બને તેમ ઉંચી જાતનાં પોતાના ઘરનાં લાવવાં, કળશ, ધૂપધાણાં, ફાનસ, અંગલુંછણાં વગેરે સાધનો ખૂબ ઉજળાં ચકચકાટ રાખવાં. જેમ ઉપકરણની શુદ્ધિ વધારે તેમ આલ્હાદ વધારે આવશે અને ભાવની વૃદ્ધિ થશે.

૬. **દ્રવ્યશુદ્ધિ**-જિનપૂજા આદિ શુભ કાર્યમાં વપરાતું દ્રવ્ય જો ન્યાયથી ઉપાર્જન કરેલું હોય તો ભાવની બહુ જ વૃદ્ધિ થાય છે.

૭. **વિધિશુદ્ધિ**-સ્નાન કરીને શુદ્ધ ઉજળાં વસ્ત્ર પહેરી પૂજાનાં ઉપકરણો લઈ, શુભ ભાવના ભાવતાં જિનમંદિરે જવું. રસ્તામાં કોઈ અશુદ્ધ વસ્તુનો સ્પર્શ ન થઈ જાય એ ધ્યાનમાં રાખવું.

## શ્રી જિનમંદિરમાં પ્રવેશ.

દેરાસરના મુખ્ય દ્વારમાં પ્રવેશ કરતાં મન, વચન અને કાયાએ કરીને ઘર સંબંધી વ્યાપાર-અર્થ અને કામના ત્યાગ રૂપ ત્રણ વખત **પહેલી 'નિસીહિ'** કહેવી. છેટેથી પ્રભુનું મુખ જોતાં ભકિતપૂર્વક બે હાથ ભેગા કરી મસ્તકે લગાડી **'નમો જિણાણં'** બોલવું. જ્યાં પ્રદક્ષિણા ફરી શકાય ત્યાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના માટે ત્રણ

ઉત્કૃષ્ટા એકસો ને સિત્તેર, સમ્પ્રતિ વિચરે વીશ,
અતીત અનાગત કાળે અનંતા, તીર્થંકર જગદીશ;
સાધારણ એ કળશ જે ગાવે, શ્રી શુભવીર સવાઈ,
મંગળલીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઈ. ૯

---

(પ્રભુને વધાવવાં)

**[ સ્નાત્ર પૂજા સમાપ્ત ]**

(અહીં કળશથી અભિષેક કરી પંચામૃતનો પખાલ કરવો. પછી પૂજા કરી, પુષ્પ ચઢાવી, લુણ ઉતારી, આરતી તથા મંગળદીવો ઉતારવો.)

ઉત્કૃષ્ટ કાળે એકી સાથે ૧૭૦ તીર્થંકરો વિચરતા હોય છે (અજિતનાથસ્વામીનાથ વારે વિચરતા હતા), વર્તમાન કાળે વીશ તીર્થંકરો (મહાવિદેહમાં) વિચરી રહ્યા છે. ભૂતકાળમાં અનંત તીર્થંકરો થઈ ગયા, ભવિષ્યકાળમાં અનંત તીર્થંકરો થશે. સામાન્યપણે આ કળશ જે ગાય છે તે અને કર્ત્તા શ્રી વીરવિજયજી મહારાજ આનંમંગળયુકત ઘણું સુખ પામે છે. અને દરેક ઘરે હર્ષના વધામણાં થાય છે. ૯

પ્રદક્ષિણા દેવી. પ્રદક્ષિણા ફરતાં અને ફર્યા પછી પણ દેરાસરમાંથી આશતના ટાળવા બનતું કરવું. પછી મૂળનાયક પ્રભુની સન્મુખ જઈ સ્તુતિના શ્લોકો બોલવા.. પુરુષોએ જમણી અને સ્ત્રીઓએ ડાબી બાજુ ઉભા રહેવું. સ્તુતિઓ બોલતી વખતે અર્ધું અંગ નમાવવું.

પૂજા કરનારને પોતાના કપાળમાં, ગળે, છાતીએ અને નાભિએ–એમ ચાર તિલક કરવાં. પછી દેરાસર સંબંધી કાર્યના ત્યાગરૂપબીજી 'નિસીહિ' કહીદ્રવ્યપૂજામાં જોડાવું.

## અષ્ટપ્રકારી પૂજાને ક્રમ,

અષ્ટપ્રકારી પૂજા કરવી. એ આઠ પ્રકારોમાંપહેલા ત્રણ પ્રકારોની પૂજાને અગંપૂજા કહેવાય છે. જ્યારે બાકીના પાંચ પ્રકારોની પૂજાને અગ્રપૂજા કહેવાય છે. પહેલી ત્રણ પૂજા પ્રભુના અંગને સ્પર્શ કરીને કરવાની હોવાથી, તેને 'અંગપૂજા' કહેવાય છે. અને બીજી પાંચ પૂજા પ્રભુની સન્મુખ રહીને કરવાની હોવાથી 'અગ્રપૂજા' કહેવાય છે.

જેના શરીરમાંથી રસી ઝરતી હોય તેણે અંગપૂજા પોતે નહિ કરવી, પણ પોતાના ચંદન–પુષ્પ આદિથી બીજા પાસે કરાવી અગ્રપૂજા તથા ભાવપૂજા પોતે કરવી.

---

# અષ્ટ પ્રકારી પૂજાના દુહા

## ૧. જલ પૂજાનો દુહો

જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ;
જલપૂજા ફળ મુજ હજો, માગો એમ પ્રભુ પાસ. ૧

---

જ્ઞાનકળશ ભરી આતમા, સમતા રસ ભરપૂર;
શ્રી જિનને નવરાવતાં, કર્મ હોયે ચકચૂર. ૨

---

શ્રી જિનેશ્વર પરમાત્માની જળપૂજા વિધિ પૂર્વક કરો, જળપૂજા કરવાથી આત્મા ઉપર અનાદિકાળથી વળગેલ કર્મ રૂપ મેલ દૂર થાય છે. જળપૂજા કરી પ્રભુ પાસે માગણી કરો કે હે પ્રભુ આ જળપૂજાના પ્રભાવે કર્મમળદૂર થવા રૂપ ફળ મને પ્રાપ્ત થાઓ. ૧

જળપૂજા કરતી વખતે ભાવના ભાવવી કે આ આત્મા જ્ઞાનરૂપી કળશમાં વિપુલ સમતારૂપ રસને ભરીને શ્રી જિનેશ્વરને નવરાવી રહ્યો છે, અને તેથી આપણા આત્મામાં રહેલ કર્મના ચૂરેચૂરા થાય છે. ૧.

મેરુ શિખર નવરાવે હો સુરપતિ–મેરુ૦
જન્મકાળ જિનવરજીકો જાણી,
પંચરૂપ કરી આવે. હો સુર૦ ૧

રત્ન પ્રમુખ અડ જાતિના કળશા,
ઔષધિ ચૂરણ મિલાવે;
ખીર સમુદ્ર તીર્થોદક આણી,
સ્નાત્ર કરી ગુણ ગાવે. હો સુર૦ ૨

એણી પરે જિનપ્રતિમાકો નવણ કરી,
બોધિબીજ માનું વાવે;
અનુક્રમે ગુણ રત્નાકર ફરસી,
જિન ઉત્તમ પદ પાવે. હો સુર૦ ૩

---

શ્રી જિનેશ્વર ભગવંતનો જન્મ સમય જાણીને ઈંદ્ર મહારાજ આવે છે. અને પોતાના પાંચ રૂપ કરીને મેરુપર્વત ઉપર પ્રભુને લઈ જઈને પ્રભુને નવરાવેછે. ૧

રત્ન વગેરે આઠ જાતિના કળશો બનાવી તેમાં ક્ષીર સમુદ્ર તેમજ માગધ વગેરે તીર્થો તથા પવિત્ર નદીઓનાં પાણી ભરી તેમાં ઔષધીના ચૂર્ણો મેળવી પ્રભુનું તે જળથી સ્નાત્ર કરી પ્રભુના ગુણોનું ગાન કરે છે. ૨.

એવી રીતે શ્રી જિનેશ્વરની પ્રતિમાનું સ્નાત્ર કરનારા જીવો પોતાના આત્મામાં બોધિબીજ–સમકિતનેવાવે છે, અને અનુક્રમે ગુણરૂપી રત્નોના સમૂહનો આત્મામાં સ્પર્શ કરી–આત્મામાં પેદા કરી શ્રી જિનેશ્વરનું ઉત્તમપદ મોક્ષ પામે છે. ૩

(રાગ—માલકોશ)

**આનંદભર, નવણ કરો, જિનચંદ—આનંદભર૦**
**કંચન-રતન-કળશ જલભરકે, મહકે બરાસ સુગંધ;**
**સુરગિરિ ઉપર સુરપતિ સઘરે,**
**પૂજે ત્રિભુવન ઇંદ. આનંદ૦ ૧**

**શ્રાવક તિમ જિન નવણ કરીને, કાટે કલિમલ ફંદ**
**આતમ નિર્મલ સબ અઘટાલી,**
**અરિહંત રૂપ અમંદ૦ આનંદ૦ ૩**

**મંત્ર-ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય**
**જન્મજરામૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય**
**જલં યજામહે સ્વાહા, એજ રીતે દરેક પૂજાને**
**અંતે જે પૂજા હોય તેનું પદ જોડી ઉપરનો મંત્રબોલવો.**

---

આનંદના સમૂહને ધારણ કરી શ્રી જિનચંદ્રને નવણ કરો. બરાસની સુગંધથી મઘમઘાટ કરતાં સુવર્ણ–રત્ન વગેરેના કળશો ભરીને પ્રભુને મેરુપર્વત ઉપર લઈ જઈને ત્રણે ભુવનના સર્વ ઇંદ્રો (પાતાલવાસી, ભવનપતિ, વ્યંતર-વાણવ્યંતરના ઈંદ્રો, મધ્યલોક વાસી ચંદ્ર–સૂર્યના ઇંદ્રો, ઉર્ધ્વલોક વાસી બાર દેવલોકના ઈંદ્રો) ત્રણે ભુવનના ઈંદ્ર એવા શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા કરે છે, ૧

તેવી રીતે શ્રાવક લોક પણ શ્રી જિનેશ્વરનું નવણ કરીને સર્વ કલેશરૂપ મળના સમૂહને કાપે છે. સર્વ પાપ દૂર કરી આત્માને નિર્મળ બનાવી તેજસ્વી અરિહંતના રૂપને મેળવે છે. ૨

### ચંદન પૂજાનો દુહો

શીતલ ગુણ જેહમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ રંગ;
આત્મ શીતલ કરવા ભણી પૂજા અરિહા અંગ. ૨

### જિન નવઅંગ પૂજાના દુહા

જલ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત;
ઋષભ ચરણ અંગુઠડે, દાયક ભવજલ અંત. ૧

( પ્રભુના જમણા-ડાબા અંગુઠે તિલક કરવું)

---

જાનુબળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ-વિદેશ;
ખડા ખડાં કેવળ લહ્યુ. પૂજો જાનુ નરેશ. ૨

(પ્રભુના જમણાં-ડાબા ઢીંચણે તિલક કરવું)

---

જે ચંદનમાં શીતળગુણ રહ્યો છે, પ્રભુના મુખનો રંગ પણ શીતળ છે. પોતાના આત્માને શીતળ કરવા માટે અરિહંતોના નવ અંગે ચંદનપૂજા કરો. ૧

શ્રી યુગલિક મનુષ્યો પત્રના પડીયામા પાણી ભરીને પ્રભુના રાજ્યાભિષેક વખતે ઇંદ્ર મહારાજાએ આખા શરીરે વસ્ત્રાભરણો પહેરાવેલો હોવાથી ઋષભદેવ ભગવંતના પગને અંગૂઠે પૂજા કરી હતી. પ્રભુની પૂજા સંસારસમુદ્રનો અંત કરે છે. ૧

જે પરમાત્મા પોતાની જાનુઓના બળે કરીને કાયોત્સર્ગ ધ્યાને રહ્યા અને દેશ-વિદેશમાં વિચર્યા તેમજ ઉભા ઉભા રહીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું તે પ્રભુઓના જાનુ-ઢીંચણની પૂજા તમે કરો. ૨

**લોકાંતિક વચને કરી, વરસ્યા વરસીદાન;**
**કર-કાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુ માન. ૩**

(પ્રભુના જમણાં-ડાબા કાંડે તિલક કરવું)

---

**માન ગયું હોય અંસથી, દેખી વીર્ય અનંત;**
**ભુજાબળે ભવજલ તર્યા, પૂજો ખંધ મહંત. ૪**

(પ્રભુના જમણાં-ડાબા ખભે તિલક કરવું)

---

**સિદ્ધ શિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત;**
**વસિયા તેણે કારણ ભવી, શિરશિખા પૂજંત. ૫**

(પ્રભુની મસ્તક-શિખાએ તિલક કરવું)

---

નવ દેવોનલોકાંતિકા વચનથી દીક્ષા અવસર જાણી જે પ્રભુએ એક વર્ષ સુધી વાર્ષિકદાન આપ્યું તે પ્રભુના હાથના કાંડાઓની પૂજા હે ભવ્ય જીવો! ઘણા ભાવપૂર્વક કરો. ૩

પ્રભુનું અનંત પરાક્રમ જોઈ જે પ્રભુના બે ખભામાંથી માન ચાલી ગયું અને જે પ્રભુ ભૂજાના બળથી સંસાર સમુદ્રને તર્યા તે પ્રભુના સ્કંધને-ખભાનો પૂજો. ૪

સિદ્ધશિલા ઉજ્જવળ ગુણવાળી છે અને ભગવંત લોકના અંતે વસ્યા છે તેથી હે ભવ્યો! પ્રભુના મસ્તકની શિખાનું પૂજાનુ કરો. ૫

તીર્થંકર-પદપુણ્યથી, ત્રિભુવન-જન સેવંત;
ત્રિભુવન-તિલક સમા પ્રભુ, ભાલ-તિલક જયવંત, ૬
(પ્રભુના કપાલમાં તિલક કરવું)

---

સોળ પહોર પ્રભુ-દેશના, કંઠે વિવર વર્તુલ;
મધુરધ્વન સુર-નર સુણે તેણે ગળે તિલક અમૂલ. ૬
(પ્રભુના કંઠે તિલક કરવું)

---

હૃદયકમળ ઉપશમ બળે, બાળ્યા રાગને રોષ;
હિમ દહે વનખંડને, હૃદય તિલક સંતોષ. ૮
(પ્રભુને છાતીએ તિલક કરવું.)

---

તીર્થંકરપદના પુણ્યથી ત્રણ ભૂવનના જીવો પ્રભુની સેવા કરે છે. તેમજ પ્રભુ ત્રણ ભૂવનના તિલક સમાન છે. પ્રભુના કપાળે તિલક જયવંત વર્તે છે. ૬

શ્રીવીર પ્રભુએ પોતાના નિર્વાણ સમયે પોતાના કંઠથી સોળ પહોર સુધી દેશના આપી હતી, અને મધુર ધ્વનિ-વાળી તે દેશના દેવો અને મનુષ્યો સાંભળી તે પ્રભુના કંઠે અમૂલ્ય તિલક કરો. ૭

ઠંડો હિમ જેમ વનનાં વૃક્ષોને બાળી નાંખે છે, તેમ જે પ્રભુએ હૃદયકમળના ઉપશમના બળથી રાગ અને દ્વેષને બાળી નાંખ્યા, તે હૃદયમાં કરેલ તિલક સંતોષ ઉત્પન્ન કરે છે. ૮

**રત્નત્રયી ગુણ ઉજળી, સકલ સુગુણ વિશ્રામ;**
**નાભિકમલની પૂજના, કરતાં અવિચલ ધામ. ૯**
(પ્રભુની નાભિએ તિલક કરવું.)

---

**ઉપદેશક નવ તત્ત્વના, તેણે નવ અંગ જિણંદ;**
**પૂજો બહુવિધિ રાગશું, કહે શુભવીર મુણિંદ. ૧૦**

---

## પુષ્પ પૂજાનો દુહો

**સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગત-સંતાપ;**
**સુમ-જંતુ ભવ્ય જ પરે, કરીએ સમકિત છાપ. ૩**

---

દર્શન-જ્ઞાન-ચારિત્રરુપી રત્નમયી ગુણોથી ઉજ્વળ છે, તે રત્નત્રયી સર્વસુગુણોના વિશ્રામ સ્થાનરૂપ છે. પ્રભુની નાભિકમળની પૂજા કરવાથી આત્મા અવિચળ સ્થાન મોક્ષ-પદને પામે છે. ૯

શ્રી જિનેશ્વર ભગવાન જીવજીવાદિ નવ તત્ત્વોનો ઉપદેશ આપનારા છે તેથી શ્રી જિનેશ્વરના નવ અંગે અતિશય રાગથી પુજા કરો એમ શ્રીશુભવિજયજી મહારાજના શિષ્ય શ્રીવીરવિજયજી મહારાજ કહે છે. ૧૦

શ્રીજિનેશ્વરદેવ કે જેમના સર્વ સંતાપ દૂર થયા છે તેમની સુગંધી અને અખંડ ફૂલો વડે પૂજા કરો અને જેમ પૂજામાં વપરાતા પુષ્પના જીવ ભવ્ય હોય છે, તેની પેઠે સમક્તિની છાપ મહોર આપણી કરીએ. ૩

## ધૂપ પુજાનો દુહો

ધ્યાનઘટા પ્રગટાવીએ, વામનયન જિનધૂપ;
મિચ્છત્ત દુર્ગંધ દૂરે ટળે, પ્રગટે આત્મ સ્વરૂપ. ૪

અમે ધૂપની પૂજા કરીએ રે,
ઓ મન માન્યા મોહનજી.
પ્રભુ ધૂપ ઘટા અનુસરીએ રે,
ઓ મન માન્યા મોહનજી;
પ્રભુ નહિ કોઈ તમારી તોલે રે,
ઓ મન માન્યા મોહનજી.
અંતે છે શરણુ તમારું રે.
ઓ મન માન્યા મોહનજી. (૧)

---

પ્રભુના ડાબા નેત્રની તરફ ધ્યાનની ઘટા રૂપ ધૂપ કરીએ તેથી મિથ્યાત્વ રૂપ દુર્ગંધ દૂર જાય અને આત્મ સ્વરૂપ પ્રગટ થાય. ૪

હે મનના માન્ય મોહનગારા પ્રભુજી ! અમે આપની ધૂપ પૂજા કરીએ, છીએ, અમે હાથમાં ધૂપની ઘટાને ધારણ કરીએ છીએ. હે પ્રભુ ! આ જગતમાં કોઈ પણ તમારા સમાન નથી અને હે પ્રભુ ! છેવટે સર્વ જીવોને આપનું જ શરણુ છે. (૧)

## દીપક પૂજાનો દુહો

દ્રવ્ય-દીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક;
ભાવ-પ્રદીપ પ્રગટ હુએ, ભાસિત લોકાલોક. ૫

---

## અક્ષત પૂજાનો દુહો

શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત્ત વિશાળ;
પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાલી સકલ જંજાળ ૬

(ચોખાની સિદ્ધ શિલા અને ઢગલીઓ કરતાં ભાવવું કે)

ૐ

દર્શન-જ્ઞાન-ચારિત્રના, આરાધનથી સાર;
સિદ્ધ શિલાની ઉપરે, હો મુજ વાસ શ્રીકાર ૧

---

ઉત્તમ વિવેકપૂર્વક પ્રભુજીનીઆગળ દ્રવ્ય દીપક કરવાથી બધાં દુઃખો નાશ પામે છે. અને લોક-અલોકને પ્રકાશ કરનાર કેવળ જ્ઞાનરૂપી ભાવ દીપક પ્રગટ થાય છે.

શુદ્ધ અને અખંડ અક્ષત-ચોખા લઈને પ્રભુજીની આગળ વિશાળ નંદાવર્ત સાથીયો કરી, સર્વ જંજાળને છોડી પ્રભજીની સન્મુખ રહો. ૬

દર્શન, જ્ઞાન અને ચારિત્રની સુંદર આરાધના કરવાથી શ્રી સિદ્ધ શિલાની ઉપર આત્મ લક્ષ્મીને કરનારો મારો નિવાસ હોજો. ૧

અષ્ટ પ્રકારી પૂજા કર્યા પછી લુણ ઉતારી આરતી તથા મંગળદીવો ઉતારવા,

## લૂણ ઉતારણ

લૂણ ઉતારો જિનવર અંગે,
નિર્મળ જલધારા મનરંગે. લૂણ૦ ૧
જિમ જિમ તડ તડ લૂણ જ ફૂટે,
તિમ તિમ અશુભ કર્મબંધ તૂટે. લૂણ૦ ૨
નયન સલુણાં શ્રી જિનજીનાં,
અનુપમ રૂપ દયારસ ભીનાં. લૂણ૦ ૩
રૂપ સલુણું જિનજીનું દીસે;
લાજ્યું લૂણ તે જલમાં પેસે. લૂણ૦ ૪
ત્રણ પ્રદક્ષિણા દેઈ જલધારા

---

પરમપુરુષ, પરમેશ્વર, જન્મ-જરા-મૃત્યુને નિવારનાર શ્રીમાન્ જિનેશ્વર ભગવંતની અમે ફળવડે પૂજા કરીએ છીએ.

**લુણ ઉતારણનો અર્થ**—મનમાં ઉલ્લાસ ધારણ કરી નિર્મળ જળની ધારા દેવા પૂર્વક પ્રભુના અંગે લુણ ઉતારો. ૧

અગ્નિ નાખવાથી જેમ લૂણ તડ તડ અવાજ કરતું ફૂટે છે, તેમ તેમ પૂજકના અશુભકર્મના બંધો તૂટે છે. ૨

શ્રી જિનેશ્વર ભગવંતના અનુપમ રૂપવાળા અને દયા રસથી ભીના એવા સુંદર નેત્રો શોભે છે. ૩

શ્રી જિનેશ્વરનું સુંદર રૂપ જોઈને જાણે શરમાઈ ગયેલ હોય તેમ લુણ પાણીમાં પેસી જાય છે. ૪

## 卐 હવે સાથીયો કરતી વખતે

અક્ષતપૂજા કરતાં થકાં, સફળ કરું અવતાર;
ફળ માગું પ્રભુ આગળે, તાર તાર મુજ તાર. ૧
સાંસારિક ફળ માગીને, રવડયો બહુ સંસાર;
અષ્ટ કર્મ નિવારવા, માગું મોક્ષફળ સાર. ૨
ચિહું ગતિ ભ્રમણ સંસારમાં, જન્મ-મરણ-જંજાલ;
પંચમગતિ વિણ જીવને, સુખ નહિ ત્રિહું કાલ; ૧

## નૈવેદ્ય પૂજાનો દુહો

અણાહારી પદ મેં કર્યા, વિગ્ગહ-ગઇય અનંત;
દૂર કરી તે દીજીએ, અણાહારી શિવ સંત. ૭

---

પ્રભુજીની સન્મુખ અક્ષત પૂજા કરીને મારો જન્મ સફળ કરૂં છું, અને પ્રભુજીની પાસે તેના ફળ રુપે માગણી કરું છું કે હે પ્રભુ મને તારો તારો! ૧

સંસારને લગતાં ફળોની માગણી કરીને સંસારમાં હું ઘણું રખડયો છું તેથી આઠ કર્મોને દૂર કરવા માટે સાર ભૂત એવા મોક્ષ રુપ ફળની માંગણી કરું છું ૨

ચાર ગતિ રુપ સંસારમાં ભ્રમણ કવાથી જન્મ-મરણ આદિની અનેક જંજાળો સહન કરવી પડે છે. પાંચમી ગતિ-મોક્ષ સિવાય આ જીવને ત્રણે કાળમાં જરા પણ સુખ નથી. ૩

હે પ્રભુ! મેં વિગ્રહ ગતિમાં ( એક ભવમાથી બીજા ભવમાં જતાં વચ્ચે ) અનંતી વખત અણાહારી પદ મેળવ્યું છે. તેવા અણાહારી ને દૂર કરી હે સંત પ્રભુ! મને મોક્ષરૂપ અણાહારી પદ આપો. ૭

## ફલ પૂજાનો દુહો

ઈન્દ્રાદિક પૂજા ભણી, ફલ લાવે ધરી રાગ;
પુરુષોત્તમ પૂજી કરી, માગે શિવ-ફલ ત્યાગ. ૮

---

## ચામર પૂજા કરતાં બોલવાની ગાથા

બે બાજુ ચામર ઢાળે, એક આગળ વજ્ર ઉલાળે;
જઇ મેરુ ધરી ઉત્સંગે, ઈન્દ્ર ચોસઠ મલિયા રંગે,
પ્રભુ પાસનું મુખડું જોવા, ભવોભવનાં પાતિક ખોવા ૧

---

ઈન્દ્ર વગેરે પ્રભુની પૂજા કરતી વખતે રાગ ધારણ કરી ઉત્તમ ફળો લાવે છે. અને પુરુષોમાં ઉત્તમ એવા પરમાત્માની પૂજા કરી પરમાત્મા પાસે મોક્ષ રૂપી ફળના દાનની માગણી કરે છે, ૮

જ્યારે ઈંદ્ર ભગવાનનો જન્માભિષેક કરવા પ્રભુને લઈ જાય છે. ત્યારે પ્રભુની બંને બાજુએ બે રૂપ કરી ચામર ઢાળે છે, એક રૂપે પ્રભુની આગળ વજ્ર ઉછાળે છે, મેરૂ પર્વત ઉપર પ્રભુને લઈ જઈ પ્રભુને ખોળામાં બેસારે છે. તે વખતે ચોસઠ ઈંદ્ર ભેગા થાય છે; પાર્શ્વ પ્રભુનું મુખ જોવાથી ભવોભવનાં પાપો નાશ પામે છે. ૧

જલણ ખેપવીએ લૂણ ઉદ્દાર૦ લૂણ૦ ૫
જે જિન ઉપર દુમણો પ્રાણી;
તે એમ થાજો લૂણ જ્યું પાણી. લૂણ૦ ૬
અગર કૃષ્ણગરુ કંદરુ સુગંધે,
ધૂપ કરીજે વિવિધ પ્રબંધે. લૂણ૦ ૭

## શ્રી આદિ જિન આરતી

જય જય આરતી આદિ જિણંદા,
નાભિરાયા મરૂદેવીકો નંદા. જય૦ ૧
પહેલી આરતી પૂજા કીજે,
નરભવ પામીને લાહો લીજે. જય૦ ૨
દૂસરી આરતી દિનદયાળા,
ધૂળેવા મંડપમા જગ અજવાળા, જય૦ ૩
તીસરી આરતી ત્રિભુવન દેવા,

---

જળધારાની ત્રણ પ્રદક્ષિણા દઈ,લુણને અગ્નિમાં નાંખવુ.

જે પાણી શ્રી જિનેશ્વર ભગવંત પ્રત્યે દુષ્ટ મનવાળો થાય છે તે પાણીમાં જેમ લુણ ઓગળી જાય ને તેમ દૂખી થાય છે. ૬

અગર, કૃષ્ણાગરૂ અને કુંદરુ વગેરે સુગંધી દ્રવ્યોથી બનાવેલો ધૂપ શ્રી પ્રભુની સન્મુખ કરીએ. ૭

**આદિજિન આરતીનો અર્થ**—આ આરતીમાં શ્રી નાભિરામ અને મરુદેવી માતાના પુત્ર શ્રી આદિ જિનેંદ્ર જયવંતા વર્ત્તો. ૧

પ્રથમ આંરતીમાં શ્રી તીર્થંકર પરમાત્માની પૂજા કરીને આ મનુષ્યભવ પ્રાપ્ત કર્યાનો લાભ લઈએ. ૨

બીજી આરતીમાં દીનદયાળ પરમાત્માએ ધૂલેવા (કેસરીયાજી) મંડપમાં બીરાજી જગત પર પ્રકાશ પાથર્યો. ૩

સુર નર ઈન્દ્ર કરે તોરી સેવા. જય૦ ૪
ચોથી આરતી ચૌગતિ ચૂરે,
મનવાંછિત ફળ શિવસુખ પૂરે. જય૦ ૫
પંચમી આરતી પુન્ય ઉપાયા,
મૂળચંદે ઋષભ ગુણ ગાયા. જય૦

## મંગળ દીવો.

દીવો રે દીવો મંગલિક દીવો,
આરતી ઉતારણ બહુ ચિરંજીવો. દી૦ ૧
સોહામણું ઘર પર્વ દીવાળી,
અંબર ખેલે અમરાબાળી. દી૦ ૨
દીપાળ ભણે એણે કુલ અજવાળી,
ભાવે ભગતે વિઘન નિવારી. દી૦ ૩

---

હે ત્રિભુવનદેવ ! ત્રીજી આરતીમાં દેવેંદ્રો અને નરેન્દ્રો તમારી સેવા કરે છે. ૪

ચોથી આરતી ચાર ગતિને ચૂરનારી છે, અને શિવસુખ રૂપ મનવાંછિત ફળને પૂરનારી છે. ૫.

પાંચમી આરતી પુન્યના ઉપાયરૂપ છે. આ રીતે કર્તા મૂળચંદે ઋષભદેવ પ્રભુના ગુણો ગાયા. ૬

**મંગળદીવાનો અર્થ**—આ દીપક મંગલ કરનાર છે. ભગવાનની આરતી ઉતારનાર ઘણું લાંબુ જીવો. ૧

દીપકની શ્રેણીરૂપ પર્વ જિનઘને શોભાવે છે. આપ્રસંગે આકાશમાં દેવકન્યાઓ નૃત્ય કરે છે, ૨

દેપાલ કવિ ( અથવા દીપકની શ્રેણી) કહે છે કે ભાવ પૂર્વક કરેલી ભક્તિ કુલને અજવાળે છે. અને બધાં વિઘ્નો દૂર કરે છે. ૩

દીપાળ ભણે એણે એ કળિકાલે,
આરતી ઉતારી રાજા કુમારપાલે. દી૦ ૪
અમ ઘેર મંગલિક તુમ ઘેર માંગલિક,
મંગલિક ચતુર્વિધ સંઘને હોજો. દી૦ ૫

## શ્રી શાંતિકળશ

નમોઽર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાય-સર્વસાધુભ્યઃ,
અથવા એક નવકાર બોલી મોટી શાંતિ પ્રકાશવી.

## બૃહશાન્તિસ્મરણ

ભો ભો ભવ્યાઃ! શૃણુત વચનં પ્રસ્તુતં સર્વમેતદ્,
યે યાત્રાયાં ત્રિભુવનગુરોરાર્હતા ભક્તિભાજઃ;

કર્ત્તા દેપાલ કવિ કહે છે કે-આ કલિકાલમાં કુમારપાળ રાજાએ ભગવાનની આરતી ઉતારી છે. ૪

પછી એક કૂંડી લઈને તેમાં કંકુનો સાથીયો કરી, રૂપનાણું મૂકવું પછી શાંતકળશ કરનારને કપાળે કંકુનો ચાંલ્લો કરી અક્ષત ચોડી તેના ગળામાં પુષ્પનો હાર પહેરાવવો. પછી શાંતિકળશ કરનારે પ્રભુને અક્ષતથી વધાવવા.

પછી શાંતિકળશ કરનારના હાથમાં કંકુનો સાથીયો કરી ઉપર કળશ મૂકવો. શાંતિકળશ કરનારે નવકાર ગણી કળશની ધાર શરૂ કરવી.

આમારા ઘરે, તમારા ઘરે અને ચતુર્વિધ સંઘમાં માંગલિક થજો. ૫

**તેષાં શાંતિર્ભવતુ ભવતામર્હદાદિપ્રભાવા-**
**દારોગ્ય-શ્રીધૃતિ-મતિકરી ક્લેશવિધ્વંસહેતુઃ. ૧**

**ભો ! ભો ! ભવ્યલોકા ! ઇહ હિ ભરતૈરાવતવિદેહસંભ-વાનાં સમસ્તતીર્થકૃતાં જન્મન્યાસનપ્રકંપાનંતરમવધિના વિજ્ઞાય સૌધર્માધિપતિઃ સુઘોષાઘંટાચાલનાનંતરં સકલ-સુરાસુરેન્દ્રૈઃ સહ સમાગત્ય સવિનયમર્હદ્ભટ્ટારકં ગૃહીત્વા ગત્વા કનકાદ્રિશૃંગે વિહતજન્માભિષેકઃ શાંતિમુદ્ઘોષાયતિ યથા, તતોઽહં કૃતાનુકારમિતિ કૃત્વા " મહાજનો યેન ગતઃ સ પંથા " ઇતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય શાંતિમુદ્ઘોષયામિ, તત્પૂજા-યાત્રાસ્નાત્રાદિમહો-ત્સવાનંતરમિતિ કૃત્વા કર્ણં દત્વા નિશમ્યતા નિશમ્યતાં સ્વાહા.**

---

**બૃહચ્છાન્તિનો અર્થ**-હે ભવ્યજનો ! તમે આ સર્વ મારું પ્રાસંગિક વચન સાંભળો. જે શ્રાવકો જિનેશ્વરની (રથ) યાત્રામાં ભક્તિવંત છે. તે આપ શ્રીમાનોને અર્હદ્ વગેરેના પ્રભાવથી આરોગ્ય, લક્ષ્મી, ચિત્તની સ્વસ્થતા અને બુદ્ધિને આપનારી તથા સર્વ ક્લેશ-પીડાનો નાશ કરવામાં કારણભૂત એવી શાંતિ પ્રાપ્ત થાઓ. ૧

હે ભવ્યજનો ! આજ અઢીદ્વીપમાં ભરત, ઐરવત અને મહાવિદેહક્ષેત્રમાં જન્મેલા સર્વ તીર્થંકરોના જન્મ સમયે પોતાનું આસન કંપાતા સૌધર્મેન્દ્ર અવધિજ્ઞાનથી તીર્થંકરનો જન્મ થયેલો જાણીને, સુઘોષા ઘંટ વગડાવીને બધા અસુરેન્દ્રો સાથે આવીને વિનયપૂર્વક શ્રી અરિહંત

ॐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયંતાં પ્રીયન્તાં ભગવંતોऽર્હન્તઃ સર્વજ્ઞાઃ સર્વદર્શિન-સ્ત્રિલોકનાથા-સ્ત્રિલોકમહિતા-સ્ત્રિલોક-પૂજ્યા-સ્ત્રિલોકેશ્વરા-સ્ત્રિલોકોદ્યોતકરાઃ.

ॐ ઋષભ-અજિતા-સંભવ-અભિનંદન-સુમતિ-પદ્મ-પ્રભ-સુપાર્શ્વ-ચંદ્રપ્રભ-સુવિધ-શીતલ- શ્રેયાંસ-વાસુપૂજ્ય-વિમલ-અનંત-ધર્મ-શાંતિ-કુંથુ-અર-મલ્લિ- મુનિસુવ્રત-નમિ-નેમિ-પાર્શ્વ-વર્ધમાનાંતા જિનાઃ શાંતાઃ શાંતિકરા ભવંતુ સ્વાહા.

---

ભગવંતને હાથમાં ગ્રહણ કરીને મેરૂપર્વતના શિખર પર લઇ જઈને જન્માભિષેક કર્યા પછી જેમ શાંતિની ઉદ્દઘોષણા કરે છે, તેમ હું પણ કરેલાનું અનુકરણ કરવું એમ માનીને 'મહાજન જે માર્ગે જાય તે માર્ગ' એમ જાણીને ભવ્યજનો સાથે આવીને સ્નાત્રપીઠે સ્નાત્ર કરીને શાંતિની ઉદ્દઘોષણા કરું છું. તો તમે બધા પૂજા-મહોત્વ, સ્નાત્ર-મહોત્વ વગેરેની પૂર્ણતા કરીને કાન દઈને સાંભળો ! સાંભળો ! સ્વાહા.

ॐ આજનો દિવસ પવિત્ર છે. આ અવસર માંગલિક છે. સર્વજ્ઞ, સર્વદર્શી, ત્રિલોકના નાથ, ત્રિલોકથી પૂજિત, ત્રિલોકના પૂજ્ય, ત્રિલોકના ઇશ્વર, ત્રિલોકમાં ઉદ્યોત કરનારા અરિહંત ભગવંત પ્રસન્ન થાઓ.

ॐ ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદનસ્વામી, સુમતિનાથ, પદ્મપ્રભ, સુપાર્શ્વનાથ, ચન્દ્રપ્રભ, સુવિધિનાથ, શીતલનાથ શ્રેયાંસનાથ, વાસુપૂજ્ય સ્વામી, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિ-

**ૐ મનયો મુનિપ્રવરા રિપુવિજયદુર્ભિક્ષકાંતારેષુ દુર્ગ-માર્ગેષુ રક્ષતુ વો નિત્યં સ્વાહા.**

**ૐ-શ્રી-હ્રી ધૃતિ-મતિ-કીર્તિ-કાંતિ-બુદ્ધિ-લક્ષ્મી-મેધા વિદ્યાસાધન-પ્રવેશ-નિવેશનેષુ સુગૃહીતનામાનો જયંતુ તે જિનેંદ્રાઃ.**

**ૐ રોહિણી-પ્રજ્ઞપ્તિ-વજ્રશૃંખલા-વજ્ર કુશી-અપ્રતિ-ચક્રા-પુરુષદત્તા-કાલી-મહાકાલી-ગૌરી ગાંધારી-સર્વાસ્ત્રા-મહાજ્વાલા-માનવી-વૈરોટ્યા-અચ્છુપ્તા માનસી-મહામા-નસી ષોડશ વિદ્યાદેવ્યો રક્ષન્તુ વો નિત્યં સ્વાહા.**

---

સુવ્રતસ્વામી, નમિનાથ, નેમિનાથ પાર્શ્વનાથ અને વર્ધમાન-સ્વામી જેમાં છેલ્લા છે. એવા ચોવીસે શાન્ત-કષાયાદિથી ઉપશાંત થયેલા જિનો અમને શાંતિ કરનારા થાઓ. સ્વાહા.

ૐ શત્રુવડે કરવામાં આવતા વિજયપ્રસંગે, દુષ્કાલમાં, ગહન અટવીમાં તથા વિકટ માર્ગો ઓળંગવાના પ્રસંગે મુનિઓમાં શ્રેષ્ઠ એવા મુનિઓ તમારું નિત્ય રક્ષણ કરો. સ્વાહા.

ૐ શ્રી, હ્રી, ધૃતિ, મતિ, કીર્તિ, કાન્ત બુદ્ધિ, લક્ષ્મી અને મેધા એ નવસ્વરૂપવાળી સરસ્વતીની સાધનામાં, યોગના પ્રવેશમાં તેમજ મંત્રજપનાં નિવેશનમાં જેમનાં નામોનું આંદરપૂર્વક ઉચ્ચારણ કરાય છે, તે જિનવરો જય પામો સાન્નિધ્ય કરનારા થાઓ.

ૐ રોહિણી; પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રંકુંશી, અપ્રતિચક્રા, પુરુષદત્તા, કાલી, મહાકાલી, ગૌરી, ગાંધારી,

ૐ આચાર્યોપાધ્યાયપ્રભૃતિચાતુર્વર્ણ્યસ્ય શ્રીશ્રમણ સંઘસ્ય શાંતિર્ભવતુ તુષ્ટિર્ભવતુ પુષ્ટિર્ભવતુ.

ૐ ગ્રહાશ્ચંદ્રસૂર્યાં-ગારકબુધ-બૃહસ્પતિ-શુક્રશનૈશ્ચરરાહુ-કેતુ-સહિતાઃ સલોકપાલાઃ સોમ-યમ-વરુણ-કૂબેર-વાસ-વાદિત્ય-સ્કંદવિનાયકોપેતા યે ચાન્યેડપિ ગ્રામનગરક્ષેત્રદેવતા-દયસ્તે સર્વે પ્રીયંતાં પ્રીયન્તામ્, અક્ષીણકોશકોષ્ઠાગારા નરપતયશ્ચ ભવંતુ સ્વાહા.

ૐ પુત્ર-મિત્ર-વભ્રાતૃ-કલત્ર-સુહૃત્-સ્વજન-સંબંધિ બંધુવર્ગ-સહિતાઃ નિત્યં ચામોદપ્રમોદકારિણઃ અસ્મિંશ્ચ મભૂમંડલ આયતનનિવાસિ-સાધુસાધ્વી-શ્રાવક-શ્રાવિકાણાં રોગોપસર્ગવ્યાધિદુઃખ-દુર્ભિક્ષદૌર્મનસ્યોપશમયનાય શાંતિર્ભવતુ.

---

સર્વાસ્ત્રવાળી માહજવાલા, માનવી, વૈરોટ્યા, અચ્છુપ્તા માનસી અને મહમાનસી એ સોળ વિદ્યાદેવીઓ તમારું રક્ષણ કરો. સ્વાહા.

ૐ આચાર્ય, ઉપાધ્યાય વગેરે શ્રમણપ્રધાન ચાર પ્રકારના શ્રી શ્રમણ સંઘને શાંતિ થાઓ, તુષ્ટિ થાઓ. પુષ્ટિ થાએ.

ૐ ચન્દ્ર, સૂર્ય, મંગલ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ કેતુ વગેરે ગ્રહો, લોકપાલો- તે સોમ, યમ, વરુણ અને કુબેર, તેમ જ ઈન્દ્ર, સૂર્ય કાર્તિકેય, ગણપતિ વગેરે દેવો તથા ગ્રામદેવતા, નગરદેવતા, ક્ષેત્રદેવતા વગેરે બીજા પણ જે દેવો હોય તે સર્વે પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ. અને રાજાઓ અક્ષય કોશ-કોઠારવાળા થાઓ. સ્વાહા;

ૐ તમે પુત્ર (પુત્રી), મિત્ર, ભાઇ (બહેન), ભાર્યા

ૐ તુષ્ટિપુષ્ટિઋદ્ધિવૃદ્ધિમાંગલ્યોત્સવાઃ સદા પ્રાદુર્ભૂતાનિ પાપાનિ શામ્યન્તુ દુરિતાનિ શત્રવઃ પરાઙ્મુખા ભવંતુ સ્વાહા.

શ્રીમતે શાંતિનાથાય, નમઃ શાંતિવિધાયિને;
ત્રૈલોક્યસ્યામરાધીશ–મુકુટાભ્યર્ચિતાંઘ્રયે. ૧
શાંતિઃ શાંતિકરઃ શ્રીમાન્, શાંતિં દિશતુ મે ગુરૂઃ;
શાંતિરેવ સદા તેષાં, યેષાં શાંતિર્ગૃહે ગૃહે. ૨

---

મિત્ર જ્ઞાતીલા, સ્નેહીજનો અને સગાંવહાલાં સહિત આનંદ પ્રમોદ કરનારા થાઓ. વળી આ ભૂમંડલમાં પોતાના સ્થાનમાં રહેલા સાધુ, સાધ્વી. શ્રાવક તથા શ્રાવિકાઓના રોગ, ઉપસર્ગ, વ્યાધિ, દુઃખ, દુષ્કાળ અને વિષાદનાં ઉપશમન દ્વારા શાંતિ થાઓ.

ૐ તમને તુષ્ટિ થાઓ, પુષ્ટિ થાઓ, ઋદ્ધિ મળો, વૃદ્ધિ મળો, માંગલ્યની પ્રાપ્તિ થાઓ અને તમારો નિરંતર અભ્યુદય થાઓ. તમારાં ઉત્પન્ન થયેલાં પાપકર્મો નાશ પામો. ભયો શાંત થાઓ. તેમ જ તમારા શત્રુઓ વિમુખ થાઓ, સ્વાહા.

ત્રણે લોકના પ્રાણીઓને શાંતિ કરનારા અને દેવેન્દ્રોના મુગુટ વડે પૂજાએલા ચરણવાળા પૂજ્ય શાંતિનાથ ભગવાનને નમસ્કાર હો. ૧

જગતમાં શાંતિ કરનારા, જગતને ધર્મનો ઉપદેશ આપનારા પૂજ્ય શાંતિનાથ મને શાંતિ આપો. જેમનાં ઘરેઘરે શાંતિનાથ પૂજાય છે. તેમને સદા શાંતિ જ હોય છે. ૨

ઉન્મૃષ્ટ-રિષ્ટ-દુષ્ટ-ગ્રહ-ગતિ-દુઃસ્વપ્ન-દુર્નિમિત્તાદિ;
સંપાદિતહિતસંપન્નામગ્રહણં જયતિ શાંતેઃ. ૩
શ્રીસંઘજગજ્જનપદ-રાજાધિપરાજસન્નિવેશાનામ્;
ગોષ્ઠિકપુરમુખ્યાણાં, વ્યાહરણૈર્વ્યાહરેચ્છાંતિમ. ૪

**શ્રીશ્રમણસંઘસ્ય શાંતિર્ભવતુ, શ્રીજનપદનાં શાંતિર્ભવતુ, શ્રીરાજાધિપાનાં શાંતિર્ભવતુ, શ્રીરાજસન્નિવેશાનાં શાંતિર્ભવતુ, શ્રીગોષ્ઠિકાનાં શાંતિર્ભવતુ, શ્રી પૌરમુખ્યાણં શાંતિર્ભવતુ; શ્રીપૌરજનસ્ય શાંતિર્ભવતુ, શ્રીબ્રહ્મલોકસ્ય શાંતિર્ભવતુ, ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રીપાર્શ્વનાથાય સ્વાહા.**

---

ઉપદ્રવો, ગ્રહોની દુષ્ટ ગતિ, દુઃસ્વપ્ન અને દુષ્ટ અંગસ્ફુરણરૂપ અપશુકન આદિ દુષ્ટ નિમિત્તોનું નાશ કરનારું તથા આત્મહિત અને સંપત્તિને પ્રાપ્ત કરનારું શ્રી શાંતિનાથ ભગવાનનું નામોચ્ચારણ જય પામે છે. ૩

શ્રી સંઘ, જગતનાં જનપદો, મહારાજાઓ, રાજાઓનાં નિવાસસ્થાનો, વિદ્વદ્મંડળીના સભ્યો તથા અગ્રગણ્ય નાગરિકોના નામ લઈને શાંતિ બોલવી જોઈએ. ૪

શ્રી શ્રમણસંઘને શાંતિ થાઓ, શ્રી જનપદો (દેશો) ને શાંતિ થાઓ, શ્રી રાજાધિપો (મહારાજાઓ)ને શાંતિ થાઓ, શ્રી રાજાઓનાં નિવાસસ્થાનોને શાંતિ થાઓ, શ્રી ગોષ્ઠિકોને-વિદ્વદ્મંડળીના સભ્યોને શાંતિ થાઓ, શ્રીઅગ્રગણ્ય નાગરિકોને શાંતિ થાઓ, શ્રી નગરજનોને શાંતિ થાઓ, શ્રી બ્રહ્મલોકને શાંતિ થાઓ, ૐ સ્વાહા, ૐ સ્વાહા, ૐ શ્રી પાર્શ્વનાથને સ્વાહા.

**એષા શાંતિઃ પ્રતિષ્ઠાયાત્રાસ્નાત્રાદ્યવસાનેષુ શાંતિકલશં ગૃહીત્વા કુંકુમચંદનકર્પૂરાગરૂધૂપરુવાસકુસુમાંજલિસમેતઃ સ્નાત્રચતુષ્કિકાયાં શ્રીસંઘસમેતઃ શુચિશુચિવપુઃ પુષ્પવસ્ત્ર-ચંદનાભરણાલં કૃતઃ પુષ્પમાલાં કંઠે કૃત્વા, શાંતિમુદ્ઘોષ-યિત્વા, શાતિપાનીયં મસ્તનકે દાતવ્યમિતિ.**

**નૃત્યંતિ નૃત્યં મણિપુષ્પવર્ષં,**
**સૃજંતિ ગાયંતિ ચ મંગલાનિ;**
**સ્તોત્રાણિ ગોત્રાણિ પંઠતિ મંત્રાન્,**
**કલ્યાણભાજો હિ જિનાભિષેકે. ૧**

---

આ શાંતપાઠ જિનબિંબની પ્રતિષ્ઠા, રથયાત્રા, અને સ્નાત્ર વગેરે મહોત્સવને અંતે બોલવો. તેનો વિધિ એવો છે, કે–કેસર, ચંદન, કપૂર, અગરુનો ધૂપ, વાસ અને અંજલિમાં વિવિધરંગી પુષ્પો રાખીને શાંતિકલશ ગ્રહણ કરીને શ્રી સંઘની સાથે સ્નાત્રમંડપમાં ઉભો રહે. બાહ્ય-અભ્યંતર મેલથી રહિત તથા શ્વેતવસ્ત્ર ચંદન અને આભ-રણોથી અલંકૃત એવો પૂજક કંઠમાં પુષ્પમાળાને ધારણ કરીને શાંતિની ઉદ્ઘોષણા કરીને તે શાંતિકલશનું પાણી આપે, તે દરેકે માથે લગાડવું જોઈએ.

પુણ્યશાલીઓ જિનેશ્વરની સ્નાત્રક્રિયા પ્રસંગે વિવિધ પ્રકારનાં નૃત્યો કરે છે, રત્ન અને પુષ્પની વર્ષા કરે છે, અષ્ટમંગલોનું આલેખન કરે છે અને માંગલિક સ્તોત્રો ગાય છે અને તીર્થંકરના વંશના ગોત્રો–નામો તથા મંત્રો બોલે છે. ૧

શિવમસ્તુ સર્વજગત;,
પરહિતનિરતા ભવંતુ ભૂતગણા;
દોષાઃ પ્રયાંતુ નાશ,
સર્વત્ર સુખીભવતુ લોકઃ. ૨

અહં તિત્થયરમાયા.
સિવાદેવી તુમ્હ નયરનિવાસિની;
અમ્હ સિવં તુમ્હ સિવં,
અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા. ૩

ઉપસર્ગા: ક્ષયં યાંતિ, છિદ્યન્તે વિઘ્નવલ્લય:;
મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે. ૪
સર્વમંગલમાંગલ્યં, સર્વકલ્યાણકારણમ્;
પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. ૫

---

સમગ્ર વિશ્વનું કલ્યાણ થાઓ. પ્રાણીઓ પરોપકારમાં તત્પર બનો. દોષો નાશ પામો. અને સર્વત્ર લોક સુખી થાઓ. ૨

હું નેમિનાથ તીર્થંકરની માતા શિવાદેવી તમારા નગરમાં નિવાસ કરનારી છું. તેથી અમારું અને તમારું કલ્યાણ થાઓ. સ્વાહા.૩

શ્રી જિનેશ્વર ભગવંતનું પૂજન કરતા સમસ્ત પ્રકારનાં ઉપદ્રવો નાસ પામે છે. વિઘ્નરૂપી વેલીઓ છેદાઈ જાય છે અને મન પ્રસન્નતાને પામે છે. ૪

સર્વ મંગલોમાં મંગલરૂપ, સર્વ કલ્યાણોના કારણરૂપ અને સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ એવું જૈનશાસન સદા જયવંતુ વર્તો છે. ૫

# ચૈત્યવંદનો

(૧)

ચૈત્યવંદન કરતી વખતે, ચૈત્યવંદન બોલતાં પહેલાં નીચેની સ્તુતિ (શ્લોક) બોલવામાં આવે છે.

સકલકુશલવલ્લી-પુષ્કરાવર્ત્તમેઘો, દુરિતતિમિરભાનુઃ; કલ્પવૃક્ષોપમાનઃ । ભવજલનિધિપોતઃ, સર્વસંપત્તિહેતુઃ, સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાંતિનાથઃ ॥ ૧ ॥

---

## શ્રી આદીશ્વર ભગવાનનું ચૈત્યવંદન. ૨

આદિદેવ અલવેસરૂ, વિનીતાનો રાય;
નાભિરાયા કુલમંડણો, મરૂદેવા માય. ૧

પાંચશે ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાળ;
ચોરાશી લખ પૂર્વનું, જસ આયુ વિશાળ. ૨

વૃષભ લંછન જિન વૃષધરૂએ, ઉત્તમ-ગુણમણિ ખાણ;
તસ પદ પદ્મ સેવન થકી, લહીએ અવિચલ ઠાણ. ૩

---

## શ્રી નેમનાથ ભગવાનનું ચૈત્યવંદન. ૩

નેમિનાથ બાવીસમા, શિવાદેવી માય;
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય. ૧

દશ ધનુષની દેહાડી, આયુ વરસ હજાર;
શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર. ૨
સૌરીપુરી નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ થાન. ૩

## શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ચૈત્યવંદન ૪

આશ પૂરે પ્રભુ પાસજી, તોડે ભવપાસ;
વામા માતા જનમીયા, અહિ લંછન જાસ. ૧
અશ્વસેન સુત સુખકરૂ, નવ હાથની કાયા;
કાશી દેશ વાણારસી, પુણ્યે પ્રભુ આયા. ૨
એકસો વરસનું આઉખું એ, પાળી પાસકુમાર,
પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર. ૩

## શ્રી મહાવીર ભગવાનનું ચૈત્યવંદન. ૫

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલાનો જાયો;
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુર-નર-પતિ ગાયો. ૧
મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાયા;
બોહોંતેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાયા. ૨
ક્ષમાવિજય જિનરાજના એ, ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યા, પદ્મવિજય વિખ્યાત. ૩

## શ્રી સીમંધરસ્વામીનું ચૈત્યવંદન. ૬

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો;
કરૂણાવંત કરૂણા કરી, અમને વંદાવો. ૧
સકલ ભક્ત તુમે ધણી, જો હોવે અમ નાથ;
ભવોભવ હું છું તાહરો, નહિ મેલું હવે સાથ. ૨
સયલ સંગ છંડી કરી, ચારિત્ર લઈશું;
પાય તુમારા સેવીને, શિવરમણી વરીશું. ૩
એ અલજો મુજને ઘણોએ, પૂરો સીમંધર દેવ;
ઇહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ. ૪
કર જોડીને વિનવું એ, સામો રહી ઈશાન;
ભાવ જિનેશ્વર ભાણને, દેજો સમકિત દાન. ૫

---

## પર્યુષણાપર્વનું ચૈત્યવંદન ૭

વડા કલ્પ પૂરવદિને, ઘરે કલ્પને લાવો;
રાત્રિ જાગરણ પ્રમુખ કરી, શાસન સોહાવો. ૧
હય ગય શણગારી કુમર, લાવો ગુરુ પાસે;
વડા કલ્પ દિન સાંભળો, વીરચરિત ઉલ્લાસે. ૨
છટ્ઠ દ્વાદશ તપ કીજીએ, ધરીએ શુભ પરિણામ;
સાધર્મિવત્સલ પ્રભાવના, પૂજા અભિરામ. ૩
જિન ઉત્તમ ગૌતમ પ્રતે એ, કહે જો એકવીશ વાર;
ગુરુ મુખ પદ્મ ભાવશું, સુણતાં પામે પાર. ૪

---

## શ્રી સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન. ૮

પહેલે દિન અરિહંતનું, નિત્ય કીજે ધ્યાન;
બીજે પદ વળી સિદ્ધનું, કીજે ગુણગાન. ૧
આચારજ ત્રીજે પદે, જપતાં જયજયકાર;
ચોથે પદે ઉપાધ્યાયના, ગુણ ગાઓ ઉદાર. ૨
સકલ સાધુ વંદો, સહી, અઢી દ્વીપમાં જેહ;
પંચમ પદ આદર કરી, જપજો ધરી સસનેહ. ૩
છટ્ઠે પદ દર્શન નમો, દરિસણ અજુઆલો;
નમો નાણ પદ સાતમે, જિમ પાપ પખાલો. ૪
આઠમે પદ આદર કરી, ચારિત્ર સુચંગ;
પદ નવમે બહુતપ તણો, ફલ લીજે અભંગ. ૫
એણી પેરે નવપદ ભાવશું, જપતાં નવનવ કોડ;
પંડિત શાંતિ વિજય તણો, શિષ્ય કહે કર જોડ. ૬

---

## શ્રી શાંતિનાથ સ્વામીનું ચૈત્યવંદન ૯

શાંતિજિનેશ્વર સોલમાં, અચિરાસુત વંદો;
વિશ્વસેનકુલનભોમણી, ભવિજન સુખકંદો. ૧
મૃગલંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણિ ખાણ. ૨
ચાલીશ ધનુષની દેહડી એ, સમચોરસ સંઠાણ;
વદન પદ્મજ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ૩

---

## જિન ચૈત્યવંદન ૧૦

તુજ મૂર્તિને નિરખવા, મુજ નયણાં તરસે;
તુજ ગુણગણુને બોલવા, રસના મુજ હરખે.
કાયા અતિ આનંદ મુજ, તુમ પદયુગ ફરસે;
તો સેવક તાર્યા વિના, કહો કેમ હવે સરસે ? ૨
એમ જાણીને સાહીબા એ, નેક નજર મોહે જોય;
જ્ઞાનવિમલ પ્રભુ સુનજરથી, તેહ શું જે નવિ હોય. ૩

---

## જિન ચૈત્યવંદન ૧૧

જય જય શ્રી જિનરાજ આજ, મળીયો મુજ સ્વામી;
અવિનાશી અકલંકરૂપ, જગ અંતરજામી. ૧
રૂપારૂપી ધર્મ દેવ, આતમ આરામી;
ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવલીલા પામી. ૨
સિદ્ધ બુદ્ધ તુજ વંદતાં, સકલ સિદ્ધ વરબુદ્ધ;
રમો પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ ઋદ્ધ. ૩
કાળ બહુ સ્થાવર ગ્રહી, ભમીયો ભવમાંહી;
વિકલેન્દ્રિય માંહી વસ્યો, સ્થિરતા નહીં ક્યાંહી. ૪
તિર્યંચ પંચેન્દ્રિય માંહી દેવ, કરમે હું આવ્યો;
કરી કુકર્મ નરકે ગયો, તુમ દરિશણ નહિ પાયો. ૫
એમ અનંત કાલે કરી, પામ્યો નર અવતાર;
હવે જગતારક તુ મલ્યો, ભવજલ પાર ઉતાર. ૬

---

## પંચતીર્થીનું ચૈત્યવંદન ૧૨

આજ દેવ અરિહંત નમું, સમરૂં તોરૂં નામ;
જ્યાંયાં પ્રતિમા જિનતણી, ત્યાં ત્યાં કરૂં પ્રણામ. ૧

શત્રુંજય શ્રી આદિદેવ, નેમ નમું ગિરનાર;
તારંગે શ્રી અજિતનાથ, આબુ રિખવ જુહાર. ૨

અષ્ટાપદગિરિ ઉપરે, જિન ચોવિસે જોય;
મણિમય મૂરત માનશું, ભરતે ભરાવી સોય. ૩

સમેતશિખર તીરથ વડું એ, જ્યાં વિશે જિનપાય;
વૈભારગિરવર ઉપરે, શ્રી વીર જિનેશ્વર રાય. ૪

માંડવગઢનો રાજીઓ, નામે દેવ સુપાસ;
ઋષભ કહે જિન સમરતાં, પહોંચે મનની આશ. ૫

---

## પરમાત્માનું ચૈત્યવંદન. ૧૩

પરમેશ્વર પરમાતમા, પાવન પરમિઠ્ઠ,
જય જગગુરુ દેવાધિદેવ, નયણે મેં દિઠ્ઠ. ૧

અચલ અકલ અવિચાર સાર, કરૂણારસ સિન્ધુ;
જગતીજન આધાર એક નિષ્કારણ બન્ધુ. ૨

ગુણ અનંત પ્રભુ તાહરા એ, કિમહિ કળ્યા ન જાય;
રામ પ્રભુ જિન ધ્યાનથી, ચિંદાનન્દ સુખ થાય. ૩

---

# સ્તવન સંગ્રહ

## શ્રી આદિનાથ ભ૦ સ્તવન.

(૧)

પ્રથમ જિનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધિ રે કાય;
કલ્પવૃક્ષ પરે તાસ, ઈંદ્રાણી નયન જે, જે ભૃંગપરે લપટાય. ૧

રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જે આસ્વાદ;
તેહથી પ્રતિહત તેહ માનું કોઇ નવિ કરે જગમાં તુમશું રે વાદ. ૨

વગર ધોઈ તુજ નિરમલી, કાયા કંચનવાન;
નહિ પ્રસ્વેદ લગાર, તારે તું તેહને, જે ધરે તાહરૂં ધ્યાન. ૩

રાગ ગયો તુજ મન થકી, તેહમાં ચિત્ર ન કોય;
રુધિર-આમિષથી રાગ ગયો, તુજ જન્મથી, દૂધ સહોદર હોય. ૪

શ્વાસોચ્છ્વાસ કમલ સમો, તુજ લોકોત્તર વાત;
દેખે ન આહાર-નિહાર ચરમ ચક્ષુધણી, એહવા તુજ અવદાત. ૫

ચાર અતિશય મૂળથી, ઓગણીશ દેવના કીધ;
કર્મ ખપ્યાથી અગ્યાર, ચોત્રીશ એમ અતિશયા, સમવાયાંગે પ્રસિદ્ધ. ૬

જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;
પદ્મવિજય કહે એહ સમય પ્રભુ પાળજો, જેમ થાઉં અક્ષય અભંગ. ૭

———

(૨)

જગજીવન જગવાલહો, મરૂદેવીનો નંદ લાલરે;
મુખ દીઠે સુખ ઉપજે, દરિશન અતિહિ આનંદ લાલરે. જગ૦ ૧
આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશિ સમ ભાલ લાલરે;
વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાલ લાલરે. જગ૦ ૨
લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલરે;
રેખા કર–ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલરે. જગ૦ ૩
ઈંદ્ર ચંદ્ર રવિ ગિરિ તણા, ગુણ લઈ ઘડિયું અંગ લાલરે;
ભાગ્યકિહાંથકી આવિયું અચરિજ એહ ઉત્તંગ લાલરે. જગ૦ ૪
ગુણ સઘળા અંગીકર્યા, દૂર કર્યા સવિ દોષ લાલરે;
વાચક યશવિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલરે. જગ૦ ૫

---

## શ્રી અજિતનાથ ભ૦નું સ્તવન.

(૩)

પ્રીતલડી બંધાણીરે, અજિત જિણંદશું,
પ્રભુ પાખે ક્ષણ એકે મને ન સુહાય જો;
ધ્યાનની તાલી રે લાગી નેહશું,
જલદઘટા જેમ શિવસુત વાહન દાય જો. પ્રીત૦ ૧
નેહ ઘેલું મન મારૂં રે પ્રભુ અલજે રહે,
તન ધન મન એ કારણથી પ્રભુ મુજ જો;
માહરે તો આધાર છે સાહેબ રાઉલો,
અંતરગતનું પ્રભુ આગળ કહું ગુજ્ઝ જો. પ્રીત ૨

સાહિબ તે સાચોરે જગમાં જાણીએ,
સેવકનાં જે સ્હેજે સુધારે કાજ જો;
એહવે રે આચરણે કેમ કરી રહું,
બિરૂદ તુમારૂં તારણતરણ જહાજ જો. પ્રીત૦ ૩

તારકતા તુજ માંહેરે શ્રવણે સાંભળી,
તે ભણી હું આવ્યો છું દીનદયાળ જો;
તુજ કરૂણાની લહેરે રે મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગળ કૃપાલ જો. પ્રીત૦ ૪

કરૂણા દૃષ્ટિ કીધીરે સેવક ઉપરે,
ભવભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો;
મનવંછિત ફલિયારે જિન આલંબને,
કર જોડીને મોહન કહે મનરંગ જો. પ્રીત૦ ૫

---

## પદ્મપ્રભ સ્વામીનું સ્તવન.

(૪)

પદ્મપ્રભ પ્રાણસે પ્યારા, છોડાવો કર્મકી ધારા;
કર્મફંદ તોડવા ધોરી, પ્રભુજીસે અર્જ હૈ મોરી. પદ્મ૦ ૧

લઘુવય એક થે જીયા, મુક્તિ મેં વાસ તુમ કીયા;
ન જાની પીડ તેં મોરી, પ્રભુ અબ ખેંચ લે દોરી. પદ્મ૦ ૨

વિષયસુખ માની મો મનમેં, ગયો સબ કાલ ગફલતમેં;
નરક દુઃખ વેદના ભારી, નીકળવા ના રહી બારી. પદ્મ૦ ૩

પરવશ દીનતા કીની, પાપકી પોટ શિર લીની;
ન જાની ભક્તિ તુમ કેરી, રહ્યો નિશદિન દુઃખ ઘેરી. પદ્મ૦-૪
ઈસવિધ વિનતિ તોરી, કરૂં મેં દોય કરજોડી;
આતમ આનંદ મુજ દીજો. વીરનું કાજ સબકી જો. પદ્મ૦ ૫

## શ્રી વાસુપૂજય સ્વામીનું સ્તવન.

(૫)

વાસુપૂજ્ય વિલાસી, ચંપાના વાસી, પૂરો અમારી આશ;
કરૂં પૂજા હું ખાસી, કેશર ઘાસીપુષ્પ સુવાસી,
પૂરો અમારી આશ.
ચૈત્યવંદન કરૂં ચિત્તથી પ્રભુજી, ગાઉં ગીત રસાલ;
એમ પૂજા કરી વિનંતી કરૂં છું, આપો મોક્ષ વિશાલ.
દીઓ કર્મને ફાંસી, કાટો કુવાસી, જેમ જાય નાસી,
પૂરો અમારી આશ. વાસુ૦
આ સંસાર ઘોર મહોદધિથી, કાઢો અમને બહાર;
સ્વારથના સહુ કોઈ સગા છે, માત પિતા પરિવાર;
બાળ મિત્ર ઉલ્લાસી, વિજય વિલાસી, અરજી ખાસી,
પૂરો અમારી આશ. વાસુ૦

## શ્રી અનંતનાથ જિન સ્તવન.

(૬)

શ્રી અનંત જિનશું કરો સાહેલડીયાં, ચોળ મજીઠનો રંગ રે;
ગુણ વેલડીયાં. સાચો રંગ તે ધર્મનો, સા૦ બીજોરંગ પતંગ રે.૧.

ધર્મરંગ જીરણ નહીં; સા૦ દેહ તે જીરણ થાય રે, ગુણ૦
સોનું તે વિણસે નહીં, સા૦ ઘાટ ઘડામણ જાય રે. ગુણ૦ ૨.
ત્રાંબુ જે રસવેધિયું, સા૦ તે હોય જાચું હેમ રે, ગુણ૦
ફરી તાંબુ ને નવિ હુવે, સા૦ એહવો જગગુરુ પ્રેમ રે. ૩.
ઉત્તમ ગુણ અનુરાગથી, સા૦ લહીએ ઉત્તમ ઠામ રે, ગુણ૦
ઉત્તમ નિજ મહિમા વધે, સા૦ દીપે ઉત્તમ ધામ રે. ગુણ૦ ૪.
ઉદકબિંદુ સાયર ભળ્યો, સા૦ જિમ હોય અક્ષય અભંગ રે, ગુણ૦
વાચક જસ કહે પ્રભુ ગુણે, સા૦ તિમ મુજ પ્રેમ પ્રસંગ રે. ગુણ૦ ૫.

---

## શ્રી શાંતિનાથ ભ૦ નું સ્તવન

(૭)

મારો મુજરો લ્યોને રાજ, સાહિબ શાંતિ સલૂણા, (એ આંકણી,)
અચિરાજીના નંદન તોરે, દર્શન હેતે આવ્યો;
સમકિત રીઝ કરોને સ્વામી, ભક્તિ ભેટણું લાવ્યો. મારો૦ ૧.
દુઃખભંજન છે બિરૂદ તુમારું, અમને આશા તુમારી;
તુમે નીરાગી થઈને છુટો, શી ગતિ હોશે અમારી મારો૦ ૨.
કહેશે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે;
પણ બાલક જો બોલી ન જાણે, તો કેમ વહાલો લાગે મ્હારો૦ ૩
મારે તો તું સમરથ સાહિબ, તો કેમ ઓછું માનું;
ચિંતામણિ જેણે ગાંઠે બાંધ્યું, તેને કામ કિશ્યાનું. મારો૦ ૪.
અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહતિમિર હર્યું જુગતે
વિમલવિજય વાચકનો સેવક, રામ કહે શુભભગતે મ્હારો ૫.

---

## શ્રી શાંતિનાથ ભ૦નાં સ્તવનો.

(૮)

શાંતિ જિનેશ્વર સાચો સાહિબ, શાંતિ કરણ ઈન કલિમેં,
હો જિનજી; તું મેરા મનમેં તું મેરા દિલમેં,
ધ્યાન ધરૂં પલ પલમેં સાહેબજી. તું મેરા૦ ૧

ભવમાં ભમતાં મેં દરિશન પાયો,
આશા પૂરો એક પલમેં હો જિનજી, તું મેરા૦ ૨

નિરમલ જ્યોત વદન પર સોહે,
નિકસ્યો જ્યું ચંદ બાદલમેં હો જિનજી. તું મેરા૦ ૩

મેરો મન તુમ સાથે લીનો, મીન વસે જ્યું જલમેં હો
જિનજી. તું મેરા૦ ૪

જિનરંગ કહે પ્રભુ શાંતિ જિનેશ્વર, દીઠોજી દેવસકળમેં
હો જિનજી. તું મેરા૦ ૫

---

(૯)

શાંતિ જિનેશ્વર સાહિબ વંદો, અનુભવ રસનો કંદોરે
મુખને મટકે લોચન લટકે, મોહ્યા સુર નર વૃંદો રે. શાંતિ૦ ૧

મંજર દેખીને કોયલ ટહુકે, મેઘઘટા જેમ મોરો રે;
તિમજિનપ્રતિમા નિરખી હરખું, વળી જેમ ચંદ ચકોરો રે. ૨

જિનપ્રતિમા જિનવરશી ભાખી, સૂત્ર ઘણાં છે સાખી રે;
સુર નર મુનિવર વંદન પૂજા, કરતાં શિવ અભિલાષી રે. ૩

રાયપસેણીએ પ્રતિમા પૂજી, સૂર્યાભ સમકિતધારી રે;
જીવાભિગમે પ્રતિમા પૂજી, વિજયદેવ અધિકારી રે. શાંતિ૦ ૪
જિનવર બિંબ વિના નવિ વંદું, આણંદજી એમ બોલે રે;
સાતમે અંગે સમકિત મૂળે. અવર નહિ તસ તોલે રે. શાંતિ૦ ૫
જ્ઞાતાસૂત્રે દ્રૌપદી પૂજા, કરતી શિવસુખ માગે રે;
રાય સિદ્ધારથે પ્રતિમા પૂજી, કલ્પસૂત્રમાંહે રાગે રે; શાંતિ૦ ૬
વિદ્યાચારણ મુનિવરે વંદી, પ્રતિમા પાંચમે અંગે રે;
જંઘાચારણ મુનિવરે વંદી જિનપડિમા મન રંગે રે. શાંતિ૦ ૭
આર્યસુહસ્તિસૂરિ ઉપદેશે, ચાવો સંપ્રતિરાય રે
સવા કોડી જિનબિંબ ભરાવ્યાં ધન્ય ધન્ય એહની માય રે શાંતિ૦ ૮
મોકલી પ્રતિમા અભયકુમારે, દેખી આર્દ્રકુમાર રે;
જાતિસ્મરણે સમકિત પામી, વરીઓ શિવસુખ સાર રે. શાંતિ૦ ૯
ઇત્યાદિક બહુ પાઠ કહ્યાં છે. સૂત્રમાંહે સુખકારી રે;
સૂત્ર તણો એક વરણ ઉત્થાપે, તે કહ્યો બહુલસંસારી રે. શાંતિ૦ ૧૦
તે માટે જિન-આણાધારી, કુમતિ કદાગ્રહ વારી રે;
ભક્તિ તણાં ફલ ઉત્તરાધ્યયને, બોધિ બીજસુખકારી રે. શાંતિ૦ ૧૧
એક ભવે દોય પદવી પામ્યા, સોલમા શ્રી જિનરાયા રે.
મુજ મન મંદિરીએ, પધારાવ્યા, ધવલ મંગલ ગવરાયા રે.
શાંતિ૦ ૧૨

જિન ઉત્તમ પદ રૂપ અનુપમ, કીર્તિ કમલા વિશાળા રે;
જીવવિજય કહે પ્રભુજીની ભકિત, કરતાં મંગળમાળા રે.
શાંતિ૦ ૧૩

# શ્રી કુંથુનાથ ભ૦ નું સ્તવન.

(૧૦)

કુંથુ જિનેસર જાણજો રે લોલ, મુજ મનનો અભિપ્રાય રે, જિનેસર મેરા. તું આતમઅલવેસરૂ રે લાલ, રખે તુજ વિરહો થાય રે, જિનેશ્વર મોરા. તુજ વિરહો કેમ વેઠીયે રે લાલ, તુજ વિરહો દુઃખદાય રે, જિનેશ્વર મોરા,

તુજ વિરહો ન ખમાય રે જિ૦ મો૦
ક્ષણ વરસાં સો થાય રે જિ૦ મો૦
વિરહો મોટી બલાય રે જિ૦ મો૦
કુંથુ જિનેશ્વર જાણજો રે લાલ. ૧
તાહરી પાસે આવવું રે લાલ,
પહેલાં ન આવતું હોય રે. જિ૦ મો૦
આવ્યા પછી જે જાયવું રે લાલ,
તુજ ગુણ વશે ન સુહાય રે; જિ૦ મો૦ ૨
ન મિલ્યાનો ધોખો નહિ રે લાલ,
જસ ગુણનું નહિ નાણ રે, જિ૦ મો૦
મળીયા ગુણ કળીયા પછે રે લાલ,
વિછુડત જાયે પ્રાણ રે, જિ૦ મો૦ ૩
જાતિ અંધને દુઃખ નહિ રે લાલ;
ન લહે નયનનો સ્વાદ રે. જિ૦ મો૦
નયન સ્વાદ લહી કરી રે લાલ;
હાર્યાનો વિખવાદ રે. જિ૦ મો૦ ૪

બીજે પણ કિહાં નવિ ગમે રે લાલ;
જિણ તુજ વિરહે બચાય રે. જિ૦ મો૦
માલતી કુસુમે મહાલીયો રે લાલ;
મધુપ કરીરે નવિ જાય રે. જિ૦ મો૦ ૫.
વનદવ દાધાં રૂખડાં રે લાલ;
પાલ્હવે વળી વરસાદ રે. જિ૦ મો૦
તુજ વિરહાનલના બલ્યા રે લાલ;
કાળ અનંત ગમાય રે. જિ૦ મો૦ ૬.
ટાઢક રહે તુજ સંગમાં રે લાલ;
આકુળતા મીટી જાય રે. જિ૦ મો૦
તુજ સંગે સુખીયો સદા રે લાલ;
માનવિજય ઉવજઝાય રે. જિનેશ્વર મોરા
કુંથુ જિનેશ્વર જાણજો રે લાલ, ૭

## શ્રી અરનાથ જિન સ્તવન

(૧૧)

શ્રી અરજિન ભવજળનો તારૂ,
મુજ મન લાગે વારુ રે-મનમોહન સ્વામી;
બાંહ્ય ગ્રહી જે ભવિજન તારે,
આણે શિવપુર આરે રે.–મન૦ ૧.
તપ જપ મોહ મહા તોફાને;
નાવ ન ચાલે માને રે.–મન૦
પણ નવિ ભય મુજ હાથો હાથે;
તારે તે છે સાથે રે. –મન૦ ૨.

ભગતને સ્વર્ગ સ્વર્ગથી અધિકું;
જ્ઞાનિને ફળ દેઈ રે–મન૦
કાયા કષ્ટ વિના ફલ લહિયે,
મનમાં ધ્યાન ધરેઈ રે–મન૦ ૩.
જે ઉપાય બહુવિધની રચના,
યોગમાયા તે જાણો રે–મન૦,
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને,
શિવ દીયે પ્રભુ સપરાણો રે–મન૦ ૪.
પ્રભુ પદ વળગ્યા તે રહ્યા તાજા,
અળગા અંગ ન સાજા રે–મન૦;
વાચક યશ કહે અવર ન ધ્યાઉં,
એ પ્રભુના ગુણ ગાઉં રે–મન૦ ૫.

---

## શ્રી મુનિસુત જિન સ્તવન.

(૧૨)

મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલ્લસિત તન મન થાય રે;
વદન અનોપમ નિરખતાં, મારાં ભવભવના દુઃખ જાય રે,
જગતગુરૂ જાગતો સુખકંદ રે, સુખકંદ અમંદ આનંદ
પરમ ગુરૂ દીપ તો સુખકંદ. જગ૦ ૧
નિશિદિન સૂતાં જાગતાં, હીયડાથી ન રહે દૂર રે;
જબ ઉપકાર સંભારીએ, તબ ઉપજે આનંદ પૂર રે. જગ૦ ૨
પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન સમાય રે;
ગુણ ગણ અનુબંધી હુઆ, તે તો અક્ષયભાવ કહાય રે. જગ૦ ૩

અક્ષયપદ દીયે પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ રૂપ રે;
અક્ષર સ્વર ગોચર નહિ, એતો અકલ અમાય અરૂપરે. જગ૦ ૪
અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લિખાય રે,
વાચક જશ કહે પ્રેમથી, પણ મન માંહે પરખાય રે. જગ૦ ૫

(૧૩)

આજ સફલ દિન મુજ તણો, મુનિસુવ્રત દીઠા;
ભાંગી તે ભાવઠ ભવતણી, દિવસ દુરિતના નીઠાં. આજ૦ ૧
આંગણે કલ્પવેલી ફળી, ઘન અમીયના વૂઠાં;
આપ માગ્યા તે પાસા ઢલ્યા. સુર સમકિત તૂઠા. આજ૦ ૨
નિયતિ હિત દાન સનમુખ હુયે, સ્વપુણ્યોદય સાથે;
જસ કહે સાહિબે મુગતિનું, કરિઉં તિલક નિજ હાથે. ૩

## શ્રી નેમિનાથ જિન સ્તવન.

(૧૪)

તોરણથી રથ ફેરી ગયારે હાં, પશુઆં દેઈ શિરદોષ, મેરે વાલમા
નવભવ નેહ નિવારિયોરે હાં, શ્યો જોઇ આવ્યા જોશ. મે૦ ૧
ચંદ્ર કલંકી જેહથીરે હાં, રામને સીતા વિયોગ, મે૦
તેહ કુરંગને વયણડેરે હાં, પતી આવે કુણ લોગ. મે૦ ૨
ઉતારી હું ચિત્તથીરે હાં, મુક્તિ ધુતારી હેત; મે૦
સિદ્ધ અનંતે ભોગવીરે હાં, તેહશું કવણ સંકેત; મે૦ ૩
પ્રીત કરતાં સોહિલિરે હાં, નિરવહતાં જંજાલ; મે૦
જેહવો વ્યાલ ખેલાવવો હાંરે, જેહવી અગનની જાલમે૦ ૪

જો વિવાહ અવસરે દિઓારે હાં, હાથ ઉપર નવિ હાથ; મે૦
દીક્ષા અવસર દીજીયે રે હાં શિર ઉપર જગનાથ મે૦ ૫

ઈમ વલવલતી રાજુલ ગઈ રે હાં, નેમિ કને વ્રત લીધ; મે૦
વાચક યશ કહે પ્રણમીયે રે હાં,
એ દંપતી દોય સિદ્ધ. મેરે વાલમા૦ ૬

---

## શ્રીશંખેશ્વર પાર્શ્વનાથનાં ભ૦ સ્તવનો.

(૧૫)

પાર્શ્વપ્રભુ શંખેશ્વરા શંખેશ્વરા, મુજ દરિસણ વેગે દીજે રે;
તુજ દરિસણ મુજ વાલહો, જાણે અહોનિશ સેવા કીજે રે. પા૦ ૧

રાત દિવસ સુતાં જાગતાં, મુજ હૈયે ધ્યાન તમારું રે;
જીભ જપે તુજ નામને, તવ ઉલ્લસે હૈયું મારૂં રે. પા૦ ૨

દૈવ દીયે જો પાંખડી, તો આવું તુજ હજુર રે;
મુજ મન કેરી વાતડી, કાંઇ દુઃખડા કીજે દૂર રે. પા૦ ૩

તું પ્રભુ આતમ માહરો, પ્રાણજીવન મુજ દેવ રે;
સંકટચૂરણ તું સદા, મુજ મહેર કરો નિત્યમેવ પા૦ ૪

કમળ સુરજ જેમ પ્રીતડી, જેમ પ્રીતિ બપૈયા મેહ રે;
દૂર થકી તમે રાખજો, મુજ ઉપર અધિકો સ્નેહ રે. પા૦ ૫

સેવકની આ વિનતિ, અવધારી સુ નજરે કીજે રે;
લબ્ધિવિજય કવિ પ્રેમને, મુજ અવિચળ સુખડા દીજે રે પા૦ ૬

---

(૧૬)

પ્યારો પ્યારો રે હો વાલા મારા પાસ જિણંદ મને પ્યારો;
તારો તારો રે હો વાલા મારા ભવનાં દુઃખડાં વારો;
કાશીદેશ વારાણુસી નગરી, અશ્વસેન કુલ સોહીએ રે,
પાસજિણંદા વામાનંદા મારા વાલા, દેખત જન મન મોહીએ રે,
પ્યારો પ્યારો રે૦ ૧.
છપ્પન દિગકુમારી મીલી આવે, પ્રભુજીને હુલરાવે રે;
થેઈ થેઈ નાચ કરે મારા વાલા, હરખે જિન ગુણ ગાવે.
પ્યારો પ્યારો રે૦ ૨.
કમઠ હઠ ગાળ્યો પ્રભુ પાર્શ્વે; બળતો ઉગાર્યો ફણીનાગ રે;
દીઓ સાર નવકાર નાગકું, ધરણેંદ્ર પદ પાયો. પ્યારો૦ ૩.
દીક્ષા લઇ પ્રભુ કેવળ પાયો, સમવસરણે સુહાયો રે;
દીએ મધુરધ્વનિ દેશના પ્રભુ, ચૌમુખ ધર્મ સુહાયો રે.
પ્યારો૦ ૪.
કર્મ ખપાવી શિવપુર જાવે, અજરામર પદ પાવે રે;
જ્ઞાન અમૃત રસ ફરસે મારાવાલા, જ્યોતિસે જ્યોત મિલાવે,
પ્યારો પ્યારો રે૦ ૫.

---

(૧૭)

રાતાં જેવા ફુલડાં ને, શામળ જેવો રંગ;
આજ તારી આંગીનો કાંઈ રૂડો બન્યો રંગ;
પ્યારા પાસજી હો લાલ, દીનદયાળ મુને નયણે નિહાલ. ૧
જોગીવાડે જાગતો ને માતો ધિંગડમલ્લ,
શામળો સોહામણો કાંઇ, જીત્યા આઠે મલ્લ. પ્યારા૦ ૨

તું છે મારો સાહિબો ને, હું છું તારો દાસ;
આશા પૂરો દાસની કાંઈ, સાંભળી અરદાસ. પ્યારા૦ ૩

દેવ સઘળા દીઠા તેમાં, એક તું અવલ્લ;
લાખેણું છે લટકું તાહરું દેખી રીઝે દિલ્લ; પ્યારા૦ ૪

કોઇ નમે પીરને ને, કોઈ નમે રામ;
ઉદયરત્ન કહે પ્રભુ, મારે તુમશું કામ. પ્યારા૦ ૫

---

(૧૮)

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો;
સાંભળીને આવ્યો હું તીરે, જન્મ મરણ દુઃખ વારો;
સેવક અરજ કરે છે રાજ! અમને શિવસુખ આપો. ૧.

સહુ કોનાં મન વાંછિત પૂરો, ચિંતા સહુની ચૂરો;
એહવું બિરુદ છે રાજ! તમારું, કેમ રાખો છો દુરે?
સેવક૦ ૨.

સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો;
કરુણાસાગર કેમ કહેવાશો? જો ઉપકાર ન કરશો. સેવક૦ ૩.

લટપટનું હવે કામ નહિ છે, પ્રત્યક્ષ દરિસણ દીજે;
ધુમાડે ધીજું નહિ સાહિબ, પેટ પડ્યાં પ્રતિજે. સેવક૦ ૪.

શ્રી શંખેશ્વર મંડન સાહિબ, વિનતડી અવધારો;
કહે જિન હર્ષ મયાકરી મુજને, ભવસાયરથી તારો. સેવક૦ ૫.

---

(૧૯)

## શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

ગિરૂઆરે ગુણ તુમ તણા, શ્રી વર્દ્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મલ થાયે કાયા રે, ગિ૦
તુમ ગુણ ગણ ગંગાજલે; હું ઝીલીને નિર્મલ થાઉં રે;
અવર ન ધંધો આદરું, નિશ દિન તોરા ગુણ ગાઉં રે ગિ૦ ૨
ઝીલ્યા જે ગંગાજલે. તે છિલર જલ નવિ પેસેરે;
જે માલતીફૂલે મોહીયા, તે બાઉલ જઈ નવિ બેસે રે. ગિ૦ ૩.
એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે,
તે કેમ પરસુર આદરૂં, જે પરનારી વશ રાચ્યા રે; ગિ૦ ૪.
તું ગતિ તું મતિ આશરો. તું આલંબન મુજ પ્યારો રે;
વાચક યશ કહે મા હરે. તું જીવ જીવન આધારો રેગિરુઆરે. ૫.

---

## શ્રી મહાવીર પ્રભુનું સ્તવન.

(૨૦)

સિદ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધર;
ભવ મંડપમાં રે નાટક નાચિયો, હવે મુજ દાન દેવરાવ. સિદ્ધા ૧

ત્રણ રતન મુજ આપો તાતજી, જેમ નાવે રે સંતાપ;
દાન દિયંતા રે પ્રભુ ! કોસર કિસી ? આપો પદવી રે
આપ. સિદ્ધા૦ ૨

ચરણ અંગૂઠે રે મેરુ કંપાવીયો, મોડયાં સુરનાં રે માન
અષ્ટ કરમના રે ઝગડા જીતવા, દીધા વરસી રે દાન. સિદ્ધા૦ ૩

શાસનનાયક શિવસુખદાયક, ત્રિશલા કુખે રતન;
સિદ્ધારથનો રે વંશ દીપાવિયો, પ્રભુજી તુમે ધન્ય ધન્ય. સિદ્ધ ૪

વાચકશેખર કિર્તિવિજય ગુરૂ, પામી તાસ પસાય;
ધર્મતણે રસે જિન ચોવીસના વિનયવિજય ગુણ ગાય. સિદ્ધ૦ ૫

---

(૨૧)

**શ્રી આદિનાથ ભ૦ નું સ્તવન.**

શેત્રુંજાગઢના વાસીરે મુજરો માનજો રે,
સેવકની સુણી વાતો રે; દિલમાં ધારજોરે,
પ્રભુ ! મેં દીઠો તુમ દેદાર,
આજ મને ઉપન્યો હર્ષ અપાર;
સાહિબાની સેવા રે ભવદુઃખ ભાંજશે રે. ૧

એક અરજ અમારી રે દિલમાં ધારજો રે.
ચોરાશી લાખ ફેરા રે. દૂર નિવારજો રે.
પ્રભુ ! મને દુર્ગતિ પડતો રાખ,
દરિશણ વહેલું રે દાખ,
સાહિબાની સેવા રે, ભવદુઃખ ભાંજશે રે. ૨

દોલત સવાઈ રે–સોરઠ દેશની રે,
બલિહારી હું જાઉં રે તારા વેષની રે;
પ્રભુ ! તારૂં રૂડું દીઠું રૂપ,મોહ્યા સુરનર વૃંદ ને ભુપ,
સાહિબાની સેવારે, ભવદુઃખ ભાંજશે રે ૩
તીરથ ન કોઇ રે શત્રુંજય સારિખું રે,
પ્રવચન દેખીને કીધું મેં પારખું રે,

ઋષભને જોઇ જોઇ હરખે જેહ,
ત્રિભુવન લીલા પામે તેહ; સાહિબાની સેવા રે
ભવ દુઃખ ભાંજશે રે. ૪
ભવોભવ માગું રે, પ્રભુ તારી સેવના રે
ભાવઠ ન ભાંગે રે, જગમાં તે વિના રે,
પ્રભુ ! મારા પૂરો મનના કોડ,
એમ કહે ઉદયરતન કરજોડ;
સાહિબાની સેવા રે, ભવદુઃખ ભાજશે રે. ૫

---

(૨૨)

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

સિદ્ધાચલગિરિ ભેટયા રે, ધન્ય ભાગ્ય હમારા; (એ આંકણી.)
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પારા;
રાયણ રૂખ સમોસર્યા સ્વામી, પૂરવ નવાણું વારા રે. ધ૦ ૧
મૂળનાયક શ્રી આદિજિનેશ્વર, ચૌમુખ પ્રતિમા ચારા;
અષ્ટદ્રવ્યશું પૂજો ભાવે સમકિત મૂલ આધારા રે ધ૦ ૨
ભાવભકિતશું પ્રભુ ગુણગાતાં, અપના જન્મ સુધારા;
યાત્રા કરી ભવિજન શુભ ભાવે. નરક તિર્યંચ ગતિ વારા રે. ધ૦૩
દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તારા;
પતિત-ઉદ્ધારણ બિરુદ તમારૂં, એ તીરથ જગ સારા રે; ધ૦ ૪
સંવત અઢાર ત્યાસી માસ અષાઢો, વદિ આઠમ ભોમવારા;
પ્રભુજી કે ચરણપ્રતાપકે સંઘમે, ખિમારતન પ્રભુપ્યારા રે.ધ૦ ૫

---

(૨૩)

## શ્રી પુંડરિકસ્વામીનું સ્તવન.

એક દિન પુંડરિક ગણધરૂ રે લાલ,
પૂછે શ્રી આદિજિણંદ–સુખકારી રે;
કઈયે તે ભજવલ ઉતરી રે લાલ,
પામીશ પરમાનંદ ભવ વારી રે, એક૦ ૧.
કહે જિન ઈણ ગિરિ પામશો રે લાલ,
જ્ઞાન અને નિવારણ–જયકારી રે;
તીરથ મહિમા વાધશે રે લાલ,
અધિક અધિક મંડાણ–નિરધારી રે. એક૦ ૨.
ઇમ નિસુણીને ઈહાં આવીયા રે લાલ,
ઘાતિ કરમ કર્યાં દૂર–તમ વારી રે;
પંચ ક્રોડ મુનિ પરિવર્યા રે લાલ.
હુઆ સિદ્ધિ હજુર–ભવ વારી રે. એક૦ ૩.
ચૈત્રી પૂનમ દિન કીજીયે રે લાલ,
પૂજા વિવિધ પ્રકાર–દિલ ધારી રે;
ફળ પ્રદક્ષિણા કાઉસ્સગ્ગા રે લાલ,
લોગ્ગસ્સ થુઇ નમુક્કાર નર–નારી રે.એક૦ ૪.
દશ વીશ ત્રીશ ચાળીશ ભલાં રે લાલ,
પચાસ પુષ્પની માળ અતિ સારી રે;
નરભવ લાહો લીજીયે રે લાલ,
જેમ હોય જ્ઞાન વિશાળ–મનોહારી રે. એક૦ ૫.

(૨૪)

## શ્રી ઋષભદેવસ્વામિનું સ્તવન.

માતા મરૂદેવીના નંદ, દેખી તાહરી મૂરતિ મારૂં મનલોભાણું જી;
મારૂં દિલ લોભાણું જી દેખી૦ કરુણાનાગરકરુણાસાગર કાયા,
ંચનવાન. ધોરી લંછન પાઉલે કાંઇ, ધનુષ પાંચસેમાન. માતા૦ ૧.
ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર;
જોજનગામિની વાણી મીઠી, વરસંતિ જલધાર. માતા૦ ૨
ઉર્વશી રૂડી અપચ્છરા ને, રામા છે મન રંગ;
પાયે નેપુર રણઝણે કાંઇ, કરતી નાટારંભ. માતા૦ ૩
તુંહી બ્રહ્મા, તુંહી વિધાતા, તું જગતારણહાર;
તુજ સરીખો નહી દેવ જગતમાં, અડવડીયા આધાર. માતા૦ ૪
તુંહી ભ્રાતા તુંહી ત્રાતા, તુંહી જગતનો દેવ,
સુર નર કિન્નર વાસુદેવા, કરતા તુજ પદ સેવ. માતા૦ ૫
શ્રી સિદ્ધાચળ તીરથ કેરો, રાજા ઋષભજિણંદ,
કીર્તિ કરે માણેકમુનિ તાહરી, ટાળો ભવોભય ફંદ માતા ૬

---

(૨૫)

જાત્રા નવાણું કરીએ વિમલગિરિ, જાત્રા નવાણું કરીએ;
(એઆંકણી.) પૂરવ નવાણું વાર શેત્રુંજાગિરિ. ઋષભજિણંદ,
સમોસરીએ, વિ. જા. ૧
કોડી સહસ ભવ પાતક ત્રુટે, શત્રુંજય સામો ડગભરીયે. વિ૦ જા ૨
સાત છઠ્ઠ દોય અટ્ઠમ તપસ્યા, કરી ચડિયે ગિરિવરીયે. વિ. જા ૩
પુંડરીક પદ જપીએ મન હરખે, અધ્યવસાય શુભ ધરીએ.
વિ. જા. ૪

પાપી અભવ્ય નજરે ન દેખે, હિંસક પણ ઉદ્ધરીએ. વિ. જા૦ ૫
ભૂમિસંથારો ને નારીતણો સંગ દૂર થકી પરિહરીએ વિ. જા. ૬
સચિત્તપરિહારી ને એકલ આહારી ગુરુ સાથે પદ ચરીયે. વિ૦જા. ૭
પડિક્કમણા હોય વિધિશું કરીએ પાપ પડલ વિખરીએ.વિ. જા૦ ૮
કલિકાલેએ તીરથ મોટું પ્રવહણ જિમ ભર દરિયે. વિ૦ જા૦ ૯
ઉત્તમ એ ગિરિવર સેવંતા પદ્મ કહે ભવ તરીયે. વિ જા૦ ૧૦

---

(૨૬)

સિદ્ધાચલ વંદો રે નરનારી, સિદ્ધા૦ નાભિરાયા મરુદેવા નંદન,
ઋષભદેવ સુખકારી. સિદ્ધા ૧
પુંડરિકપમુહા મુનિવર સિદ્ધા આતમતત્ત્વ વિચારી. સિદ્ધા ૨
શિવસુખકારણ, ભવદુઃખવારણ ત્રિભુવન જન હિતકારી સિદ્ધા ૩
સમકિત શુદ્ધ કરણ એ તીરથ મોહ મિથ્યાત્વ નિવારી, સિદ્ધા ૪
જ્ઞાન ઉદ્યોત પ્રભુ કેવળ ધારી, ભકિત કરું એક તારી. સિદ્ધા ૫

(૨૭)

વિમલાચલ નિતુ વંદિએ, કીજે એહની સેવા;
માનું હાથ એ ધર્મનો, શિવતરૂફળ લેવા. વિમલા૦ ૧
ઉજ્જવલ જિનગૃહમંડળી, તિહાં દીપે ઉત્તંગા;
માનું, હિમગિરિ વિભ્રમે આઇ અંબરગંગા. વિમલા૦ ૨
કોઈ અનેરૂં જગ નહીં, એ તીરથ તોલે;
એમ શ્રીમુખ હરિ આગળે, શ્રી સિમંધર બોલે. વિમલા૦ ૩
જે સઘળાં તીરથ કહ્યાં, જાત્રાફળ કહીએ;
તેહથી એગિરિ ભેટતાં, શતગણું ફળ લહીએ. વિમલા૦ ૪

જનમ સફળ હોય તેહનો, જે એ ગિરિ વંદે;
સુજસ, વિજય સંપદ લહે તે નર ચિર નંદે. વિમલા૦ ૫

(૨૮)

તે દિન કયારે આવશે. શ્રી સિદ્ધાચલ જાશું,
ઋષભ જિણંદ જુહારીને, સુરજકુંડમાં ન્હાશું. તે દિન૦ ૧
સમવસરણમાં બેસીને, જિનવરની વાણી,
સાંભળશું સાચે મને; પરમારથ જાણી. તે દિન૦ ૨
સમકિત વ્રત સૂધાં ધરી, સદ્ગુરુને વંદી;
પાપ સર્વ આલોઇને, નિજ આતમ નિંદી. તે દિન૦ ૩
પડિક્કમણાં દોય ટંકનાં, કરશું મન કોડે;
વિષય કષાય વિસારીને, તપ કરીશું હોડે. તે દિન૦ ૪
વહાલા ને વરી વિચે, નવિ કરીશું વહેરો;
પરના અવગુણ દેખીને, નવિ કરશું ચહેરો. તે દિન૦ ૫
ધર્મસ્થાનક ધન વાપરી, છક્કાયને હેતે;
પંચમહાવ્રત લેઇને, પાળશું મન પ્રીતે. તે દિન૦ ૬
કાયાની માયા મેલીને, પરિસહને સહેશું;
સુખ–દુઃખ સરવે વિસારીને, સમભાવે રહીશું. તે દિન૦ ૭
અરિહંતદેવને ઓળખી, ગુણ તેહના ગાશું;
ઉદયરત્ન એમ ઉચ્ચરે, ત્યારે નિર્મળ થાશું, તે દિન૦ ૮

---

(૨૯)

ચાલો ચાલોને જઇએ સોરઠદેશમાં રે, જિહાં પુંડરીક ગિરિપ્રખ્યાત;
નમો નેહ ધરી ગિરિરાજને રે. એ તરણ તારણ તીર્થ જાણીએ રે,
ગિરિ મહિમા અપરંપાર. નમો૦ ૧

( સાખી ) અનંતા મુનિવર એ ગિરિ, પામ્યા શિવવધૂ નાર,
વળી અનંતા અહીં કને; પામશે ભવનો પાર,
નહિ સંદેહ એમાં આણશો રે;
જેની શાસ્ત્રમાં છે ઘણી શાખ. નમો૦ ૨

( સાખી ) અઢાર કોડાકોડી સાગરૂ, નાભિરાયા કુલચંદ;
પ્રથમ ધર્મ ચલાવતા, મરૂદેવીનો નંદ, લાખ
ત્યાશી પૂરવ ઘરમાં રહી રે, પ્રભુ દે છે વરશીદાન. નમો૦ ૩

( સાખી ) રાજ ભળાવી ભરતને, લેવે સંજમભાર;
વરસીતપનું કર્યું પારણું, શ્રી શ્રેયાંસકુમાર; લેવે શેરડી રસ
પ્રભુ સુજતો રે, રૂડી અક્ષયત્રીજ મનોહાર. નમો૦ ૪

( સાખી ) પ્રથમ જિનેશ્વર આવીયા, પૂર્વ નવાણુંવાર;
રાયણ હેઠે સમોસરી, કીધો ગિરિ વિસ્તાર, સુણી ભરત
સંઘ લઈ આવતા રે; તીરથ ફરસીને કરતા ઉદ્ધાર. નમો૦ ૫

( સાખી ) ચૈત્ર શુદની પુનમે, પાંચક્રોડ મુનિ સાર,
પુંડરીક ગણધર એ ગિરિ, ઝાલ્યો શિવવધુ હાથ;
એથી પુંડરીકગિરિ નામ સ્થાપિયે રે, ઈહાં તીર્થપતિ
શ્રી આદિનાથ. નમો૦ ૬

( સાખી ) પ્રથમ પ્રભુના પોતરા, દ્રાવીડ ને વારીખીલ;
સિદ્ધાચલ સિદ્ધિ વર્યા, કાર્તિક પુનમ દિન; પ્રભુ અજિત
શાંતિ દોય જણારે, આવી ચાતુરમાસ તિહાં કીધ. નમો૦ ૭

( સાખી ) ફાગણ શુદની દશમે, નમિ વિનમિ બે જોડ;
અણુસર કરી શિવવધૂ વર્યા સાથે મુનિ બે ક્રોડ;

સિદ્ધ થયા વીશકોડી અણગારથી રે, પાંચે પાંડવ એ
ગિરિરાજ. નમો૦ ૮

( સાખી ) નેમિ પુત્રી ચોસઠ કહી, કરતી આતમ ઠામ;
ચૈતર વદની ચૌદશે, પામી અવિચળ ધામ; રામ ભરત મુનિ
ત્રણ ક્રોડશું રે કર્મ કાપી પામ્યા સિદ્ધરાજ. નમો૦ ૯

( સાખી ) ફાગણ ઉજળી તેરશે, શાંબ પ્રદ્યુમ્ન કહેવાય;
સાડી આઠ ક્રોડ મુનિવરૂ, શત્રુંજે શિવપુર જાય;
છેલ્લાનારદ એકાણું લાખથી રે; ગિરિ ઉપર વર્યા શિવનાર.
નમો૦ ૧૦

( સખી ) ગઇ ચોવીશીના પ્રભુ, બીજા નિરવાણી નાથ;
કદમ્બ ગણધર કોડીશું, ભરતા મુકિતસે બાથ, તેને
કદમ્બગિરિ બોલતા રે, જેના નામથી નવનિધ થાય.
નમો૦ ૧૧

( સાખી ) એમ અસંખ્યા મુનિવરું, એ તીરથ મોઝાર;
સિધ્યા ને વળી સિદ્ધશે, મહિમા અપરંપાર; ભાખે દાન દયા
પંન્યાસનો રે, શિષ્ય સૌભાગ્યવિમળ સુખકાર, નામો૦ ૧૨

---

(૩૦)

પ્રભુજી જાવું પાલીતાણા શહેર કે, મન હરખે ઘણું રે; લોલ
પ્રભુજી સંઘ ઘણેરાં આવે કે, એ ગિરિ ભેટવા રે. લોલ
પ્રભુજી આવ્યું પાલીતાણા શહેર કે, તલાટી શોભતી રે; લોલ
પ્રભુજી ગિરિવર ચઢંતાં કે, મન હરખે ઘણું રે. લોલ

પ્રભુજી આવ્યો હીંગળાજનો હુડો કે,કેડે હાથ દઇચડો રે; લોલ
પ્રભુજી આવી રામ જ પોળ કે, સામી મોતીવસહી રે. લોલ
મોતીવસહી દીઠે ઝાકઝમાલ કે, જોવાની જુગતી ભલીરે; લોલ
પ્રભુજી આવી વાઘણ પોળ કે, ડાબા ચક્રેશ્વરી રે. લોલ
ચક્રેશ્વરી જિનશાસન રખવાળ કે, સંઘની સહાય કરે રે; લોલ
પ્રભુજી આવી હાથણ પોળ કે, સામા જગધણી રે. લોલ
પ્રભુજી આવ્યા મૂલ ગભારે કે, આદીશ્વર ભેટીયા રે; લોલ
આદીશ્વર ભેટે ભવદુઃખ જાય કે, શિવસુખ પામીયે રે. લોલ
પ્રભુજીનું મુખડું પૂનમ કેરો ચંદકે, મોહ્યો સુરપતિ રે; લોલ
પ્રભુજી તુમ થકી નહીં રહું દૂર કે ગિરિપંથે વસ્યા રે. લોલ
એવી વીરવિજયની વાણી કે શિવસુખ આપજો રે; લોલ

---

(૩૧)

સિદ્ધાચલના વાસી, વિમલાચલના વાસી,
જિનજી પ્યારા! આદિનાથને વંદન હમારા.
પ્રભુજીનું મુખડું મલકે, નયનોમાંથી વરસે અમીરસધારા;
જિનજી પ્યારા! આદિનાથને વંદન હમારા. ૧
પ્રભુજીનું મુખડું છે મનક મિલાકર,
દિલમેં ભક્તિ જ્યોતજલાકર;
ભજલે પ્રભુજીને ભાવે, દુર્ગતિફરી ન આવે;
જિનજી પ્યારા! આદિનાથને વંદન હમારા. ૨
ભમીને લાખ ચોરાસી હું આવ્યો, પુન્યે દરિસનતુમારૂં પામ્યો;
ધન્ય દિન મારો, ભવનો ફેરો ટાળો,
જિનજી પ્યારા! આદિનાથને વંદન હમારા. ૩

અમે તો માયાના વિલાસી, તુમે તો મુક્તિપુરીના વાસી;
કર્મબંધન કાપો, મોક્ષસુખ આપો;
જિનજી પ્યારા ! આદિનાથને વંદન હમારા. ૪
અરજી ઉરમાં ધરજો અમારી, અમને આશા છે પ્રભુજી તુમારી;
કહે હર્ષ સાચા સ્વામી તુમે, પૂજન કરીએ અમે,
જિનજી પ્યારા ! આદિનાથને વંદન હમારા. ૫

(૩૨)

દાદા આદીશ્વરજી, દૂરથી આવ્યો, દાદા દરિશન દીયો;
કોઈ આવે હાથી ઘોડે, કોઈ આવે ચડે પલાણે,
કોઈ આવેપગપાળે, દાદાને દરબાર, હાં હાં દાદાને દરબાર
દાદા, આદીશ્વરજી દુરથી આવ્યો, દાદા દરિશન દિયો. ૧
શેઠ આવે હાથી ઘોડે, રાજા આવે ચડે પલાણે;
હું આવું પગપાળે, દાદાને દરબાર-હાં-હાં દાદાને દરબાર.
દાદા આદીશ્વરજી૦ ૨
કોઇ મૂકે સોના રૂપા, કોઇ મૂકે મહોર;
કોઈ મૂકે ચપટી ચોખા, દાદાને દરબાર, હાં હાં દાદાને દરબાર.
દાદા આદીશ્વરજી૦ ૩
શેઠ મૂકે સોના રૂપા, રાજા મૂકે મહોર;
હું મૂકું ચપટી ચોખા, દાદાને દરબાર, હાં હાં દાદાનેદરબાર.
દાદા આદીશ્વરજી૦ ૪
કોઇ માગે કંચનકાયા, કોઈ માંગે આંખ;
કોઇ માગે ચરણાની સેવા, દાદાને દરબાર. હાં હાં દાદાને દરબાર
દાદા આદીશ્વરજી૦ ૫

પાંગળો માંગે કંચનકાયા, આંધળો માંગેઆંખ;
હું માંગું ચરણુની સેવા, દાદાને દરબાર. હાં હાં દાદાને દરબાર.
દાદા આદીશ્વરજી૦ ૬
હીરવિજયજી ગુરુ હીરલો ને વીરવિજય ગુણુ ગાય,
શત્રુંજયના દર્શન કરતાં આનંદ અપાર.
હાં હાં આનંદ આપાર. દાદા આદીશ્વરજી,
દૂરથી આવ્યો દાદા દરિશન દીયો.

---

(૩૩)

સિદ્ધાચલનો વાસી પ્યારો લાગે મોરા રાજીંદા, (૧)
ઈણુ રે ડુંગરિયામાં ઝીણી ઝીણી કોરણી,
ઉપર શિખર બિરાજેમોરા૦ (૨)
કાને કુંડલ માથે મુગુટ બિરાજે, બાંહેબાજુબંધછાજેમોરા૦ (૩)
ચોમુખ બિંબ અનોપમ છાજે, અદ્ભુત દીઠે દુઃખ ભાંજેમોરા (૪)
ચુવાચુવાચંદનઔર અગરજા, કેસર તિલક વિરાજે. મોરા૦ (૫)
ઈણુગિરિસાધુ અનંતા સિધ્યા, કહેતાં ન આવે પાર. મોરા૦ (૬)
જ્ઞાનવિમલ પ્રભુ એણી પોરે બોલે, આ ભવપાર ઉતારોમોરા૦ (૭)

---

(૩૪)

(રાગ–પ્રીતલડી બંધાણી યે અજિત જિણંદ શું...)

શોભા શી કહું રે શેત્રુંજા તણી,
જીહાં વસીયા છે પ્રથમ તીર્થંકર દેવ જો;
રૂડીરે રાયણ તળે ઋષભ સમોસર્યા;
ચોસઠ સુરપતિ સારે પ્રભુની સેવ જો, શોભા૦–૧

નિરખ્યો તે નાભિરાય કેરા પુત્રને,
માતા મરુદેવી કેરા નંદ જો;
રૂડીરે વિનીતા નગરીનો ધણી,
મુખડું સોહિયે શરદ પૂનમનો ચંદ જો. શોભા૦-૨
નિરખોને નારી કંથને વિનવે,
પિયુડા મુજને પાલીતાણા દેખાડ જો;
એ ગિરિ પૂર્વ નવાણું સમોસર્યા,
માટે મુજને આદીશ્વર ભેટાવ જો. શોભા૦-૩
મારે મન જાવાની ઘણી હોંશ છે.
કયારે જાવું ને કયારે કરું દરશન જો;
તે માટે મન મારું તલશે ઘણું,
નયણે નિહાળું તો ઠરે મારા લોચન જો. શોભા૦-૪
એવી તે અરજ પ્રભુજી સાંભળો,
હુકમ કરો તો આવું તમારી પાસ જો;
મહેર કરીને એકવાર દરિશન દિજીએ,
શ્રી શુભવીરની પહોંચે મનની આશ જો. શોભા૦૫-

(૩૫)

ઐસી દશા હો ભગવન, જબ પ્રાણ તનસે નીકલે. (૧)
ગિરિરાજકી હો છાયા, મનમેં ન હોવે માયા;
તપસે હો શુદ્ધ કાયા, જબ પ્રાણ તનસે નીકલે. (૨)
ઉરમેં ન માન હોવે, દિલ એકતાન હોવે;
તુમ ચરણ ધ્યાન હોવે, જબ પ્રાણ તનસે નીકલે. (૩)

સંસારદુઃખહરણાં જૈનધર્મકા હો શરણાં;
હો કર્મ ભર્મ ખરનાં, જબ પ્રાણ તનસે નીકલે. (૪)
અનસન કા સિદ્ધવટ હો, પ્રભુ આદિ દેવ ઘટ હો;
ગુરૂરાજ ભી નીકટ હો, જબ પ્રાણ તનસે નીકલે. (૫)
યહ દાન મુજકો દીજે, ઈતની દયા તો કીજે;
અરજી સેવકકી લીજે, જબ પ્રાણ તનસે નીકલે. (૬)

---

(૩૬)

## શ્રી પર્યુષણાનું સ્તવન.

સુણજો સાજન સંત પજુસણ આવ્યા રે,
તમે પુણ્ય કરો પુણ્યવંત; ભવિક મન ભાવ્યાં રે.
(એ આંકણી.) વીરજિણેસર અતિ અલવેસર,
વહાલા મારા પરમેશ્વર એમ બોલે રે;
પર્વ માંહે પજુસણ મોટાં અવર ન આવે તસ તોલે રે.
પજુ૦ તમે૦ ભવિક૦ ૧.

ચૌપદમાં જેમ કેસરી મોટોવહાલા૦ ખગમાં ગરુડ કહીએ રે;
નદી માંહે જેમ ગંગા મહોટી, નગમા મેરુ લહીએ રે.
પજુ૦ ૨.

ભૂપતિમાં ભરતેશ્વર ભાખ્યો વ૦ દેવ માંહે ઈન્દ્ર રે;
તીરથમાં શત્રુંજય દાખ્યો. ગ્રહ–ગણમાં જેમ ચંદ્ર રે. પજુ૦ ૩

દશેરા દિવાળીને વળી હોળી. વ૦ અખાત્રીજ દીવાસો રે;
બળેવ પ્રમુખ બહુલાં છે બીજા, પણ નહિ મુકિતનો વાસો રે.
પજુ૦ ૪.

તે માટે તમે અમર પળાવો. વ૦ અઠ્ઠાઈ મહોત્સવ કીજે રે;
અટ્ઠમ તપ અધિકાઈએ કરીને, નરભવલાહો લીજે રે,
ઢોલ દદામાં ભેરી નફેરી વ૦ કલ્પસૂત્રને જગાવો રે;
ઝાંઝરના ઝમકાર કરીને, ગોરીની ટોળી મળી આવો રે.
પજુ૦ ૬.

સોના-રુપાને ફુલડે વધાવો, વ૦ કલ્પસૂત્રને પૂજો રે;
નવ વખાણ વિધિએ સાંભળતાં, પાપમેવાસી ધ્રુજો રે. પજુ૦ ૭.
એમ અઠ્ઠાઈ મહોત્સવ કરતાં, વ૦ બહુ જીવ જગઉદ્ધરીયા રે;
વિબુધ વિમલવર સેવક એહથી નવ નિધિઋદ્ધિ સિદ્ધિ વરીયા રે.
પજુ૦ ૮.

---

(૩૭)

## શ્રી સિમંધર સ્વામીનાં સ્તવનો

સુણો ચંદાજી સીમંધર પરમાતમ પાસે જાજો,
મુજવિનતડી પ્રેમ ધરીને એણી પેરે તુમે સંભળાવજો. (એ આંકણી.)
જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇન્દ્ર પાયક છે;
નાણ દરિસણ જેહને ખાયક છે. સુણો૦ ૧.
જેની કંચનવરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે;
પુંડરિગિણી નગરીનો રાયા છે. સુણો૦ ૨.
બાર પર્ષદામાંહી બિરાજે છે, જસ ચોત્રીસ અતિશય છાજે છે;
ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે. સુણો૦ ૩
ભવિજનને જે પડિબોહે છે, તુમ અધિક શીતલ ગુણ સોહે છે;
રૂપ દેખી ભવિજન મોહે છે. સુણો૦ ૪.

તુમ સેવા કરવા રસિયે છું, પણ ભરતમાં દૂરે વસિયે છું;
મહામોહરાય કર ફસિયે છું. સુણો૦ ૫.
પણ સાહિબચિત્તમાંધરીયે છે, તુમ આણાખડગ કરગ્રહીએ છે;
તે કાંઇક તુજથી ડરિયે છે. સુણો૦ ૬.
જિન ઉત્તમ પૂંઠ હવે પૂરે, કહે પદ્મવિજય થાઉં સૂરે;
તે વાધે મુજ મન અતિ નૂરે. સુણો૦ ૭.

---

(૩૮)

ધન્ય ધન્ય ક્ષેત્ર મહાવિદેહજી, ધન્ય પુંડરીગિણી ગામ;
ધન્ય તિહાંના માનવીજી, નિત્ય ઉઠી કરે રે પ્રણામ;
સીમંધરસ્વામી ! કહીએ રે, હું મહાવિદેહ આવીશ,
જયવંતા જિનવર ! કહીએ રે, હું તમને વાંદીશ. સી૦ ૧.
ચાંદલિયા ! સંદેશડોજી, કહેજો સીમંધરસ્વામ;
ભરતક્ષેત્રના માનવીજી, નિત્ય ઉઠી કરે રેપ્રણામ. સી૦ ૨.
સમવસરણ દેવે રચ્યું તિંહા, ચોસઠ ઈન્દ્ર નરેશ;
સોનાતણે સિહાસન બેઠા, ચામર છત્ર ધરેશ સી૦ ૩.
ઈન્દ્રાણી કાઢે ગહુંઅલજી, મોતીના ચોક પૂરેશ;
લળી લળી લીયે લુંછણાંજી જિનવર દિયે ઉપદેશ સી૦ ૪
એહવે સમે મેં સાંભળ્યુંજી, હવે કરવાં પચ્ચક્ખાણ;
પોથી ઠવણી તિહાં કનેજી, અમૃતવાણી વખાણ. સી૦ ૫.
રાયને વહાલા ઘોડલાજી, વેપારીને વહાલા છે દામ;
અમને વહાલા સીમંધરસ્વામી, જેમ સીતાને શ્રીરામ સી૦ ૬.
નહિ માંગું પ્રભુ રાજઋદ્ધિ, નહિ માંગું ગરથ ભંડાર;
હું માંગું પ્રભુ એટલુંજી, "તુમ પાસે અવતાર." સી૦ ૭.

હેવે ન દીધી પાંખડીજી, કેમ કરી આવું હજૂર ?
મુજરો મારો માનજોજી, પ્રહ ઉગમતે સૂર. સીં૦ ૮.
સમય સુંદરની વિનતિજી, માનજો વારંવાર;
એ કરજોડી વિનવુંજી, વિનતડી અવધાર. સીં૦ ૯.

(૩૯)

પુકખલવઈ વિજયે જયો રે, નયરી પુંડરીગિણિ સાર; શ્રી સીમં-
ધર સાહીબા રે, રાયશ્રેયાંસકુમાર જિણંદરાય! ધરજો ધર્મસનેહ૧
મ્હોટા ન્હાના અંતરો રે, ગિરુઆ નવિ દાખંત;
શશિ દરિસણ સાયર વધે રે, કૈરવ–વન વિકસંત. જિણંદ૦ ૨.
ઠામ કુઠામ નવિ લેખવે રે, જગ વરસંત જલધાર;
કર દોય કુસુમે વાસીયે રે, છાયા સવિ આધાર. જિણંદ૦ ૩.
રાય ને રંક સરીખા ગણે રે, ઉદ્યોતે શશિ સૂર;
ગંગાજલ તે બિહુંતણાં રે તાપ કરે સવિ દૂર. જિણંદ૦ ૪.
સરીખા સહુને તારવા રે, તિમ તુમે છો મહારાજ !
મુજશું અંતર કિમ કરો રે, બાંહ્ય ગ્રહ્યાની લાજ. જિણંદ૦ ૫
મુખ દેખી ટીલું કરે રે, તે નવિ હોય પ્રમાણ,
મુજરો માને સવિ તણો રે, સાહિબ તેહ સુજાણ. જિણંદ૦ ૬
વૃષભ લંછન માતા સત્ય કી રે, નંદન રૂકમિણિકંત;
વાચક જશ ઈમ વિનવે રે, ભય–ભંજન ભગવંત. જિણંદ૦ ૭

(૪૦)

મનડું તે માહરું મોકલે મહારા વહાલાજી રે,
શશાહર સાથે સંદેશ, જઈને૦ કહજો મહારા વહાલાંજીરે.

ભરતના ભક્તને તારવા મહા૦ એકવાર આવોને આ દેશ.
જઈ ને૦ ૧.

પ્રભુજી વસો પુષ્કલાવતી મહા૦ મહાવિદેહ ક્ષેત્ર મઝારજઇને
પૂરીરાજે પુંડરીગિણી મહા૦જિહાં પ્રભુનો અવતાર.
જઈ ને૦ ૨.

શ્રી સીમંર સાહેબા મહા૦ વિચરંતા વીતરાગ જઇને૦
પડિબોહે બહુ પ્રાણીને મહા૦ તેહનો પામે કુણ તાગ.
જઈને૦ ૩.

મન જાણે ઉડી મળું મહા૦ પણ પાસે નહી પાંખ જઇને૦
ભગવંત તુમે જોવા ભણી, મહા૦ અલજો ધરે છેબેહુ આંખ,
જઈ ને૦ ૪.

દુર્ગમ મોટા ડુંગરા મહા૦ નદી નાળાનો નહીં પાર જઇને૦
ઘાટીની આંટી ઘણી મહા૦ અટવી પંથ અપાર.
જઈને૦ ૫.

કોડી સોનૈયે કાશીદું મહા૦ કરનારો નહી કોય જઈને૦
કાગલીયો કમ મોકલું મહા૦ હોંશ તો નિત્ય નવલી હોય.
જઈ ને૦ ૬.

લખું જે જે લેખમાં મહા૦ લાખો ગમે અભિલાષ જઈ ને૦
તે લહજામાં તમે લહો મહા૦ સમય પૂરે છે સાખ
જઈ ને૦ ૭.

લોકાલોક સ્વરૂપના મહા૦ જગનાં તુમે છો જાણ. જઇને૦
જાણ આગે શું જણાવીયે મહા૦ આખર અમે અજાણ
જઇને૦ ૮.

વાચક ઉદયની વિનતિ, મહા૦ શશિ હર કહ્યા સંદેશ જઈને૦
માની લેજો માહરી મહા૦ વસતાં દૂર વિદેશ
જઈ ને૦ ૯.

---

## શ્રી નવપદજીનું સ્તવન

(૪૧)

નવપદ ધરજો ધ્યાન, ભવિ તુમે નવપદ ધરજો ધ્યાન;
એ નવપદનું ધ્યાન કરંતા, જીવ પામે વિશ્રામ. ભવિ તુમે૦ ૧.
અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ સકળ ગુણખાણ.
ભવિ તુમે૦ ૨.
દર્શન જ્ઞાનચારિત્ર એ ઉત્તમ, તપ તપો કરી બહુમાન.
ભવિ તુમે૦ ૩.
આસો ચૈત્રની શુદિ સાતમથી, પૂનમ લગી પ્રમાણ.
ભવિ તુમે૦ ૪.
એમ એકયાસી આયંબિલ કીજે. વરસ સાડાચારનું માન.
ભવિ તુમે૦ ૫.
પડિક્કમણા દોય ટંકના કીજે, દેવ પૂજો ત્રિકાળ.
ભવિ તુમે૦ ૬.
દેવવંદન ત્રણ ટંકના કીજે, દેવ પૂજો ત્રિકાળ.
ભવિ તુમે૦ ૭.
બાર આઠ છત્રીશ પચવીશનો, સત્તાવીશ સડસઠસાર,
ભવિ તુમે. ૮

એકાવન સીતેર પચાસનો, કાઉસ્સગ્ગ કરો સાવધાન.
ભવિ તુમે૦ ૯.
એક એક પદનું ગુણણું, ગણીએ હોય હજાર. ભવિ તુમે૦ ૧૦.
એણે વિધિ જે એ તપ આરાધે, તે પામે ભવપાર.
ભવિ તુમે૦ ૧૧.
કરજોડી ગુણ ગાવે મોહનગુણ મણિમાળ. ભવિ તુમે૦ ૧૨
તાસ શિષ્ય મુનિ હેમકહેછે, જન્મ મરણ દુઃખ ટાળ.
ભવિ તુમે૦ ૧૩.

---

## જિન સ્તવન

(૪૨)

સકલ સમતા સુરલતાનો, તુહીં અનોપમ કંદ રે;
તુંહી કૃપારસ કનકકુંભો, તુંહી જિણંદ મુણિંદરે. પ્રભુ. ૧.
તુંહી તુંહી તુંહી તુંહી તુંહી ધરતાં ધ્યાન રે;
તુજ સ્વરૂપી જે થયા તેણે, લહ્યું તાહરૂં તાન રે. પ્રભુ. ૨.
તુંહી અલગો ભવ થકી પણ, ભવિક તાહરે નામ રે;
પાર ભવનો તેહ પામે, એહિ અચરીજ ઠામ રે. પ્રભુ. ૩.
જન્મ પાવન આજ મારો, નીરખીઓ તુજ નૂર રે;
ભવોભવ અનુમોદના જે, હુઓ આપ હજૂર રે. પ્રભુ ૪.
એહ માહરો અખય આતમ, અસંખ્યાત પ્રદેશ રે;
તાહરા ગુણ છે અનંતા, કિમકરૂં તાસ નિવેશ રે. પ્રભુ૦ ૫.
એક એક પ્રદેશ તાહરે, ગુણ અનંતનો વાસ રે;
એમ કહી તુજ સહજ મીલત, હોય જ્ઞાનપ્રકાશ રે; પ્રભુ ૬.

ધ્યાન ધ્યાતા ધ્યેય, એકીભાવ હોયે એમ રે;
એમ કરતાં સેવ્ય સેવક ભાવ હોયે ક્ષેમ રે. પ્રભુ. ૭.
એક સેવા તાહરી જો, હોય અચલ સ્વભાવ રે;
જ્ઞાનવિમલસૂરીંદ પ્રભુતા, હોય સુજસ જમાવ રે. પ્રભુ. ૮.

---

(૪૩)

જિણંદા પ્યારા મુણિંદા પ્યારા, દેખો રે જિણંદા
ભગવાન-દેખો રે જિણંદા પ્યારા. (એ ટેક.)
સુંદર રૂપ સ્વરૂપ વિરાજે, સ્વરૂપ વિરાજે;
જગનાયક ભગવાન રે૦ ૧
દરસ સરસ નીરખ્યો જિનજીકો, નીરખ્યો જિનજીકો
દાયક ચતુર સુજાણ. રે૦ ૨
શોક સંતાપ મિટયો અબ મેરો, મિટયો અબ મેરો;
પાયો અવિચલ ભાણ. દેખો રે૦ ૩
સફળ ભઈ મેરી આજુંકી ઘડીયાં, આજુંકી ઘડીયાં;
સફળ ભયે નેનું પ્રાણ. દેખો રે૦ ૪
દરિસણ દેખે મિટયો દુઃખ મેરો. મિટયો દુઃખ મેરો;
આનંદઘન અવતાર. દેખો રે૦ ૫

# થોયો

## શ્રી ઋષભદેવની સ્તુતિ

પ્રહ ઉઠી વંદું ઋષભદેવ ગુણવંત, પ્રભુ બેઠા સોહે સમવસરણ ભગવંત, ત્રણ છત્ર વિરાજે, ચામર ઢાળે ઈંદ્ર, જિનના ગુણ ગાવે સુર નર નારીના વૃંદ. ૧

બાર પર્ષદા બેસે, ઈન્દ્ર ઈન્દ્રાણી રાય, નવ કમળ રચે સુર, તિહાં ઠવતાં પ્રભુ પાય; દેવદુંદુભિ વાજે, કુસુમવૃષ્ટિ બહુ હુંત, એવા જિન ચોવીશે, પૂજો એકણુ ચિત્ત. ૨

જિન જોજન ભૂમિ, વાણીનો વિસ્તાર, પ્રભુ અર્થ પ્રકાશે, રચના ગણધર સાર; સો આગમ સુણતાં, છેદી જે ગતિ ચાર, જિન વચન વખાણી, લીજે ભવનો પાર. ૩

જક્ષ ગોમુખ ગિરુઓ, જિનની ભક્તિ કરેવ; તિહાં દેવી ચક્કેસરી, વિઘન કોડી હરેવ; શ્રી તપગચ્છનાયક, વિજયસેન-સૂરિરાય, તસ કેરો શ્રાવક, ઋષભદાસ ગુણ ગાય. ૪

## શ્રી શાંતિનાથજીની સ્તુતિ.

શાંતિ સુહંકર સાહિબો, સંયમ અવધારે, સુમિત્રને ઘેર પારણું, ભવપાર ઉતારે; વિચરંતા અવનીતલે, તપ ઉગ્ર વિહારે, જ્ઞાન ધ્યાન એકતાનથી, તિર્યંચને તારે. ૧

પાસ વીર વાસુપૂજ્યજી, નેમ મલ્લિકુમારી, રાજ્યવિહુણા એ થયા, આપે વ્રતધારી; શાંતિનાથ પ્રમુખા સવિ, લહિ રાજ્ય નિવારી, મલ્લિ નેમ પરણ્યા નહિ બીજા ઘરબારી. ૨

કનકકમળ પગલાં ઠવે જગશાંતિ કરીજે, રયણ સિંહાસન બેસીને, ભલી દેશના દીજે; યોગાવંચક પ્રાણિયા, ફળ લેતાં રીઝે. પુષ્કરાવર્તના મેઘમાં, મગસેલ ન ભીંજે. ૩

ક્રોડ વદન શુકરારૂઢો, શ્યામ રૂપે ચાર, હાથ બીજોરૂં કમળ છે, દક્ષિણ કર સાર; જક્ષ ગરુડ વામ-પાણિએ, નકુલાક્ષ વખાણે, નિર્વાણીની વાત તો, કવિ વીર તે જાણે. ૪.

---

## શ્રી નેમનાથજીની સ્તુતિ.

શ્રાવણ સુદિ દિન પંચમીએ, જન્મ્યા નેમિ જિણંદ તો, શ્યામવરણ તનુ શોભતું એ, મુખ શારદકો ચંદ તો; સહસ વરસ પ્રભુ આઉખું એ, બ્રહ્મચારી ભગવંત તો, અષ્ટ કરમ હેલે હણીએ, પહોતા મુક્ત મહંત તો. ૧.

અષ્ટાપદ પર આદિજિન એ, પહોતા મુક્તિ મોઝાર તો, વાસુપૂજ્ય ચંપાપુરીએ, નેમ મુક્તિ ગિરનાર તો; પાવાપુરી નગરીમાં વલી એ, શ્રી વીરતણું નિર્વાણ તો, સમેત શિખરવીસ સિદ્ધ હુઆ એશિર વહું તેહની આણ તો.

નેમનાથ જ્ઞાની હુવા એ, ભાખે સાર વચન તો, જીવદયા ગુણવેલડી એ, કીજે તાસ જતન્ન તો; મૃષા ન બોલો માનવી એ, ચોરી ચિત્ત નિવાર તો, અનંત તીર્થંકર એમ કહે એ, પરહરીએ પરનાર તો. ૩.

ગોમેધ નામે યક્ષ ભલો એ, દેવી શ્રી અંબિકા નામ તો, શાસન સાંનિધ્ય જે કરે એ, કરે વળી ધર્મનાં કામ તો; તપગચ્છ નાયક ગુણનિલો એ, શ્રી વિજયસેન સૂરિરાય તો, ઋષભદાસ પાય સેવતાં એ, સફલ કરો અવતાર તો. ૪

---

## શ્રી પાર્શ્વનાથ જીની સ્તુતિ.

શંખેશ્વર પાસજી પૂજીએ, નરભવનો લાહો લીજીએ;
મનવાંછિતપૂરણ સુરતરુ, જય વામા સુત અલવેસરુ. ૧
દોય રાતા જિનવર અતિ ભલા, દોય ધોળા જિનવર ગુણનીલા;
દોય નીલા દોય શામળા કહ્યા, સોલે જિન કંચન વર્ણ લહ્યા. ૨
આગમ તે જિનવર ભાખીયો, ગણધર તે હૈડે રાખીયો;
તેહનો રસ જેણે ચાખીયો, તે હુવો શિવસુખ સાખીયો. ૩
ધરણેન્દ્રરાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વ તણા ગુણ ગાવતી;
સહુ સંઘનાં સંકટ ચૂરતી, નયવિમલનાં વાંછિત પૂરતી. ૪

---

## શ્રી મહાવીરસ્વામીની સ્તુતિ.

જય જય ભવિ હિતકર વીર જિનેશ્વર દેવ, સુર નરના નાયક જેહની સારે સેવ; કરૂણારસકંદો વંદો આનંદ આણી, ત્રિશલા સુત સુંદર ગુણમણિ કેરો ખાણી. ૧.

જસ પંચ કલ્યાણક દિવસ વિશેષ સુહાવે, પણ થાવર નારક તેહને પણ સુખ થાવે; તે ચ્યવન જન્મ વ્રત નાણ અને નિરવાણ, સવિ જિનવર કેરાં એ પાંચે અહિઠાણ. ૨.

જિહાં પંચ સમિતિ યુત પંચ મહાવ્રત સાર, જેહમાં પરકાશ્યા વળી પાંચે વ્યવહાર; પરમેષ્ઠિ અરિહંત નાથ સર્વજ્ઞ ને પારગ, એ પંચ પદે લહ્યો, આગમ અર્થ ઉદાર. ૩.

માતંગ સિદ્ધાઈ દેવી જિનપદ સેવી, દુઃખ દુરિત ઉપદ્રવ જે ટાળે નિતમેવી; શાસન સુખદાયી આઈ સુણો અરદાસ, શ્રી જ્ઞાનવિમળ ગુણ પૂરો વાંછિત આસ. ૪

---

## શ્રી સિદ્ધ ચક્રજીની સ્તુતિ.

જિનશાસનવંછિત-પૂરણ દેવ રસાળ, ભાવે ભવી ભણીએ; સિદ્ધચક્ર ગુણમાળ; ત્રિહું કાલે એહની પૂજા કરે ઉજમાળ, તે અજર અમરપદ સુખ પામે સુવિશાળ. ૧

અરહિંત સિદ્ધ વંદો આચારજ ઉવજ્ઝાય, મુનિ દરિસણ નાણ ચરણ તપ એ સમુદાય; એ નવ પદ સમુદિત સિદ્ધચક્ર સુખદાય, એ ધ્યાને ભવિનાં ભવકોટી દુઃખ જાય. ૨

આસો ચૈતરમાં શુદ સાતમથી સાર, પૂનમ લગી કીજે નવ આંબિલ નિરધાર; દોય સહસ ગણણું પદ સમ સાડા-ચાર એકાશી આંબિલ તપ આગમ અનુસાર. ૩

શ્રી સિદ્ધચક્રનો સેવક શ્રી વિમલેસર દેવ, શ્રીપાળતણી પરે સુખ પૂરે સ્વયમેવ; દુઃખ દોહગ નાવે જે કરે એહની સેવ, શ્રી સુમતિ સુગુરુનો રામ કહે નિત્યમેવ. ૪

## શ્રી પર્યુષણા પર્વની સ્તુતિ.

પુણ્યનું પોષણ પાપનું શોષણ પર્વ પજુસણ પામીજી,
કલ્પ ઘરે પધરાવો સ્વામી, નારી કહે શિશ નામીજી;
કુંવર ગયવર ખંધ ચઢાવી, ઢોલ નિશાન વજડાવોજી,
સદ્દગુરુ સંગે ચઢતે રંગે, વીરચરિત્ર સુણાવોજી. ૧
પ્રથમ વખાણે ધર્મસારથિપદ, બીજે સુપના ચારજી,
ત્રીજે સુપનપાઠક વળી ચોથે, વીરજન્મ અધિકારજી;
પાંચમે દીક્ષા છઠે શિવપદ, સાતમે જિન ત્રેવીશજી,
આઠમે થિરાવલી સંભાળાવી; પિયુડા પૂરો જગીશજી. ૨

વરસી પડિક્કમણું મુનિ વંદન, સંઘ સકળ ખામીજેજી,
આઠ દિવસ લગે અમર પળાવી, દાન સુપાત્રે દીજેજી,
ભદ્રબાહુ ગુરુ વયણ સુણીને, જ્ઞાન સુધારસ પીજેજી. ૩
છટ્ઠ અટ્ઠમ અઠ્ઠાઇ વર કીજે, જિનવરચૈત્ય નમીજેજી;
તીરથમાં વિમલાચલ ગિરિમાં, મેરુ મહીધર જેમજી,
મુનિવરમાંહી જિનવર મોટા પર્વ પજ્જુસણ તેમજી;
અવસર પામી સાહમ્મિવચ્છલ બહુ પકવાન્ન વડાઇજી,
ખિમાવિજય જિન દેવી સિદ્ધાઈ, દિનદિન અધિક વધાઈજી. ૪

## શ્રી સીમંધર જિન સ્તુતિ.

શ્રી સીમંધર જિનવર, સુખકર સાહિબ દેવ,
અરિહંત સકલની ભાવ ધરી કરું સેવ; સકલાગમ પારગ,
ગણધરભાષિત વાણી, જયવંતી આણા જ્ઞાનવિમલ ગુણખાણી. ૧

## શ્રી સીમંધર સ્વામીની સ્તુતિ

મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધરસ્વામી, સોનાનું સિંહાસનજી,
રૂપાનું ત્યાં છત્ર બિરાજે, રત્ન-મણિના દીવા દીપેજી,
કુંકુમ વરણી ત્યાં ગહુંલી બિરાજે, મોતીના અક્ષત સારજી,
ત્યાં બેઠાં શ્રી સીમંધર સ્વામી, બોલે મધુરી વાણીજી;
કેસર ચંદન ભર્યા કચોળાં, કસ્તુરી બરાસેજી,
પહેલી રે પૂજા અમારી હોજો, ઉગમતે પ્રભાતેજી. ૧

# ભાવના ગીતો (૧)

સખી નમીએ તે નેમ જિનરાજ, ગઢ ગિરનારે રે;
રાણી રાજુલ જુએ વાટ, સાતે વારે રે. ૧
સખી આદિત્યે અરિહંત, અમઘેર આવો રે
મારા શ્યામ સલૂણાં નેમ, દિલમાં ભાવો રે. ૨
સખી સોમ તે શુભ શણગાર. સજીયે અંગે રે;
મારા જગજીવન જિનરાજ, રમીયે રંગે રે. ૩
સખી મંગલ શુભ દિન આજ, મંગલ ચારો રે;
મારો નવ ભવ કેરો સ્નેહ, સ્વામી સંભારો રે. ૪
સખી બુધે તે ઘરે આવો નાથ, બુદ્ધિના દરિયા રે;
તમે એક હજાર ને આઠ, લક્ષણે ભરિયા રે ૫
સખી ગુરુએ ગીરુઆ ગુણવંત, શિવાદેવીના રે;
તમે સમુદ્રવિજય કુલચંદ નેમ નગીના રે. ૬
સખી શુક્રે તે સહસાવન તે ચાલી સજની રે;
મ્હારે પ્રગટ થયો પ્રભાત, વીતી રજની રે. ૭
સખી શનિયે તે સંયમ લીધ પ્રીત વધારી રે;
બેઉ પહોંચ્યા મુક્તિ મોઝાર, નર ને નારી રે. ૮
કહે મૂલચંદ મનરંગ, આશા ફળશે રે;
જે ઉજ્જવલ પાળે શીલ, ભવોદધિ તરશે રે. ૯

---

યાત્રા નવાણું કરીયે રે ચાલો શત્રુંજે જઇયે (ટેક)
શત્રુંજે જઇયે ને પાવન થઇયે, ડુંગર ચઢતાંને હરખ જ ધરતાં,
જઇએ ગભારામાં રહીયે રે; ચાલો૦ ૧

સુરજકુંડમાં દેહ પખાલી, નાહીને નિર્મલ થઈયે રે, ચાલો૦
ભીમ જ કુંડમાં કલશજ ભરિયે સોનાનીસોરિયે વધાવોરે,ચાલો૦ ૨
પાના મંગાવોને આંગી રચાવો, ઘણો અબીલ ચડાવો રે, ચાલો૦
ફૂલ મંગાવો ને હારગુંથાવો, પ્રભુજીને કંઠેચડાવો રે, ચાલો૦ ૩
સુખડ ચંદન ઘસાવો, નવે અંગે પૂજા કરાવો રે, ચાલો૦
અગર ઉખેવો ને ભાવના ભાવો, નીચું શીશ નમાવો રે ચાલો૦ ૪
બેઠા સિંહાસન હુકમ ચલાવે, ઉપર છત્ર ધરાવે રે, ચાલો૦
ખિમાવિજય મુનિ ગુરુ સુપસાયે ઋષભ તણા ગુણગાવોરે ચાલો૦ ૫

---

## શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન.

જનારું જાય છે જીવન, જરા જિનવરને જપતો જા;
હૃદયમાં રાખી જિનવરને પુરાણાં પાપ ધોતો જા. જનારૂં૦ ૧
બનેલા પાપથી ભારે, વળી પાપો કરે શીદને;
સળગતી હોળી હૈયાની, અરે જાલિમ બુઝાતો જા. જનારૂં૦ ૨
દયાસાગર પ્રભુ પારસ, ઉછાળે જ્ઞાનની છોળો;
ઉતારી વાસના વસ્ત્રો, અરે પામર તું નહાતો જા. જનારૂં૦ ૩
જિગરમાં ડંખતા દુઃખો, થયા પાપે પિછાણીને;
જિણંદવર ધ્યાનની મસ્તી, વડે એને ઉડાતો જા. જનારૂં૦ ૪
અરે આતમ ! બની શાણો, બતાવી શાણપણુ તારૂં;
હઠાવી જુઠી જગ માયા, ચેતન જ્યોતિ જગાતો જા જનારૂં૦ ૫
ખીલ્યા જે ફુલડાં આજે, જરૂર તે કાલ કરમાશે;
અખંડ આતમ કમલ લબ્ધિ, તણી લય દિલ લગાતો જા.
જનારૂં૦ ૬.

---

અહો કેવું ભાગ્ય જાગ્યું, વીરના ચરણો મળ્યાં;
રોગ શોક દરિદ્ર સઘળાં જેહથી દૂરે ટળ્યાં. અહો૦ ૧
ફેરો ફર્યો છે દુર્ગતિનો, શુભગતિ તરફેણમાં;
અલ્પકાળે મોક્ષ પામી, વિચરશું આનંદમાં. અહો૦ ૨
જેમના તપનો ન મહિમા કરી શકે શક્રેશ ભી,
તેમને હું સ્તવું શું બાલક, શક્તિનો જ્યાં લેશ નહિ. અહો૦ ૩
કામધેનું કામકુંભ; ચિંતામણિ પ્રભુ તું મળ્યો;
આજ મારે આંગણે, શ્રીવીર કલ્પતરુ ફળ્યો. અહો૦ ૪
લબ્ધિના ભંડાર વ્હાલા વીર વીર જપતાં થયાં;
ગૌતમ શ્રી મોક્ષધામી, એ પ્રભુની ખરી દયા, અહો૦ ૫

---

આ તો લાખેણી આંગી કહેવાય, શોભે જિનવરજી, શુદ્ધ કેશર કસ્તુરી મહેકાય શોભે જિનવરજી, પુષ્પ પાંખો પ્રસરેલી તે સુંદર સોહાય, શોભે જિનવરજી. આ તો૦ ૧

ભાવ અંતરના દર્શનથી નિર્મલ રહે, મૂર્તિ દેખીને અંતરપટ ભક્તિ વહે; જાણે જ્યોતિમાં જ્યોત મિલાય, શોભે જિનવરજી. આ તો૦ ૨

જ્ઞાન ઉપજે છે ભક્તિની ઓથે રહી, જ્યોતિ પ્રગટે છે આત્માની શક્તિ ગ્રહી; ચંદુ વિનંતિ ધ્યાને લેવાય શોભે જિનવરજી. આ તો૦ ૩

---

બેર બેર નહિ આવે, અવસર બેર બેર નહિ આવે. જ્યું જાણે ત્યું કર લે ભલાઈ, જનમ જનમ સુખ પાવે અવ૦ ૧ તન ધન જોબન સબહી જુઠો, પ્રાણ પલકમેં જાવે. અવ૦ ૨ તન છુટે ધન કૌન કામકો, કાહેકું કૃપણ

કહાવે. અવ૦ ૩ જાકે દિલમેં સાચ બસત હે, તાકું જુઠ ન ભાવે. અવ૦ ૪ આનંદઘન પ્રભુ ચલત પંથમેં, સમર ગુણ ગાવે. અવ૦ ૫

---

ક્યું કર ભક્તિ કરું પ્રભુ તેરી, ક્રોધ લોભ મદ માન વિષયરસ,
છાંડત ગેલ ન મેરી. ક્યું ૦ ૧
કર્મ નચાવત તિમહી નાચત, માયાવશ નટ ચેરી. ક્યું૦ ૨
દૃષ્ટિરાગ દઢ બંધન બાંધ્યો, નિકસન ન લહી સેરી. ક્યું૦ ૩
કરત પ્રશંસાસબ મિલ અપની, પરનિંદા અધિકેરી. ક્યું૦ ૪
કહતમાન જિનભાવભક્તિ બિનું, શિવગતિ હોતન નેરી. ક્યું૦ ૫

---

ભલું થયું ને અમે જિનગુણ ગાયા,
રસનાનો રસ પીધો રે. ભલું ૦ ૧
રાવણરાયે નાટક કીધું,
અષ્ટાપદગિરિ ઉપર રે. ભલું૦ ૨
થેઈ થેઈ નાચ કરે મારા વહાલા,
તીર્થંકર પદ બાંધ્યું રે. ભલું૦ ૩
થાળ ભરી ભરી મોતીડે વધાવો,
પ્રભુજીને ફુલડે વધાવો રે. ભલું૦ ૪
દેવચંદ્ર કહે મારા મનનાં,
સકળ મનોરથ સિદ્ધયાં રે. ભલું૦ ૫
એ પૂજા જે ભણે ભણાવે,
તસ ઘર મંગળ હોજો રે. ભલું૦ ૬

---

આજ મારા દેરાસરમાં મોતીડે મેહ વરસ્યા રે,
મુખડું દેખી પ્રભુ તમારું, હૈડા સૌના હરખ્યાંરે. આજ૦ ૧

ઝગમગ ઝગમગ જ્યોતિ ઝળકે, વરસે અમીરસ ધારા રે;
રૂપ અનુરૂપ નીરખી વિકસે, અંતરભાવ અમારા રે, આજ૦ ૨
વીર પ્રભુની માયામાંથી ભક્તિ કેરા રંગ જમાયા;
ચરણુ કમળનીસેવા પામી, ભકતે પ્રભુ ગુણુ ગાયા રે આજ૦ ૩
ભવ અનંતનો બંધ જ તુટયો, ભમણુા ભાંગી ગઈ;
વિજય વર્યોશિવપુરને પંથે, મતલબ પૂરી થઇ રે. આજ૦ ૪

---

આજનો લ્હવો લીજીએ રે, કાલ કોણે દીઠી છે.
અવસર આ વહી જાય છે. રે. કાલ૦
ચેતવું હોય તો ચેતજો રે. કાલ૦
દેવ ગુરુ ધર્મ પીછાણજો રે. કાલ૦
નવી નવી આંગીઓ રચાવજો રે. કાલ૦
રૂડી રૂડી ભાવના ભાવજો રે. કાલ.૦
તમે સંઘ પતિ થઇને આવજો રે. કાલ.૦
અમને વહેલું કહાવજો રે. કાલ.૦
હાથે તે સાથે આવશે રે. કાલ.૦
‘ વિજય ’ સદા શિવ લાવશે. કાલ.૦

---

વાગે છે રે વાગે છે દેરાસર વાજાં વાગે છે,
જેનો શબ્દ ગગનમાં ગાજે છે, દેરાસર૦
ઝીણીઝીણી ઘુઘરીઓ ઘમકે છે,
ઈન્દ્રાણીના પાઉલ ઠમકે છે. દેરાસર૦
પ્રભુ સમવસરણમાં બિરાજે છે, જેને ચોત્રીસ અતિશયછાજેછે,
ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે. દેરાસર૦

પ્રભુ જન્મ અતિશય ચાર છે, ઘાતિકર્મ ગયે અગિયાર છે,
વળી દેવ કર્યા ઓગીણુશ રે. દેરાસર૦

---

આનંદ મંગલ ગાવો, જૈનધર્મનો લેવો લ્હાવો;
મારા ભાઈઓ અવસરઆવો નહિ આવશે.
ફરીથી મળશે નાણું, પણ નહિ મળે આ ટાણું;
લ્હાવો લેવો એ આપણું તો કામ છે,
હાં હાં રે, એ આપણું૦
જૈન ભાઈઓ આજે, સૌ ભવજલ તરવા કાજે;
ભક્તિ કરવી એ આપણું તો કામ છે. હાં હાં રે૦

---

આજ દેવ દેવીઓ રંગે રમે, રંગે રમે આનંદે રમે, આજ૦
પ્રભુને દેખી મોટા ભૂપ નમે. આજ દેવ૦
પ્રભુજીને પાયે સોનીડો આવે,
મુગટ ચડાવી પ્રભુ પાય નમે. આજ દેવ૦
પ્રભુને પાયે માલીડો રે આવે,
હાર ચઢાવી પ્રભુ પાય નમે. આજ૦ દેવ૦

---

## જિન-વધાઇ.

(રાગ – સોહીની, તાલ ત્રિતાલ)

દીનાનાથની બધાઈ બાજે છે. મારા પ્રભુની બધાઈ બાજે છે.
શરણાઇ સુર નોબત બાજે, ઓર ઘનનન ગાજે છે. મારા૦ ૧
ઇન્દ્રાણી મિલ મંગલ ગાવે, મોતિયોના ચોક પૂરાવે છે.મારા૦૨
સેવક પ્રભુજીસે અરજ કરત હે; ચરણોની સેવા પ્યારી લાગે
છે. મારા૦ ૩

---

(રાગ–માલવ, તાલ લાવણી)

આજ તો વધાઈ રાજા નાભિકે દરબાર રે; મરૂદેવાએ બેટો જાયો; ઋષભ–કુમાર રે. આજ૦ ૧ અયોધ્યામેં ઉત્સવવ હોવે, મુખ બોલે જયકાર રે; ઘનનન ઘનનન ઘંટા વાજે, દેવ કરે થેઇકાર રે –આજ૦ ૨ ઇન્દ્રાણી મલી મંગલ ગાવે, લાવે મોતી માલા રે, ચંદન ચરચી પાયે લાગે; પ્રભુ જીવો ચિરકાલ રે. આજ૦ ૩ નાભિરાજા દાનજ દેવે, વરસે અખંડ ધાર રે, ગામ નગરપુર પાટણ દેવે, દેવે મણી–ભંડાર રે આજ૦ ૪ હાથી દેવે, સાથી દેવે દેવ રથ તુખાર રે; હીર ચીર પીતામ્બર દેવે, દેવે સવિ શણગાર રે આજ૦ ૫ તીન લોકમેં દિનકર પ્રગટયો, ઘરઘર મંગળમાળ રે, કેવલ કમલા રૂપ નિરંજન, આદીશ્વર દયાળ રે. આજ૦ ૬

ધૂન (૧)

સોહં સોહં ૐ અર્હમ્

(૨)

જય મહાવીર, જય મહાવીર;
જય બોલો જય જય મહાવીર.

(૩)

અરિહંત ભજો, અરિહંત ભજો; અરિહંત થવા અરિહંત ભજો.

**નવપદજીનાં નામો અને વર્ણ**

૧ શ્રી અરિહંત–ઉજ્વળ
૨ શ્રી સિદ્ધ–લાલ
૩ શ્રી આચાર્ય–પીળો
૪ શ્રી ઉપાધ્યાય–નીલ
૫ શ્રી શાધુ–શ્યામ
૬ શ્રી દર્શન–ઉજ્જવળ
૭ શ્રી જ્ઞાન–ઉજ્જવળ
૮ શ્રી ચારિત્ર–ઉજ્જવળ
૯ શ્રી તપ–ઉજ્જવળ

# જિન-જન્મ-મહોત્સવ

પંડિતશ્રી શુભવીર કૃત સ્નાત્રમાં જિન-જન્મના મહોત્સવને એવી અદ્‌ભુત રીતે કાવ્યમાં ગુંથવામાં આવ્યો છે કે, સ્નાત્ર-મહોત્સવમાં ભાગ લેનાર ભક્ત એમાં એવો તો તદાકાર થઇ જાય છે કે-જેમ ઘંટ વગાડ્યા બાદ પણ એનો પડઘો ગુંજતો રહે, તેમ આ સ્નાત્ર-મહોત્સવ પૂર્ણ થઇ જાય, તોય

—કુસુમાંજલિ મેલો ચોવીસ જિણંદા...
—સવિ જીવ કરૂં શાસન રસી...
—ઉતરતાં ચૌદ સુપન દેખે...
—જિન જન્મ્યાજી જિન વેળા...
—સુર સાંભળીને સંચરિયાં...
—આતમ ભક્તિ મળ્યા કઇ કેદેવા...
—જિન-જન્મ-મહોત્સવ ગાયા...

આવી આવી અનેક ભક્તિપ્રેરક પંક્તિઓ મનમા ગુંજ્યા આવી આવી અનેક ભાલોકપ્રિય આ રચના હોવાથીગુંજ્યા જા ક્રરતીાવો એનેક પામીને 'સ્નાત્ર-મહોત્સહોવાથીગુંજ્યાધા આવી એનેકા આ પુસ્તિકામાં મહોત્સવેગુંજ્યા જા ક્રરતીાવો પયોગી થ પડશે, એમાં...સંહોવાથીગુંજ્યા જ ...

ટાઇટલ : હરસિદ્ધ પ્રિ. પ્રેસ—પાલીતાણા